Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

LOWEST MORTGAGE RATE
Looking For New Home ?
We Can Manage All
Your Mortgage Needs
Get 2nd Opinion on Your
Investments/ Review Your Portfolio.
15 Yrs of Experience.
Call Today to Book an Appointment.
Mukund Sheth
Financial Advisor
Ph.: 416-839-9645

FRIDAY, 13 FEBRUARY, 2026 Vol. 24, No. 06 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### બ્રિટિશ કોલંબિયાની ટંબલર રિજ સેકન્ડરી સ્કૂલમાં અંધાધૂંધ ગોળબાર, હુમલાનું રહસ્ય અકબંધ

# કેનેડાની સ્કૂલમાં ગોળીબારથી 9નાં મોત, હુમલાખોર ઠાર

### ઘટનામાં 25 લોકો ઘાયલ, 2ની સ્થિતિ અતિ ગંભીર, બનાવ બાદ બે જ મિનિટમાં પોલીસ સ્થળ પર પહોંચી

**વેનકૂવર**

મંગળવારે કેનેડાના બ્રિટિશ કોલંબિયાના ટમ્બલર રિજમાં ગોળીબારમાં એક શંકાસ્પદ ગોળીબાર કરનાર સહિત દસ લોકો માર્યા ગયા હતા. હાઈસ્કૂલની અંદર 6 લોકો મૃત હાલતમાં મળી આવ્યા હતા અને બે અન્ય લોકો એક ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. પોલીસનું માનવું છે કે તે આ ઘટના સાથે જોડાયેલ છે. હોસ્પિટલ લઈ જતા રસ્તામાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. ગોળીબાર કરનારનું પણ મૃત્યુ થયું હતું. વધુમાં, સૂત્રોએ અહેવાલ આપ્યો હતો કે સ્થાનિક મેડિકલ સેન્ટરમાં 25 વધુ લોકોની ઈજાઓ માટે તપાસ કરવામાં આવી રહી છે.

ગોળીબારની ઘટના લગભગ 2,400 લોકોની વસ્તી ધરાવતા નાના શહેર ટમ્બલર રિજમાં બની હતી. પોલીસે રહેવાસીઓને ઘરની અંદર રહેવા અને સુરક્ષિત રહેવા વિનંતી કરી છે. આસપાસના વિસ્તારોમાંથી વધારાના પોલીસ દળો મોકલવામાં આવ્યા છે. ટંબલર રિજ શહેર વેનકૂવરથી ૧૦૦૦ કિલોમીટર ઉત્તરમાં અલ્બર્ટાની સરહદ પાસે આવેલુ છે. પ્રાંતીય સરકારની વેબસાઈટ અનુસાર ટંબલર રિજ સેકન્ડરી સ્કૂલમાં ધો.૭થી ધો. ૧૨ સુધીનાં ૧૭૫ વિદ્યાર્થીઓ ભણે છે. બ્રિટિશ કોલંબિયાનાં પ્રધાન ડેવિડ એબેએ પત્રકારોને જણાવ્યું હતું કે ઘટનાની બે મિનિટમાં જ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં. આરોપીએ આ હુમલો કેમ કર્યો તે પણ હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસ તપાસ કરી રહી છે કે હુમલાખોર અને પીડિતો વચ્ચે શું સંબધ હતો. ટંબલર રિજના મેયર ડેરીલ ક્રાકોવકાએ જણાવ્યું હતું કે આ ઘટનાને કારણે સમગ્ર સમુદાય દુઃખી છે.

### શંકાસ્પદ વ્યક્તિની ઓળખ 18 વર્ષીય જેસી વાન રૂટસેલર તરીકે થઈ

આરસીએમપીના ડેપ્યુટી કમિશનર ડ્વેન મેકડોનાલ્ડે સ્થાનિક હાઈસ્કૂલની અંદર મૃત હાલતમાં મળી આવેલા શંકાસ્પદ વ્યક્તિની ઓળખ 18 વર્ષીય જેસી વાન રૂટસેલર તરીકે કરી હતી. મેકડોનાલ્ડે જણાવ્યું હતું કે ફેલર્સ એવન્યુ પરના એક ઘરમાં બે લોકો માર્યા ગયા હતા. તેમાંથી એકની ઓળખ વેન રૂટસેલરની માતા, જેનિફર સ્ટ્રેંગ 39 વર્ષીય, લોન, એન.એલ. તરીકે થઈ હતી.



# USAમાં મંદીના ભણકારા : રોજગાર વૃદ્ધિ 13 વર્ષના તળીયે, ટ્રમ્પના હાથના કર્યા હૈયે વાગ્યા

### હાલના સંજોગોમાં 75 લાખથી પણ વધુ અમેરિકનો બેકાર હોવાનું મનાય છે

**વોશિંગ્ટન**

કહેવત છે કે હાથના કર્યા હૈયે વાગ્યા, અત્યારે અમેરિકાના કિસ્સામાં તે એકદમ સાચી પડી રહી છે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પના હાથે થયેલા કર્મો હવે અમેરિકન પ્રજાને ફક્ત હૈયે જ નહીં લમણે પણ વાગી રહ્યા છે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે સત્તા પર આવતાની સાથે અપનાવેલી આર્થિક નીતિઓના કારણે અમેરિકન અર્થતંત્રમાં તેમના શાસનના એક વર્ષની અંદર જ મંદીના ભણકારા વાગવા લાગ્યા છે. રોજગાર વૃદ્ધિ દર 2020ના કોવિડના સમયગાળાને બાદ કરતાં 13 વર્ષના તળિયે 3.3 ટકાએ પહોંચી ગયો છે.

તેની સામે બેરોજગારી દર 4.4 ટકાના ઊંચા સ્તરે પહોંચી ગયો છે. અમેરિકાએ ૨૦૨૫ના આખા વર્ષમાં માંડ 5.84 લાખ જોબ જ પૂરી પાડી હતી, જે દાયકામાં સરેરાશ વાર્ષિક જોબ વૃદ્ધિદર લગભગ 20 લાખના જોબ્સથી ઘણો નીચો આંકડો કહી શકાય. હજી બે વર્ષ પહેલા સુધી દર વર્ષે લગભગ 20 લાખ લોકોનું હાયરિંગ કરવામાં આવતું હતું. તેમાં પણ 2022 માં તો 40 લાખથી પણ વધુ લોકોને હાયર કરવામાં આવ્યા હતા. આ દર્શાવે છે કે ટ્રમ્પનું અમેરિકા હવે રોજગાર સર્જનમાં નહીં બેરોજગાર સર્જનમાં પણ ફર્સ્ટ રહેવાનું છે.

આ બતાવે છે કે ગયા વર્ષે જોબ ગ્રોથ તેની ઐતિહાસિક સરેરાશના માંડ 30 ટકા જ હતો. આ આંકડા લેબર માર્કેટમાં હાયરિંગના મોરચે મોટાપાયા પર ઘટાડાનો સંકેત આપે છે. હાલના



સંજોગોમાં 75 લાખથી પણ વધુ અમેરિકનો બેકાર હોવાનું મનાય છે. અમેરિકન અર્થતંત્ર હજી સુધી સત્તાવાર રીતે મંદીમાં પ્રવેશ્યું નથી, પરંતુ વર્તમાન સ્થિતિ જોતાં તેના ભણકારા ચોક્કસ વાગવા લાગ્યા છે. આ બતાવે છે કે ટ્રમ્પના બેફામ વલણે અને તેની આર્થિક નીતિઓએ અમેરિકાનો કેવો સોથ વાળ્યો છે. આજે અમેરિકાની 70 ટકા વસ્તી મોંઘવારીના ખપ્પરમાં હોમાઈ ગઈ છે.

# H1B વીઝા બંધ કરવાની તૈયારીમાં અમેરિકા, સંસદમાં રજૂ કર્યું બિલ

**વોશિંગ્ટન**

અમેરિકાનના એક સાંસદે H1B વીઝા કાર્યક્રમને ખતમ કરવા માટે એક બિલ રજૂ કર્યું છે. તેમનો દાવો છે કે કંપનીઓએ વારંવાર આ સિસ્ટમનો દુરુપયોગ કર્યો છે અને યુએસમાં સસ્તા વિદેશી મજૂરોની આયાત કરી છે. ફ્લોરિડાના રિપબ્લિકન પ્રતિનિધિ ગ્રેગ સ્ટ્યૂબે EXILE એક્ટ રજૂ કર્યો હતો, જે H1B વિઝા કાર્યક્રમને નાબૂદ કરવા માટે ઈમિગ્રેશન અને નાગરિકતા કાયદામાં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂકે છે. ગ્રેગ સ્ટ્યૂબે એક નિવેદનમાં કહ્યું હતું કે, અમેરિકન નાગરિકોની સુખાકારી અને સમૃદ્ધિ કરતાં વિદેશી કામદારોને પ્રાથમિકતા આપવી આપણા મૂલ્યો અને રાષ્ટ્રીય હિતોને નબળી પાડે છે. અમેરિકી સાંસદે કહ્યું હતું કે, "આપણા કામદારો અને યુવાનો H1B વીઝા દ્વારા વધુને વધુ વિસ્થાપિત અને હાંસિયામાં ધકેલાઈ રહ્યા છે, જે આપણા કાર્યબળના ભોગે કંપનીઓ અને વિદેશી સ્પર્ધકોને ફાયદો પહોંચાડે છે. જ્યારે આપણે આપણા બાળકોના સપનાઓને બિન-નાગરિકોને સોંપી રહ્યા છીએ ત્યારે આપણે તેમને ટકાવી શકતા નથી." એટલા માટે હું મહેનતુ અમેરિકનોને ફરીથી પ્રાથમિકતા આપવા માટે 'EXILE Act' રજૂ કરી રહ્યો છું. એ નોંધનીય છે કે ભારતીય વ્યાવસાયિકોનો મોટો વર્ગ યુનાઈટેડ સ્ટેટ્સમાં રહેવા અને કામ કરવા માટે H1B વિઝાનો ઉપયોગ કરે છે. H1B વિઝાને દૂર કરવો એ ભારતીય વ્યાવસાયિકો માટે એક મોટો ફટકો હશે.

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean Canada/USA India Europe Africa Dubai Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ટોરોન્ટોના બજેટને મંજૂરી, મિલકત વેરામાં 2.2 ટકાનો વધારો

## યુવા હિંસા નિવારણના કાર્યક્રમો માટે $6.2 મિલિયનની જોગવાઈ : બ્લફર્સ પાર્ક, રમતના મેદાન માટે આયોજન

**ટોરોન્ટો**

મેયર ઓલિવિયા ચાઉનું પ્રસ્તાવિત 2026નું બજેટ મંગળવારે સિટી કાઉન્સિલમાં કેટલાક ફેરફારો સાથે સર્વાનુમતે પસાર થયું હતુ. બજેટમાં મિલકત વેરામાં 2.2 ટકાનો સામાન્ય વધારો સામેલ છે. ચાઉના કાર્યકાળ દરમિયાન આ સૌથી ઓછો કરવધારો છે. 2026નું કુલ સંચાલન બજેટ $18.9 બિલિયન છે, જેમાં 31 ટકા મિલકત વેરા દ્વારા આવરી લેવામાં આવશે અને 24 ટકા ફેડરલ અને પ્રાંતીય ભંડોળનો સમાવેશ થશે. બાકીનો ભાગ નાના પગલાંથી બનેલો છે, જેમાં રેટ પ્રોગ્રામ્સ (12 ટકા), ટ્રાન્ઝિટ ભાડા (છ ટકા) અને અનામત (નવ ટકા)નો સમાવેશ થાય છે.

### મેયર ચાઉએ મત ખરીદવા પ્રયાસ કર્યો : કાઉન્સિલર બ્રેડ બ્રેડફોર્ડ સહિતના લોકોનો આક્ષેપ

કાઉન્સિલર બ્રેડ બ્રેડફોર્ડ સહિત કેટલાક લોકોએ મ્યુનિસિપલ ચૂંટણી વર્ષમાં નીચા વધારાનો સમય પ્રશ્ન ઉઠાવ્યો હતો. બ્રેડફોર્ડે બુધવારે પત્રકારોને જણાવ્યું હતુ કે, ચાઉએ એવું કહ્યું નથી કે, તે ફરીથી ચૂંટણી લડશે કે નહીં. આ ચૂંટણી પહેલાનું બજેટ છે. મેયર ચાઉ ટોરોન્ટોના લોકોના મત ખરીદવાનો પ્રયાસ કરી રહ્યા છે. બ્રેડફોર્ડે અગાઉ આ વર્ષે મેયર માટે ચૂંટણી લડવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો છે

8 જાન્યુઆરીએ શહેરના સ્ટાફ દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવના આધારે ચાઉએ 1 ફેબ્રુઆરીએ પોતાનો બજેટ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. મંગળવારની ચર્ચા પહેલાં ચાઉએ જણાવ્યું હતું કે, બજેટનો હેતુ ટોરોન્ટોને "વધુ સસ્તું, સંભાળ રાખનાર અને સુરક્ષિત" બનાવવાનો છે, જેમાં ટીટીસી અને શાળા ભોજન કાર્યક્રમો માટે ભાડા સ્થિર કરવા તેમજ કટોકટી સેવાઓ માટે ભંડોળમાં વધારો કરવાનું વિચારાધીન છે. મીટિંગમાં બજેટમાં લગભગ $2 મિલિયન હજુ ફાળવવાના બાકી હતા.

મંગળવારે કાઉન્સિલર શેલી કેરોલ દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવમાં અગાઉ ફાળવવામાં ન આવેલા ભંડોળને બજેટમાં 8 અલગ અલગ પહેલ વચ્ચે વિભાજિત કરાયું હતુ.

મંગળવારની મીટિંગમાં યુવા હિંસા નિવારણના કાર્યક્રમો માટે $ 6.2 મિલિયન પણ મૂકવામાં આવ્યા હતા. જેમાંથી કેટલાક જોખમમાં છે, એવી અપેક્ષા સાથે કે પૈસા પછીની તારીખે ફેડરલ સરકાર તરફથી આવશે. કાઉન્સિલર એમ્બર મોર્લીએ કહ્યું કે, હિંસા નિવારણ કાર્યક્રમો મહત્વપૂર્ણ કાર્ય કરે છે અને તેમને ભંડોળ પૂરું પાડવું જોઈએ, પરંતુ શહેરને સરકારના અન્ય સ્તરોમાંથી તે કરવા માટે મદદની જરૂર છે. બજેટમાં પસાર થયેલા અન્ય સુધારામાં સ્કારબરોમાં બ્લફર્સ પાર્ક રમતના મેદાન માટે એડવાન્સ્ડ ફંડિંગ, સાઉથવેસ્ટ સ્કારબરોમાં એક કોમ્યુનિટી સેન્ટર પ્રોજેક્ટ, તેમજ ડેનફોર્થની બાજુમાં એક કોમ્યુનિટી સેન્ટરનો જીર્ણોદ્ધાર જેવા કાર્યો સામેલ છે. બજેટમાં નાના વ્યવસાયો માટે મિલકત કરમાં 20 ટકા ઘટાડા સાથે સહાયનો પણ સમાવેશ થાય છે, જે ગયા વર્ષે 15 ટકા હતો. સમિતિની બેઠકોમાં જાહેર જનતાના પ્રતિસાદથી મેયરને આવાસ અને સામાજિક સહાય સેવાઓ માટે અડધા મિલિયન ડોલરનો સમાવેશ કરવા માટે પણ પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# જાહેર હિતમાં ફેડરલ સરકાર કેનેડા પોસ્ટને 1.01 બિલિયન ડોલર લોન પેટે આપશે

### કેનેડા પોસ્ટે પડકારોનો સામનો કરવા માટે સૂચિત યોજના સરકાર સમક્ષ રજૂ કરી

**ટોરોન્ટો**

સંઘીય સરકાર હવે દેશમાં મુશ્કેલીમાં મુકાયેલા ક્રાઉન કોર્પોરેશનને સધ્ધર રહેવા અને તેની સેવાઓ ચાલુ રાખવા માટે ચૂકવણીપાત્ર લોનના રૂપમાં કેનેડા પોસ્ટને $1 બિલિયનથી વધુ રકમ ઉપલબ્ધ કરાવી રહી છે. $1.01 બિલિયન જરૂરિયાત મુજબ પૂરા પાડવામાં આવશે અને તેને ટૂંકા ગાળાના નાણાકીય સેતુ તરીકે વર્ણવવામાં આવશે.

નવી રકમ જાન્યુઆરી 2025માં ઓટ્ટાવા દ્વારા જાહેર કરાયેલા $1.03 બિલિયન ઉપરાંત છે. જ્યારે કેનેડા પોસ્ટના કાયદાકીય આદેશ માટે તેને નાણાકીય રીતે સ્વ-નિર્ભર રહેવાની જરૂર છે, ત્યારે કોર્પોરેશને તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર નુકસાન વેઠવું પડ્યું છે. જે સ્પષ્ટ કરે છે કે, યથાસ્થિતિ જાળવી રાખવી એ કોઈ વિકલ્પ નથી અને લાંબા ગાળાની સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટે સ્પષ્ટ યોજનાની જરૂર છે. પબ્લિક સર્વિસીસ એન્ડ પ્રોક્યોરમેન્ટ કેનેડાએ ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સહાયની જાહેરાત કરવામાં આવી છે.

નવેમ્બરમાં ક્રાઉન કોર્પોરેશને જણાવ્યું હતું કે, તેને ટૂંક સમયમાં બીજી બેલઆઉટની જરૂર પડશે. કારણ કે, જાન્યુઆરી 2025ની રકમ જે માર્ચમાં નાણાકીય વર્ષના અંત સુધી તેને આગળ ધપાવવાની અપેક્ષા હતી, તે 2025ના અંત સુધીમાં ઉપયોગમાં લેવાશે. તે સમયે કેનેડા પોસ્ટે કહ્યું હતું કે, તેને આગામી 12 મહિના માટે ટૂંકા ગાળાના ધિરાણની એક્સેસની જરૂર છે.



ફેડરલ સરકારે કહ્યું હતું કે, નવીનતમ કામચલાઉ સહાય એ સુનિશ્ચિત કરવા માટે છે કે જ્યારે સંસ્થા લાંબા ગાળે તેને વ્યવહારુ બનાવવા માટે સુધારા શરૂ કરે છે.

કેનેડા પોસ્ટે શનિવારે એક ઈમેઈલ નિવેદનમાં જણાવ્યું હતું કે, તે નોંધપાત્ર નાણાકીય પડકારોનો સામનો કરવાનું ચાલુ રાખે છે અને તેણે ફેડરલ સરકારને તેની પ્રસ્તાવિત પરિવર્તન યોજના સબમિટ કરી છે.

# નેતન્યાહૂ ફરી કેનેડિયન હવાઈ ક્ષેત્રમાંથી પસાર થયા હોવાનો દાવો

### મીડિયાએ પરવાનગી અંગેનો પ્રશ્ન ઉઠાવ્યો પણ જવાબ મળ્યો નહીં

**ઓન્ટેરિયો**

ઓનલાઈન ફ્લાઈટ ટ્રેકર્સે દાવો કર્યો છે કે, ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ મંગળવારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળવા માટે કેનેડિયન હવાઈ ક્ષેત્રમાંથી સેંકડો કિલોમીટર ઉડાન ભરીને ગયા હતા. જો કે, વડાપ્રધાન માર્ક કાર્નેએ અગાઉ કહ્યું હતું કે તેઓ આંતરરાષ્ટ્રીય ગુનાહિત અદાલત (ICC) દ્વારા જારી કરાયેલ ધરપકડ વોરંટનું પાલન કરશે. નેતન્યાહૂ ગાઝામાં યુદ્ધ ગુનાઓ અને માનવતા વિરુદ્ધના ગુનાઓ માટે ICC દ્વારા વોન્ટેડ છે.

29 ડિસેમ્બરના રોજ નેતન્યાહૂનું બોઈંગ 767 કે જે વિંગ ઓફ ઝિઓન તરીકે ઓળખાય છે, તેણે ફ્લોરિડામાં ઉતરાણ કરતી વખતે ન્યુફાઉન્ડલેન્ડ અને નોવા સ્કોસિયાને ઓવરફ્લો કર્યું હતુ. જ્યાં નેતન્યાહૂ ટ્રમ્પને તેમના માર-એ-લાગો નિવાસસ્થાને મળ્યા હતા. મંગળવારે નેતન્યાહૂની ફ્લાઈટે મેઈનમાં યુ.એસ. એરસ્પેસમાં પ્રવેશતા પહેલા ન્યુફાઉન્ડલેન્ડ, પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડ અને ન્યુ બ્રુન્સવિકને પસાર કર્યા હતા. કેનેડિયન પ્રોટોકોલ મુજબ વિદેશી સરકારી ફ્લાઈટ્સે કેનેડિયન એરસ્પેસમાં પ્રવેશતા પહેલા પરવાનગી લેવી જરૂરી છે. આથી મીડિયાએ અફેર્સને પૂછ્યું છે કે, શું ઇઝરાયલ સરકારે નવીનતમ ફ્લાઈટ માટે પરવાનગી માંગી હતી, પરંતુ તેમને જવાબ મળ્યો ન હતો. ટ્રમ્પના બીજી વખત પ્રમુખ બન્યા પછી નેતન્યાહૂ સાત વખત યુ.એસ. ગયા છે. તે સમય દરમિયાન તેમના ઉડાનના દાખલા એવી રીતે બદલાયા છે જે સૂચવે છે કે તેઓ ધરપકડના જોખમ વિશે તેઓ ઓછા ચિંતિત છે. 25 સપ્ટેમ્બર, 2025ના રોજ જ્યારે ઇઝરાયલી વડાપ્રધાન અમેરિકા ગયા, ત્યારે વિંગ ઓફ ઝિઓન ભૂમધ્ય સમુદ્ર પાર કરીને ઘણો બધો ચકરાવો લીધો હતો.

# ઓન્ટેરિયોમાં ઠંડીમાં ઘટાડો છતાં શિયાળો ચાલુ રહેવાની આગાહી

### આગામી દિવસોમાં સીંગલ ડિજિટમાં તાપમાન સંભવ, બરફ પડવાનો વર્તારો

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો ભારે ઠંડીથી મુક્ત થયું છે, પરંતુ શિયાળો 'લાંબા સમય સુધી ચાલુ રહેવાની પણ સંભાવના છે. અઠવાડિયાની ભારે ઠંડી પછી ઓછામાં ઓછું નીચા તાપમાનની દ્રષ્ટિએ ઓન્ટેરિયો આખરે ઓલ્ડ મેન વિન્ટરની પકડમાંથી બહાર નીકળી રહ્યું હોઈ શકે છે. મુખ્ય હવામાનશાસ્ત્રી એન્થોની ફાર્નેલ કહે છે કે, સાઈબિરીયા અને ઉત્તર ધ્રુવથી આવેલી ઠંડી હવા આખરે દૂર થઈ ગઈ છે, જે તેની સાથે સારી પરિસ્થિતિઓની તક લાવે છે. પ્રાંતમાં સિંગલ ડિજિટમાં "હળવું તાપમાન" થવાની શક્યતા વધુ છે. જ્યારે પૂછવામાં આવ્યું કે "હળવા"નો અર્થ શું છે, ત્યારે ફાર્નેલે ચેતવણી આપી કે, તેનો અર્થ 10 સે. જેવું તાપમાન નથી, પરંતુ તે સામાન્યથી ઉપર રહેશે.

શનિવાર અને રવિવારે પવનની ઠંડીને કારણે તાપમાન -20 ડિગ્રી અને -30 ડિગ્રી સેલ્સિયસમાં આવી ગયા પછી સોમવારે ઓન્ટેરિયોમાં પ્રથમ વખત બરફ પીગળ્યો હતો. ટોરોન્ટોમાં શનિવારે ઠંડી -33 ડિગ્રી સેલ્સિયસ અને ઓટ્ટાવામાં -34 ડિગ્રી સેલ્સિયસની નજીક તાપમાન રહેવા સાથે પવન ફૂંકાયો હતો.

આગામી મહિનામાં ફેરફારનો એક ભાગ જેટ સ્ટ્રીમમાં ફેરફારને કારણે છે. ફાર્નેલે નોંધ્યું કે પશ્ચિમ કિનારા પર એક મોટી પટ્ટીને કારણે વાનકુવર અને કેલગરી જેવા સ્થળોએ વસંત જેવું તાપમાન ડબલ-અંકના ઊંચાઈ સાથે જોવા મળ્યું છે.

એટલા માટે ફાર્નેલ કહે છે કે, શિયાળો હજુ પૂરો થયો નથી, તેમણે નોંધ્યું કે ઓન્ટારીયોના લોકોએ હજુ પણ આગામી સપ્તાહના અંતમાં બરફ પડવાની અપેક્ષા રાખવી જોઈએ અને આ મહિનાના અંતમાં ઘણો બરફ પડવાની અપેક્ષા છે.

# ગ્લોબલ વોર્મિંગની અસર : કેનેડાના વોટરશેડમાં બરફ ઓગળવા માંડતા જળ સંકટની ઘંટડી

### પશ્ચિમ કેનેડા અને યુ.એસ.માં રેકોર્ડબ્રેક 'સ્નો ડ્રાઉટ': ખેતી, પીવાના પાણી અને પર્યટન ઉદ્યોગ પર જોખમ

**ઓન્ટેરિયો**

પશ્ચિમ કેનેડા અને અમેરિકામાં આ વર્ષે શિયાળામાં બરફના જથ્થામાં થયેલો નોંધપાત્ર ઘટાડો થયો છે. તે ભવિષ્યના ભયાનક જળ સંકટ તરફ ઈશારો છે. તાજેતરના કેનેડિયન અભ્યાસ મુજબ વધતા તાપમાનને કારણે પહાડોમાં જમા થતા બરફના સ્તરમાં ચિંતાજનક ઘટાડો થયો છે, જે લાખો લોકોના પાણી પુરવઠા અને કુદરતી ઇકોસિસ્ટમને અસર કરી શકે છે. નાસાના ટેરા સેટેલાઈટ દ્વારા ૨૦૦૧થી કરવામાં આવતા મોનિટરિંગમાં જાણવા મળ્યું છે કે, પશ્ચિમ યુ.એસ. અને કેનેડામાં બરફનું આવરણ અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયું છે. કોનકોર્ડિયા યુનિવર્સિટીના સંશોધકોના મતે ૨૦૦૦થી ૨૦૧૯ દરમિયાન પશ્ચિમ કેનેડાના મુખ્ય ભાગોમાં બરફના સંગ્રહમાં સતત ઘટાડો નોંધાયો છે. બરફના પહાડો માનવ-નિર્મિત વોટર ટાવર્સ જેવું કામ કરે છે. તે શિયાળામાં પાણીનો સંગ્રહ કરે છે અને ઉનાળામાં જ્યારે ખેતી અને વપરાશ માટે પાણીની સૌથી વધુ જરૂર હોય છે, ત્યારે ધીમે ધીમે પાણી છોડે છે. બરફ ઓછો હોવાથી ઉનાળામાં નદીઓમાં પાણી ઘટશે, જેની સીધી અસર ખેતી પર પડશે. ભેજના અભાવે જંગલોમાં આગ (Wildfires લાગવાની ઘટનાઓ વધી શકે છે. તળાવો અને નદીઓના જળસ્તર



ઘટવાથી જળમાર્ગ દ્વારા થતા પરિવહનને અસર થશે. ઓછા બરફને કારણે બ્રિટિશ કોલંબિયા (B.C.)ના જાણીતા સ્કી રિસોર્ટ્સને તેમની કામગીરી સ્થગિત કરવાની ફરજ પડી છે. વાનકુવરમાં ૪૩ વર્ષમાં પ્રથમ વખત બરફ વિનાનો શિયાળો જોવા મળ્યો છે. વેઈલ રિસોર્ટ્સ જેવા મોટા સ્કી સેન્ટરોએ પણ સિઝનની નબળી શરૂઆતની કબૂલાત કરી છે. નિષ્ણાતોના મતે ચિંતાની વાત એ છે કે, વરસાદના પ્રમાણમાં બહુ ઘટાડો થયો નથી, પરંતુ ગરમ હવામાનને કારણે તે બરફના બદલે સીધો વરસાદ થઈ રહ્યો છે. તેથી પહાડોમાં પાણીનો સંગ્રહ થઈ શકતો નથી અને પાણી વહી જાય છે, જે ઉનાળામાં 'સૂકા દુષ્કાળ' જેવી સ્થિતિ સર્જી શકે છે.

# જાન્યુઆરીમાં 25,000 નોકરીઓ ગઈ છતાં બેરોજગારીનો દર ઘટ્યો

## ખૂબ ઓછા લોકોએ સક્રિય રીતે કામ શોધ્યું, ટેરિફને કારણે ઉત્પાદન ઘટતાં રોજગારને અસર

**ટોરોન્ટો**

જાન્યુઆરીમાં કેનેડિયન રોજગાર લેન્ડસ્કેપ મિશ્ર રહ્યો હતો. અર્થતંત્રમાં લોકોએ 25,000 નોકરીઓ ગુમાવી હોવાનું જણાયું હતુ. પરંતુ બેરોજગારીનો દર ઘટીને 6.5% થયો હોવાનું સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ શુક્રવારે જણાવ્યું હતું. ડેટા એજન્સી અનુસાર બેરોજગારીનો દર સપ્ટેમ્બર 2024 પછીનો સૌથી નીચો રહ્યો હતો. જેનું કારણ ખૂબ ઓછા લોકો સક્રિય રીતે કામ શોધી રહ્યા હતા તે મનાય છે.

BMOના મુખ્ય અર્થશાસ્ત્રી ડગ્લાસ પોર્ટરે જણાવ્યું કે, શ્રમદળ ભાગીદારી દર ઘટીને 65 ટકા થયો હતો. પરંતુ જાન્યુઆરીમાં એવા લોકોની સંખ્યામાં પણ વર્ષ-દર-વર્ષ વધારો થયો જે ન તો નોકરી કરતા હતા કે ન તો કામ શોધી રહ્યા હતા. ઓછા મેન્યુફેક્ચરિંગને કારણે લોકોએ નોકરીઓ ગુમાવવી પડી હતી, જે છેલ્લા 10 મહિનામાં યુ.એસ. ટેરિફથી પ્રભાવિત ક્ષેત્રને વધુ એક ફટકો પડ્યો હતો. શૈક્ષણિક સેવાઓ અને જાહેર વહીવટમાં પણ રોજગારમાં



ઘટાડો જોવા મળ્યો હતો.

બાદમાં બે પરિબળોને જોતાં સંતુલન અથવા કુદરતી, બેરોજગારી દર કદાચ ઓછો થઈ રહ્યો છે, તેથી નોકરીઓ અને કામના કલાકોમાં અંતર્ગત ઠંડક સામાન્ય રીતે સૂચવે છે કે બેંકે નીતિને સરળ બનાવવા માટે પક્ષપાતી રહેવું જોઈએ. જાન્યુઆરીમાં નોકરી ગુમાવવાનું મુખ્ય કારણ પાર્ટ-ટાઈમ રોજગારમાં ઘટાડો હતો, જે 1.8 ટકા ઘટ્યો હતો.

આ આંશિક રીતે પૂર્ણ-સમયના કામમાં થોડો વધારો હતો, જેના કારણે સંતુલિત થયું. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓની સંખ્યામાં 52,000નો ઘટાડો થયો હતો, જે 2025ના છેલ્લા ત્રણ મહિના દરમિયાન થયેલા વધારાને આંશિક રીતે સરભર કરે છે. જાહેર ક્ષેત્રના કર્મચારીઓની સંખ્યામાં બહુ ઓછો ફેરફાર જોવા મળ્યો હતો. દરમિયાન આલ્બર્ટામાં 20,000 નોકરીઓ, સાસ્કાચેવાનમાં 6,100 નોકરીઓ અને ન્યુફાઉન્ડલેન્ડ અને લેબ્રાડોરમાં 3,800 નોકરીઓ મળી હતી. ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં સરેરાશ કલાકદીઠ વેતન 3.3 ટકા (અથવા $1.18, કુલ $37.17 પ્રતિ કલાક) વધ્યું હતુ. એકંદરે, હાલનો રોજગાર અહેવાલ ખૂબ જ મિશ્ર રહ્યો હતો.

# ડ્રગ્સ અને ગુનાહિત નેટવર્કને રોકવા સહયોગ માટે ભારત તથા કેનેડા સંમત

## ભારત-કેનેડાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો વચ્ચે ઓટાવામાં બેઠક

**ઓટ્ટાવા**

ભારત અને કેનેડા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા રાજદ્વારી તણાવ બાદ હવે સંબંધોમાં સુધારો થઈ રહ્યાના સંકેત છે. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA)અજિત ડોભાલ અને કેનેડાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર નતાલી ડ્રોઈન વચ્ચે 7મી ફેબ્રુઆરીને શનિવારે ઓટાવામાં એક હાઈ-પ્રોફાઈલ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બંને દેશો રાષ્ટ્રીય સુરક્ષા, ડ્રગ્સની હેરફેર અને આંતરરાષ્ટ્રીય ગુનાહિત નેટવર્કને રોકવા માટે પરસ્પર સહયોગ વધારવા સંમત થયા છે.

ભારતના વિદેશ મંત્રાલયના જણાવ્યાનુસાર બંને દેશોએ કાયદાના અમલીકરણ અને રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ પર સાથે મળીને કામ કરવા માટે એક સામાન્ય યોજના બનાવી છે. જેમાં આંતરરાષ્ટ્રીય અપરાધો અને ગુનાઈત નેટવર્કની માહિતી શેર કરવા માટે બંને દેશો ખાસ અધિકારીઓની નિમણૂક કરશે. ગેરકાયદે નશીલા પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે બંને દેશોની એજન્સીઓ વચ્ચે સીધો સંપર્ક સ્થાપિત કરવામાં આવશે. સાયબર સુરક્ષાના પડકારો અને ઈમિગ્રેશન ફ્રોડ જેવા મુદ્દાઓ ઉપર પણ ચર્ચા ચાલુ રાખવા માટે સહમતી બની હતી. 2023માં ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં ભારે ખટાશ આવી હતી.










તંત્રી સ્થાનેથી

# વેપાર ડીલ : કૃષિ બજાર પર માઠી અસરના ભયથી ખેડૂતો ફફડ્યા



તંત્રી - સ્વદેશ

ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરારનાં રહસ્ય પરથી આખરે પડદો ઊઠી ગયો છે. સંયુક્ત નિવેદન દ્વારા આ કરારની વિગતો જાહેર કરાઈ છે. પરંતુ ભારત સરકારના આ પગલાંથી કિસાન સંગઠનો નારાજ છે. જેનું કારણ કરારમાં ભારત દ્વારા અનેક ખાદ્ય અને કૃષિ ઉત્પાદનો ઉપર ટેરિફ દૂર કરવાના અહેવાલો છે. ખેડૂત સંગઠનોના સંગઠન સંયુક્ત કિસાન મોરચાએ આ સોદાને ભારત સરકારની સંપૂર્ણ શરણાગતિ ગણાવી છે.

બીજી તરફ કોંગ્રેસ પાર્ટીએ અપેક્ષા મુજબ સરકાર પર પ્રહારો તો કર્યા છે. સાથે જ આ વેપાર સોદા દ્વારા સરકારે લોકો સાથે વિશ્વાસઘાત કર્યાનો ગંભીર આક્ષેપ પણ કર્યો છે. મંત્રી પીયુષ ગોયલે વેપાર સોદા વિશે કેટલીક વિગતો પ્રેસ કોન્ફરન્સ કરીને જાહેર કરાયાના થોડા જ કલાકોમાં કોંગ્રેસના પ્રવક્તા પવન ખેરાએ કહ્યું કે, આ વેપાર સોદાને કારણે ભારત અમેરિકા માટે ડમ્પિંગ ગ્રાઉન્ડ બની ગયું છે. કારણ કે સોદા પ્રમાણે તે તેના કૃષિ ઉત્પાદનો ભારતમાં શૂન્ય ટકા ટેરિફે ઠાલવશે. વળી, આ ઉત્પાદનોની કોઈ ચકાસણી થશે નહીં. કોંગ્રેસના આ આક્ષેપોમાં તથ્ય જણાતા દેશભરમાં તેના પડઘા પડવા માંડતાં જ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે બચાવ કરતા કહ્યું કે પ્રધાન મંત્રીના નેતૃત્વમાં ભારત-અમેરિકા વેપાર કરારમાં ખેડૂતોનાં હિતોનું રક્ષણ કરવામાં આવ્યું છે.

હકીકતમાં અમેરિકા-ભારત વેપાર કરારની શરતો અંગે કૃષિ નિષ્ણાત દેવેન્દ્ર શર્માના મતે ભારતીય બજારમાં પહેલી વાર અમેરિકન કૃષિ ઉત્પાદનોને સ્થાન મળશે, જે તેમને અત્યાર સુધી મળ્યું ન હતું. જ્યારે જગજીવનરામ કૃષિ મંત્રી હતા, ત્યારે અમેરિકાની કૃષિ લોબી તરફથી ભારતનું બજાર ખોલવા માટે દબાણ હતું. એ વાત સાચી છે કે, ભારતે અત્યાર સુધી ખેડૂતોનાં હિતોનું રક્ષણ કર્યું છે, પરંતુ એ વાત સમજી શકાય તેવી નથી કે અમેરિકાના કૃષિ મંત્રીએ શા માટે કહ્યું કે આ કરારથી વિશ્વનું સૌથી મોટું બજાર ખુલ્યું છે અને તેનાથી અમેરિકન ગ્રામીણ અર્થતંત્રમાં રોકડ વધશે.

વચગાળાના કરારના માળખા મુજબ ભારત આગામી પાંચ વર્ષમાં ૫૦૦ અબજ ડોલરની આયાત કરશે. આનું કારણ એ છે કે અમેરિકા ભારત સાથે વેપાર ખાધનો સામનો કરી રહ્યું છે. આમાં ભારતનો શું વાંક છે? દેવેન્દ્ર શર્મા કપાસનું ઉદાહરણ આપીને સમજાવે છે કે, ભારતીય અને અમેરિકન ખેડૂતો વચ્ચે સ્પર્ધામાં કોઈ સમાન ક્ષેત્ર નથી. અમેરિકામાં આઠ હજાર કપાસ ઉત્પાદક ખેડૂતો છે, જ્યારે ભારતમાં ૯૮ લાખ કપાસ ઉત્પાદક ખેડૂતો છે. અમેરિકામાં કપાસનાં ખેતરોનું સરેરાશ કદ ૬૦૦ હેક્ટર છે. ભારતમાં તે એકથી ત્રણ એકર છે. ગયા વર્ષે ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં ભારતે અમેરિકાથી કપાસની આયાત પરની ડ્યુટી ૧૧ ટકાથી ઘટાડીને શૂન્ય કરી હતી. આ ત્રણ મહિનામાં ૩૦ લાખ ગાંસડી કપાસની આયાત કરવામાં આવી હતી, જે જરૂરિયાત કરતાં ઘણી વધારે છે. વધુ પુરવઠાને કારણે ભારતીય કપાસ ઉત્પાદક ખેડૂતોને ૧,૦૦૦થી ૧,૫૦૦ રૂપિયા ઓછા ભાવ મળ્યા હતા. આ ફક્ત ત્રણ મહિનાની વાત છે. આગળ શું થશે તે અનુમાન લગાવવું મુશ્કેલ નથી. ભારત અને અમેરિકા વચ્ચે કૃષિ વેપાર ૮ અબજ ડોલરનો છે, જેમાં ભારત ચોખા, ઝીંગા અને મસાલાની નિકાસ કરે છે અને અમેરિકા બદામ, સફરજન અને કઠોળ મોકલે છે. અમેરિકાના એગ્રીકલ્ચર સેક્રેટરી બ્રુક રોલિન્સ કહે છે કે, ભારત સાથે અમેરિકાની એગ્રીકલ્ચર ટ્રેડ ડેફિસિટ ૧.૩ અબજ ડોલર છે અને ડીલથી ડેફિસિટ ઓછી થવાની અપેક્ષા છે.

અમેરિકા પહેલાંથી જ માંગણી કરી રહ્યું છે કે ભારત મકાઈ, સોયાબીન અને કપાસની મુખ્ય કૃષિ નિકાસ માટે પ્રવેશ ખોલે, જેથી ભારત સાથે તેની ૪૫ અબજ ડોલરની વેપાર ખાધ ઓછી થાય. દેવેન્દ્ર શર્મા આ સોદા સામે વાંધો ઉઠાવતા કહે છે કે, આ કેવી રીતે પારસ્પરિક ટેરિફ છે, એક તરફ તે શૂન્ય ટકા છે અને બીજી તરફ તે ૧૮ ટકા છે. સંયુક્ત કિસાન મોરચાએ શનિવારે એક વિસ્તૃત નિવેદન બહાર પાડ્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે, વચગાળાના વેપાર સોદાનાં માળખાંની મુખ્ય શરતો પોતે જ પીયૂષ ગોયલના દાવાઓનું ખંડન કરે છે. ડેરી ઉત્પાદનો પહેલાંથી જ બ્રિટન, ન્યુઝીલેન્ડ અને યુરોપિયન યુનિયન સાથે હસ્તાક્ષર કરાયેલા મુક્ત વેપાર કરારોનો ભાગ છે અને જાહેર થયેલી નવીનતમ માહિતીએ નિર્વિવાદપણે સાબિત કર્યું છે કે, વાણિજ્ય પ્રધાન જાણી જોઈને ખોટું બોલી રહ્યા છે. SKMએ વડા પ્રધાનને ભારત-અમેરિકા મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર ન કરવાની માંગણી કરી છે અને જો તેઓ આમ નહીં કરે તો દેશવ્યાપી વિરોધ પ્રદર્શનોની ચેતવણી આપી છે. ફોરમે ૧૨ ફેબ્રુઆરીએ ટ્રેડ યુનિયનો દ્વારા બોલાવવામાં આવેલી સામાન્ય હડતાળમાં જોડાવાનું આહ્વાન કર્યું છે.

કિસાન સંગઠનોની દલીલ છે કે, ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરારમાં મકાઈને સૂકા નિસ્યંદિત અનાજ (DDG) તરીકે અને જુવાર સાથે પશુ આહાર તરીકે વેચવામાં આવશે, જેનાથી અમેરિકન કંપનીઓને પશુ આહાર બજાર પર એકાધિકાર મળશે. અમેરિકા પહેલાંથી જ ભારતમાં મકાઈ, સોયાબીન અને કપાસ મોકલી રહ્યું છે. અમેરિકન ઘઉં ૧૮.૫૦ રૂપિયા પ્રતિ કિલોના દરે નિકાસ થઈ રહ્યા છે, જો તેને ભારતીય બજારો માટે ખુલ્લું મૂકવામાં આવે તો ભારતીય ખેડૂતો બરબાદ થઈ જશે.

જીએમ ખોરાક અને જીએમ બીજની મફત આયાતને મંજૂરી આપવાથી કુદરતી ફળદ્રુપતાનો નાશ થશે અને અનાજ, કઠોળ અને તેલીબિયાંને પણ નુકસાન થશે. સોયાબીન તેલની આયાતનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ઈથેનોલની પણ મુક્તપણે આયાત થઈ શકશે. અમેરિકા દ્વારા ૧૮ ટકા ટેરિફ લાદવામાં આવે છે અને ભારત દ્વારા શૂન્ય ટેરિફ લાદવામાં આવે છે તે મુક્ત વેપાર નથી. ભારત પરના ટેરિફ ૨૦૨૩-૨૪માં શૂન્યથી ૩ ટકા અને પછી ૧૮ ટકા કરવામાં આવ્યા છે, જ્યારે અમેરિકાનાં કૃષિ ઉત્પાદનો પરના ભારતના ટેરિફ, જે ૩૦ ટકાથી ૧૫૦ ટકા સુધીના હતા, તે હવે શૂન્ય થઈ ચૂક્યા છે.

પરિણામ એવું પણ આવી શકે કે, ભારતીય કૃષિ બજાર અમેરિકાની બહુરાષ્ટ્રીય કંપનીઓની જાળમાં ફસાઈ જશે. અલબત્ત, મોદીએ ગત ૧૫ ઓગસ્ટે સ્પષ્ટપણે કહ્યું હતું કે આપણા ખેડૂતોના હિત સાથે કોઈ સમાધાન નહીં થાય. પરંતુ હવે ફરી તે જ ચિંતા દેશની ખાદ્ય-સુરક્ષા વિશે પણ છે. ૧૯૬૦ના દાયકામાં અમેરિકાનું ભારત પર જબરદસ્ત વર્ચસ્વ હતુ. તેનું કારણ ભારત અમેરિકાથી થતી અનાજની આયાત પર નિર્ભર હતુ. જો કે, આજે અનાજ ઉત્પાદનમાં ભારત આત્મનિર્ભર છે. તેથી વેપાર કરારમાં યુએસને જરાય પણ છુટછાટ મળશે તો મોટી આફત કમસેકમ ખેડૂતો માટે સર્જાઈ શકે તેમ છે. વેપાર સોદાની ભારતના કૃષિ બજાર પર શું અસર પડે છે તેના પર ખેડૂત સંગઠનોએ મીટ માંડી છે. જો જરાય માઠી અસર વર્તાશે તો ભારતમાં ફરીવાર મોટું કિસાન આંદોલન નિશ્ચિત છે. જે મોદી સરકાર માટે માથાનો દુખાવો બની શકે છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# નડિયાદ સહિત આસપાસના 10 ગામોમાં 'નકશા' પ્રોજેક્ટ હેઠળ ડ્રોન દ્વારા સર્વે થશે

## 27 રાજ્યોમાં પસંદ કરાયેલા 157 શહેરો પૈકી ગુજરાતના 5 શહેરોમાં નડિયાદને સ્થાન મળ્યું

**નડિયાદ**

નડિયાદ શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં જમીન અને મિલકતના હક્કોને સુનિશ્ચિત કરવા માટે ભારત સરકારના 'નકશા' પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવનાર છે. જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ અંતર્ગત મેન પાવર, ટીમ ફોર્મેશન અને વિભાગીય સંકલન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

નડિયાદ મહાનગરપાલિકા હેઠળના અંદાજે ૭૯.૯૭ વર્ગ કિલોમીટર વિસ્તારને આ પ્રોજેક્ટમાં આવરી લેવાયો છે. જેમાં નડિયાદ શહેર ઉપરાંત ઉત્તરસંડા, ડુમરાલ, બિલોદરા, ડભાણ, ટુંડેલ, પીપલગ, મંજીપુરા, ફતેપુરા અને કમળા જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા નિયુક્ત એજન્સી દ્વારા આ વિસ્તારોમાં ડ્રોન ઉડાડીને હાઈ-રિઝોલ્યુશન ઈમેજ તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ સિટી સર્વે ઓફિસ અને મહાનગરપાલિકાની સંયુક્ત ટીમ દ્વારા ગ્રાઉન્ડ ટ્રુથિંગની કામગીરી હાથ ધરાશે, જેમાં સ્થળ પર જઈને મિલકતની માપણી અને પુરાવાઓની ખરાઈ કરવામાં આવશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મિલકતધારકોને પ્રોપર્ટી કાર્ડ અપાશે, જેનો ઉપયોગ બેંક લોન મેળવવા તેમજ વેચાણ, વારસાઈ અને બક્ષિસ જેવા વ્યવહારો માટે કરી શકાશે.

# અરવલ્લીમાં લગ્નના વરઘોડામાં ટોળકી દ્વારા બે યુવકો પર હુમલો, એકનું મોત

**અરવલ્લી**

ભિલોડા તાલુકાના હરિપુરા ગામે લગ્નના વરઘોડામાં ખૂની ખેલ ખેલાયો છે. જૂની અદાવતમાં વરઘોડામાં આવેલા બે યુવકો પર આઠ શખ્સોની ટોળકીએ અચાનક પથ્થરમારો કરી જીવલેણ હુમલો કર્યો છે. જેમાં 18 વર્ષના હાર્દિક હોથા નામના જુવાનધોધ યુવકનું કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક યુવક યોગેશ ડામોર ગંભીર રીતે ઘાયલ થતા તેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

આ સમગ્ર ઘટના પાછળ જૂની અદાવત જવાબદાર હોવાનું સામે આવ્યું છે. ચોંકાવનારી વાત તો એ છે કે, હુમલાના થોડા સમય પહેલા જ બંને પક્ષો વચ્ચે સમાધાન થઈ ગયું હતું. જો કે, આ સમાધાન માત્ર દેખાડા પૂરતું હતું, સમાધાન બાદ પણ આરોપીઓએ મનમાં ખાર રાખીને બંને યુવકોની રેકી કરી હતી. જ્યારે આ યુવકો વરઘોડામાં આવ્યા હતા ત્યારે હરિપુરા અને કાળી ડુંગરીના આઠ શખ્સોએ તેમને આંતરીને જીવલેણ હુમલો કરી દીધો હતો. બંને યુવકો પર પથ્થરમારો કરતાં એકનું મોત થયું હતું જ્યારે અન્ય એક યુવક ઘાયલ થયો હતો.

# વડોદરામાં પોક્સોના ગુનામાં આરોપીને 20 વર્ષની સખત કેદની સજા સાથે દંડ

**વડોદરા**

વડોદરા પોલીસ દ્વારા નોંધાયેલ ગંભીર ગુનાઓમા કન્વીકશન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત 2024માં ગૌરવ્રતની પુજા કરવા જનાર સગીરાને ભગાડનાર આરોપી વિરુધ્ધ નામદાર કોર્ટમા સાક્ષીઓ, પુરાવા, એફ.એસ.એલ. તેમજ મેડીકલ સર્ટીફીકેટ સમયસર રજુ કરાવવા તેમજ સમગ્ર ટ્રાયલ ઝડપી ધોરણે ચાલી અને આરોપી વિરુધ્ધમાં તમામ પુરાવાના આધારે ચોક્કસપણે આરોપીને સજા પડે તે મુજબની કાર્યવાહી માંજલપુર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. આરોપી લાલજીભાઈ ઉર્ફે કૃણાલ શનાભાઈ ઠાકોર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તપાસ અધિકારી કે.પી.ખરાડી પોલીસ ઈન્સપેક્ટર, એ.એસ.આઈ. દિનેશ, અ.લો.ર. વિજયનાઓની ચોક્કસ તપાસ અને સચોટ પુરાવા એકત્રીત કરી ચેન ઓફ કસ્ટડી જાળવી રાખી, એફ.એસ.એલ. ખાતેથી સચોટ પૃથ્થકરણ કરાવી યોગ્ય સમય મર્યાદામાં ચાર્જશીટ કરવામાં આવેલ હતી. જેમાં આરોપીને ગુનામાં 20 વર્ષની સખત કેદની સજા અને રૂ.50,000નો દંડ ફટકારવામાં આવ્યો છે. તેમાંથી રૂ.45,000 ભોગ બનનારને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવેલ છે.

# પંચમહાલમાં કુરિવાજો દૂર કરવા ક્ષત્રિય સમાજ દ્વારા અનોખી પહેલ, 'સામાજિક બંધારણ' તૈયાર

## ઓછા દાગીના, ડીજેનો ખર્ચ, જમણવારમાં રેસીપી ઓછી કરવા પર નિયમો બનાવાયા

**પંચમહાલ**

શહેરાના ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક સુધારણાની નવી લહેર જોવા મળી છે. જેમાં સામાજિક પ્રસંગોમાં થતા ખોટા કુરિવાજો, ખર્ચા દૂર કરવા ક્ષત્રિય સમાજની ભદ્રાલા ગામે યોજાયેલી બેઠકમાં બંધારણ ઘડવામાં આવ્યું છે.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક સુધારણાની એક અનોખી પહેલ શરૂ થઈ છે. લગ્ન અને મરણ જેવા પ્રસંગોએ થતાં બિનજરૂરી ખર્ચ અને કુરિવાજો દૂર કરી 'શિક્ષિત બનો અને સંગઠિત બનો'ના સૂત્રને સાર્થક કરવા ક્ષત્રિય સમાજ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ બેઠકમાં સામાજિક પ્રસંગોને સરળ બનાવવા અને આર્થિક બોજ ઘટાડવા માટે સર્વાનુમતે એક 'સામાજિક બંધારણ' ઘડવામાં આવ્યું છે. નવા બંધારણની મુખ્ય જોગવાઈઓ મુજબ સોના-ચાંદીના દાગીના, લગ્ન પ્રસંગે વ્યવહારમાં આપવામાં આવતા સોના-ચાંદીના દાગીનાની સંખ્યા મર્યાદિત રાખવી, ખર્ચ પર નિયંત્રણ જેવા કે ડીજે મ્યુઝિક સિસ્ટમ, મોસાળું અને કપડાંની લેવડદેવડના બિનજરૂરી ખર્ચ બંધ કરવા, જમણવારમાં પીરસવામાં આવતી વાનગીઓની સંખ્યામાં ઘટાડો કરવો. સાથે-સાથે નિયમોનું પાલન નહીં કરનારા તેમજ પ્રસંગોમાં દારૂ પીને આવનાર કે ઝઘડો કરનાર વ્યક્તિ સામે કડક દંડનીય કાર્યવાહી કરવી સહિતના નિર્ણયો લેવાયા છે. આ સાથે લગ્નમાં થતાં ખોટા ખર્ચાથી બચવા સમુહ લગ્નોમાં સંતાનોના લગ્ન કરાવવા સૂચન પણ કરાયુ હતું.

# સાણંદ હાઈવે ઉપર લૂંટ, આંગડિયાકર્મીની 20 લાખ ભરેલી બેગ ઝૂંટવી 3 શખ્સ ભાગી છૂટ્યા

## ટુ વ્હીલર પર આવેલા શખ્સો સામે ફરિયાદ, સીસીટીવીને આધારે તપાસ શરૂ

**સાણંદ**

સાણંદ-સરખેજ રોડ પર એક લૂંટની ઘટના સામે આવી છે. સાણંદમાં આંગડિયામાં કામ કરતા ફારૂક ગનીયાણી જ્યારે પોતાની પેઢીની મોટી રોકડ રકમ લઈને જઈ રહ્યા હતા, ત્યારે અજાણ્યા ત્રણ લૂંટારુઓએ ફિલ્મી ઢબે તેમનો રસ્તો રોકી લાખોની લૂંટ ચલાવી હતી.

સોમવારે સાંજે ફારૂક ગનીયાણી ઓફિસનું કામ પુરૂ કરી સાંજના આશરે સાડા છ વાગ્યે સાણંદ ઓફિસમાંથી 20,97,690 લાખ રૂપિયા રોકડા, ઓફિસના બે મોબાઈલ થેલામાં ભરીને પી. એમ.આંગડીયા પેઢીની બીજી સરખેજ ખાતે આવેલ ઓફીસ જવા માટે મોપેડ પર નીકળ્યા હતા. એ પછી અંદાજે 7 વાગ્યાની આસપાસ ગીબપુરા ગામથી આશરે 100 મીટર આગળ હાઈ-વે રોડ ઉપર ફોન આવતા તેઓ મોપેડ સાઈડ કરીને ધીમુ ચલાવતા ચલાવતા વાત કરતા હતા. ત્યારે પાછળથી અચાનક એક ટુ-વ્હીલર પર મોઢું ઢાંકીને ત્રણ શખસ આવ્યા હતાં. જેમાંથી એક શખસે ફારુકભાઈના મોપેડને લાત મારતા તેઓ નીચે પડી ગયા હતા.

આ પછી ટુવ્હીલર પર આવેલા શખસે રૂપિયા ભરેલ થેલો ખેંચી અને મોપેડની ચાવી લઈને ફરાર થઈ ગયા હતા. આ પછી ફારુકભાઈએ તેમના શેઠને આ ઘટના અંગે જાણ કરી હતી. જે બાદ તેમણે અજાણ્યા ત્રણ લૂંટારા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ ઘટના અંગે CCTV ફૂટેજને આધારે તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર પાસે બુલેટ ચાલકે ટક્કર મારતાં બે ભાઈના કમકમાટીભર્યા મોત

**ગાંધીનગર**

ગાંધીનગરથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ઈન્દ્રોડા કટ નજીક એક બેફામ બુલેટ ચાલકની ટક્કરે અન્ય એક બાઈક પર જતા બે પિતરાઈ ભાઈઓના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. માહિતી અનુસાર એક ભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું જ્યારે અન્યનું સારવાર દરમિયાન મોત થયું.

પોલીસ ફરિયાદ અનુસાર સેક્ટર 8માં રહેતા જશપાલ સિંહ ડાભીનો પુત્ર જગદીશ સિંહ (40) અને તેમનો ભાણીયો ઘનશ્યામ સિંહ ચાવડા ઈન્દ્રોડા ખાતે કોઈ કામથી ગયા હતા. જોકે સાંજના સમયે બાઈક પર પાછા આવતી વખતે ઈન્દ્રોડા કટની નજીકમાં જ બુલેટ ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. જેના પગલે જગદીશ સિંહ ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા હતા જ્યારે ઘનશ્યામ સિંહનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ મામલે જશપાલ સિંહ ડાભીએ બુલેટ ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ મામલે મૃતકના પિતાની ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. અકસ્માતમાં બે ભાઈઓના મોતથી પરિવાર પણ જાણે આભ તૂટી પડ્યાની સ્થિતિ સર્જાઈ છે.

# યુકે-ઓસ્ટ્રેલિયાના વર્ક પરમિટ વિઝા અપાવવાનું કહી 15 લાખની છેતરપિંડી

## ઓફિસની તપાસ કરવા જતાં તે પણ બંધ આવતી હતી

**વડોદરા**

સોમા તળાવ નજીક દર્શન એન્ટીલામાં રહેતા સ્નેહલબેન રવિ કુમાર પટેલે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે તમારે પરિવાર સાથે વિદેશ જઈ નોકરી કરવાની ઈચ્છા હતી અમારા ઓળખીતા મારફતે જાણવા મળ્યું હતું કે લીલેરીયા પેરામાઉન્ટમાં વિઝા અને ઈમિગ્રેશનની એચપી ઈન્ટરનેશનલ નામની ઓફિસ ચલાવતા હિરલ કુમાર કનુભાઈ પટેલ વિઝાનું કામ કરે છે. એપ્રિલ 2025 માં અમે હિરલ પટેલની ઓફિસે મળવા ગયા હતા અને યુકેના વર્ક પરમિટ વિઝા માટે વાત થઈ હતી. તેમણે 22 લાખ ખર્ચ થશે તેમજ ત્રણ મહિનામાં વિઝાનું કામ પૂરું થઈ જશે અને ત્રણ વર્ષ માટેના વર્ક પરમિટ વિઝા કરાવી આપશે તેમ જણાવ્યું હતું. પરંતુ તે કામ થયું ન હતું ત્યારબાદ તેમણે મને અન્ય દેશ માટેનું જણાવતા અમે ઓસ્ટ્રેલિયાના વિઝા માટે કહ્યું હતું. પરંતુ તેના પણ વિઝા કરી આપ્યા ન હતા અને તેમની ઓફિસ જતા ઓફિસ પણ બંધ આવતી હતી.

# નડિયાદ પાલિકાનું મનપામાં રૂપાંતર થયા બાદ પ્રથમ ચૂંટણીની તૈયારી : જૂના જોગીઓ ચિંતામાં

## નડિયાદ મનપામાં 13 વોર્ડની 52 બેઠકો માટે પ્રથમ જંગ સાથે પંચાયતોનું રણશિંગુ ફૂંકાશે

**નડિયાદ**

ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની પાંચ વર્ષની મુદત પૂર્ણતાના આરે છે. ત્યારે જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૧માં યોજાયેલી જિલ્લા અને તાલુકા પંચાયતોની ટર્મ ૨૦૨૬ના પ્રારંભમાં પૂર્ણ થઈ રહી છે, પરંતુ વહીવટી ગૂંચવણો અને મતદાર યાદીના ખાસ સુધારણા કાર્યક્રમને પગલે હવે આ ચૂંટણીઓ એપ્રિલ ૨૦૨૬માં યોજાય તેવી પ્રબળ શક્યતાઓ દેખાઈ રહી છે.

નડિયાદ નગરપાલિકાનું મહાનગરપાલિકામાં રૂપાંતર થયા બાદ આ પ્રથમ ચૂંટણી હોવાથી સમગ્ર રાજ્યની નજર ખેડા જિલ્લા પર ટકેલી છે. વહીવટદાર શાસન હેઠળ ચાલી રહેલી નડિયાદ મનપામાં ૧૩ વોર્ડની ૫૨ બેઠકો માટે પ્રથમ વખત જંગ જામશે. નડિયાદ મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ કરાયા બાદ વોર્ડ સીમાંકનમાં ધરખમ ફેરફાર થયા છે. આ સ્થિતિમાં વર્ષોથી શહેરી વિસ્તારોમાં વર્ચસ્વ જમાવીને બેઠેલા અનેક પૂર્વ કાઉન્સિલરોના રાજકીય પત્તા કપાઈ જાય તેવી દહેશત ઉભી થઈ છે. નવા સીમાંકન બાદ હવે ગામના પ્રતિનિધિઓ પણ મનપાની ટિકિટ માટે મજબૂત દાવેદારી કરી રહ્યાં છે, જેને કારણે પૂર્વ કાઉન્સિલરોએ પોતાની બેઠક બચાવવા માટે હાઈકમાન્ડ સ્તરે જોરદાર લોબિંગ શરૂ કરી દીધું છે.

# સુરતમાં યુવકે યુવતીને ફસાવી સંબંધો બાંધ્યા, નાના ભાઈ સાથે પરણાવીને સંબંધ ચાલુ રાખ્યા

## અંગત પળોના ફોટા પિતા-ભાઈને બતાવી દેવાની ધમકી આપી બ્લેકમેલ કરતો હતો

**સુરત**

સુરતમાં ૩૮ વર્ષીય એક પરિણીત શખ્સે ૨૨ વર્ષની કોલેજિયન યુવતીને સોશિયલ મીડિયા પર પોતાની ઓળખ છુપાવી પ્રેમજાળમાં ફસાવી હતી. પોતે અપરિણીત હોવાનું જૂઠું બોલી આરોપીએ લગ્નની લાલચ આપી યુવતી સાથે અનેકવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. જોકે, જ્યારે યુવતીને ખબર પડી કે પ્રેમી પરિણીત છે અને એક સંતાનનો પિતા છે, ત્યારે તેણે સંબંધ તોડી નાખ્યો હતો. પોતાનો ભાંડો ફૂટી જતાં આરોપીએ યુવતીના અંગત પળોના ફોટા વાયરલ કરવાની અને તેના પિતા-ભાઈને બતાવી દેવાની ધમકી આપી બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. આરોપીએ યુવતી સામે શરત મૂકી કે જો તેણે સાથે રહેવું હોય તો તેના નાના ભાઈ સાથે લગ્ન કરવા પડશે. બદનામીના ડરથી ફફડતી યુવતીએ આખરે નરાધમના નાના ભાઈ સાથે લગ્ન કર્યા હતા. આરોપીએ લગ્ન પછી પણ સતત ફોટા વાયરલ કરવાની ધમકી આપી નાના ભાઈની પત્ની પર બળાત્કાર ગુજારતો રહ્યો. છેલ્લા છ મહિનાથી આ અપરાધ અને રોજબરોજની કનડગત સહન કર્યા બાદ, કંટાળેલી યુવતી આખરે ઘર છોડીને ભાગી ગઈ હતી અને હિંમત ભેગી કરીને સિંગણપોર પોલીસ મથકે પહોંચી હતી. યુવતીની ફરિયાદના આધારે પોલીસે હવસખોર આરોપીની ધરપકડ કરી લીધી હતી. પોલીસે આરોપીના એક દિવસના રિમાન્ડ મેળવી આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

# સુરતમાં બાળકો મામલે ઝઘડામાં પડોશીનો પિતા-પુત્ર પર હુમલો, 30 વર્ષીય પુત્રનું મોત

**સુરત**

અમરોલી વિસ્તારમાં આવેલા કોસાડ આવાસમાં રવિવારે રાત્રે નાનકડી વાતમાં યુવકની પડોશી દ્વારા હત્યા કરી દેવાતા ચકચાર મચી છે. અમરોલીના કોસાડ આવાસના H-1 બ્લોકમાં બે બાળકો વચ્ચે કોઈ કારણસર ઝઘડો થયો હતો. મામલો બંને બાળકોના કુંટુંબ સુધી પહોંચે છે. જેથી એક બાળકનો પરિવાર, 30 વર્ષીય મહોમ્મદ ફરીદ અઝીઝ બંબાવાલા અને તેમના પિતા, બીજા બાળકને ત્યાં ફરિયાદ કરવા પહોંચે છે. ત્યાં પડોશી સામે ઉગ્ર બોલાચાલી થતાં મારા મારી થાય છે. સામા પક્ષેથી તીક્ષ્ણ હથિયારો દ્વારા ફરિયાદ કરવા ગયેલા પિતા-પુત્ર પર જીવલેણ હુમલો થાય છે જેમાં 30 વર્ષીય મહોમ્મદ ફરીદ અઝીઝ બંબાવાલાનું મોત નીપજ્યું હતું. પિતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થાય છે. હુમલો એટલો હિચકારો હતો કે ફરીદ બંબાવાલા શરીર પર અનેક ઈજાઓ પહોંચી હતી. જે બાદ તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો પણ ટૂંકી સારવાર બાદ તેના ખોળિયામાંથી જીવ જતો રહ્યો હતો. પુત્રને બચાવવા પડેલા પિતા પણ ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે.

# કેફી પીણું પીવડાવી સસરાએ દુષ્કર્મ કરતાં દાહોદની યુવતીનો આપઘાતનો પ્રયાસ

**દાહોદ**

મધ્યપ્રદેશમાં પરણેલી દાહોદની પરિણીત દીકરી પર લગ્નના એક મહિનામાં તેના કળિયુગી સસરાએ કેફી દ્રવ્ય પીવડાવી દુષ્કર્મ આચરતા આ દીકરીએ મોતને વહાલું કરવાનો પ્રયાસ કર્યો છે. જોકે સદભાગ્યે સસરાની વાસનાનો ભોગ બનેલી આ પરિણીતા દીકરી બચી ગઈ છે.

ઘટનાની મળતી વિગતો અનુસાર, દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા એક પરિવારની દીકરીના એક મહિના અગાઉ 25 જાન્યુઆરીના રોજ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ પાસે ઉદેગઢ ગામે લગ્ન થયા હતા. સામાજિક લગ્ન પ્રસંગની વિધિ પત્યા બાદ દીકરીનું પહેલું આણું લગ્નના ત્રીજા દિવસે કરી દીકરીને ઘરે લઈ આવ્યા હતા. ત્યાર બાદ તારીખ 7 ફેબ્રુઆરીના રોજ તેના પિતાએ દિલ ઉપર પથ્થર મૂકી હસતા મોઢે પોતાની વ્હાલ સોઈ દીકરીને નવો ઘરસંસાર માંડવા તેના પતિ સાથે વિદાય કરી હતી. ભગવાનથી કામના કરી હતી કે, તેની દીકરી અને તેનો પરિવાર સદાય હસતો રહે ખુશ રહે પરંતુ આગામી 72 કલાકમાં આ દીકરી સાથે શું થવાનું હતું તે કોઈને કલ્પના નહોતી.

# એક જ પરિવારના ત્રણ સભ્યોના મૃતદેહ મળતાં હડકંપ, કારણ જાણવા માટે પોલીસની દોડધામ

## મૃતક પરિવાર એક સપ્તાહ પહેલા જ સાઉદી અરેબિયાની યાત્રા કરીને પરત આવ્યો હતો

**સુરત**

લાલગેટના હરિપુરા સૌય શેરીમાં 36 વર્ષના ફૈઝ અહેમદ, 32 વર્ષના મુબીના અહેમદ અને તેમના પુત્ર નોમાનનું મોત થયું છે. ફૈઝ અહેમદ કેમિકલના વ્યવસાય સાથે જોડાયેલા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. એકસાથે પરિવારના ત્રણ સભ્યોના મોતથી સમગ્ર શેરીમાં માતમનો માહોલ છવાયો હતો. આસપાસના સ્થાનિકોને ઘટનાની જાણ થતાં ગમગીની છવાઈ ગઈ હતી. DCPએ સમગ્ર ઘટનાક્રમ અંગે જણાવ્યું હતું કે હતું કે, 'લાલગેટ પોલીસ સ્ટેશન વિસ્તારના રામપુરા વિસ્તારમાં એક અત્યંત દુખદ ઘટના બની છે, ત્રણેય મૃતદેહોના મોઢામાંથી ફીણ નીકળતા જોવા મળ્યા હતા. આ સાથે આપઘાતની દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે ફૂડ પોઈઝનિંગની શક્યતાને નકારી કાઢતા પોલીસે જણાવ્યું કે, 'શરીર પર જે પ્રકારના નિશાન હોવા જોઈએ તે મળ્યા નથી. પરંતુ અન્ય કોઈ કાવતરું કે 'માલાફાઈડ ઈન્ટેન્શન' છે કે કેમ તે બાબતે પણ તપાસ ચાલુ છે. ઘરના દરવાજા અંદરથી બંધ હતા, જે સૂચવે છે કે આ કોઈ બાહ્ય હુમલો નથી, પરંતુ ગેસ ગળતર જેવી દુર્ઘટના પણ હોય શકે. અમે લોહીના નમૂના અને અન્ય પુરાવાઓ ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યા છે.' આપઘાત એ કોઈપણ સમસ્યાનું સમાધાન નથી.

# ઉમરગામમાં કથિત અસ્થિર મગજના પુત્ર દ્વારા સગી માતાની હત્યા : આરોપીની મેડિકલ તપાસ

## કોઈ કારણોસર બોલાચાલી થતાં માતાને ત્રિકમના ઘા મારી મોતને ઘાટ ઉતારાઈ હતી

**ઉમરગામ**

ઉમરગામ ટાઉન વિસ્તારના માહ્યાવંશી ફિળયામાં જૂના એચ.પી. ગેસ ગોડાઉન પાછળ ઘરમાં રહેતા પાર્વતીબેન સોમાભાઈ માહ્યાવંશી (ઉંમર ૬૧ વર્ષ) સોમવારના રોજ સાંજે ૭:૩૦ વાગ્યાના અરસામાં વહુ રંજનાબેન અને માસી સાસુ મનીષાબેન સાથે ઘરમાં રસોઈ બનાવતા હતા. તે સમયે તેનો પુત્ર કિરીટ ઉર્ફે સતીષ સોમાભાઈ માહ્યાવંશી (ઉંમર ૪૪ વર્ષ) પોતાના રૂમમાં હતો. દરમિયાન પુત્ર કિરીટભાઈએ અચાનક રસોડામાં આવી કોઈક કારણસર માતા પાર્વતીબેન સાથે બોલાચાલી કરી હતી. અને તે પછી તેણે અચાનક માતાને ઢીક્કા મુક્કીનો માર મારવાનું શરૂ કર્યું હતુ. આથી વહુ રંજનાબેન અને મનીષાબેન માતા પાર્વતીબેનને બચાવવા માટે વચ્ચે પડયા હતા. જો કે, આ સમયે કિરીટ વધુ ઉશ્કેરાઈ ગયો હતો તેથી બચવા માટે પાર્વતીબેન રસોડામાંથી બહાર ઘરના ઓટલા તરફ ભાગ્યા હતા. તે સમયે કિરીટે ઘરમાં રાખેલ લાકડાના હાથાવાળી લોખંડની ત્રિકમ ઉપાડી હતી અને તેના વડે માતાને માથાના ભાગે જોરજોરથી ફટકા મારતા પાર્વતીબેનને ગંભીર ઈજા થઈ હતી. તેણી લોહીલુહાણ હાલતમાં ઓટલા ઉપર ઢળી પડયા હતા અને તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. હાલ પોલીસ દ્વારા કિરીટ ઉર્ફે સતીષને મેડિકલ તપાસ માટે વલસાડ સિવિલ લઈ જવાયો છે. કિરીટ ઉર્ફે સતીષ લાંબા સમયથી અસ્થિર મગજનો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

# વડોદરામાં બેંક લોકરમાંથી 35 તોલા સોનું ગાયબ થઈ જતાં દંપતી ચિંતિત

## બેંક મેનેજર દ્વારા દંપતીને સરખો જવાબ અપાયો નહીં

**વડોદરા**

શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં આવેલી કોસ્મોસ કો-ઓપરેટિવ બેંક લિમિટેડમાં લોકરમાં રાખેલા 35 તોલા સોનાના આભૂષણો રહસ્યમય રીતે ગાયબ થઈ ગયાં છે. જેના કારણે આ દંપતીને પર હેરાન છે. દંપતીના જણાવ્યા પ્રમાણે, તેઓ લાંબા સમયથી આ બેંકમાં લોકર ધરાવે છે અને સોનું સુરક્ષિત રાખવા માટે જ લોકરનો ઉપયોગ કરતા હતા. પરંતુ લોકર ખોલતાં જ તેમને આ આઘાત લાગ્યો હતો. તેઓએ બેંક મેનેજરને જણાવ્યું, પરંતુ બેંક મેનેજર દ્વારા કોઈ સંતોષકારક જવાબ આપ્યો નથી. જેથી બેંકની સુરક્ષા વ્યવસ્થા પર પ્રશ્નો ઉભા થયા છે. જ્યા લોકર આવેલા છે ત્યાં CCTV હતા કે નહીં? જો કેમેરા લાગેલા છે તો પછી તેના ફૂટેજ ક્યાં છે? લોકરની ચાવી કોની પાસે હોય છે? શું કોઈ અજાણ્યા વ્યક્તિએ ઍક્સેસ તો નથી મેળવી? આવા સવાલો થવા સ્વાભાવિક છે. આ સમગ્ર મામલે પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. આવા કેસોમાં બેંકોની જવાબદારી અને ગ્રાહકોની સુરક્ષા પર ગંભીર પ્રશ્નો ઉભા થાય છે.

# અઝરબૈઝાનમાં બંધક બનેલા ચરોતરના યુવક-યુવતીનો આખરે છૂટકારો થયો

## 65 લાખ લઈને પણ એજન્ટ બંનેને વેચી દેવાનો હતો

**આણંદ**

ભારતનાં ગૃહ વિભાગ અને વિદેશ મંત્રાલયે 'ઓપરેશન મહિસાગર' હાથ ધરી અઝરબૈઝાનમાં ફસાયેલા બન્ને યુવક યુવતીને સલામત રીતે મુકત કરાવ્યા છે. આણંદનાં જાંખરીયા ગામનાં ધ્રુવ પટેલ અને કંથારીયા ગામનાં દિપિકાબેન પટેલને વિદેશ જવાનું હોઈ તેઓએ મુંબઈનાં એજન્ટનો સંપર્ક સાધ્યો હતો. ત્યારે મુંબઈની મમતા નામની એજન્ટએ તેઓને વાયા અઝરબૈઝાન કેનેડા થઈને અમેરીકા લઈ જવાનો વિશ્વાસ આપ્યો હતો. અને ત્યારબાદ એજન્ટ દ્વારા ધ્રુવ પટેલ અને દિપિકા પટેલને તા.30 જાન્યુઆરીનાં રોજ વડોદરાથી અલગ અલગ ફલાઈટમાં દિલ્હી લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ તા.1 ફેબ્રુઆરીનાં રોજ બન્નેને દિલ્હી એરપોર્ટ પરથી અઝરબૈઝાન લઈ જવામાં આવ્યા હતા. જયાંથી તેઓને બાકુની એલીસ હોટલમાં લઈ જવામાં આવ્યા હતા. બાકુની હોટલમાં પહોંચતા જ પવન નામનાં બીજા એજન્ટ દ્વારા ધ્રુવ અને દિપીકાનાં મોબાઈલ ફોન સ્વિચઓફ કરાવી દેવામાં આવ્યા હતા.

# ડ્રગ્સ સહિત અનેક કેસમાં વોન્ટેડ સુરતના કુખ્યાત ચિરાગ ગોટીનું અંતે આત્મસમર્પણ

## પોલીસથી બચવા ચિરાગ સ્થળ બદલતો અને નેપાળની હોટલમાં રોકાતો હતો

**સુરત**

આશરે 10 મહિના પહેલાની, સિંગણપોર પોલીસે વાહન ચેકિંગ દરમિયાન બાતમીના આધારે ઓઈલના વેપારી અલ્પેશ મિયાણીની 7.87 લાખ રૂપિયાના ડ્રગ્સ સાથે ધરપકડ કરી હતી. જેની તપાસમાં ખૂલ્યું હતું કે ભાગીદાર મિત્ર અલ્પેશ મિયાણી સાથે થયેલી રકઝક બાદ ચિરાગ ગોટી અદાવત રાખી અલ્પેશ મિયાણીની કારમાં ડ્રગ્સ મૂક્યું હતું. જેની બાતમી ચિરાગે જ પોલીસને આપી હતી. જેથી પોલીસે 7.87 લાખ રૂપિયાના ડ્રગ્સ સાથે અલ્પેશ મિયાણીને ઝડપી પાડ્યો હતો. પરંતુ પોલીસ તપાસમાં જ ચિરાગ ગોટીની શાતિર કરતૂતનો ભાંડો ફૂટી ગયો હતો.

પોલીસે કોર્ટમાં મિત્રની કારમાં ડ્રગ્સ પ્લાન કરનાર ચિરાગ ગોટી અને ડ્રગ્સ વેચનાર મોહંમદ સફવાન મોહંમદ ઈશાક મેવાવાલા વિરુદ્ધ ચાર્જસીટ દાખલ કરી હતી. કારણ કે તપાસમાં ભાગીદાર ચિરાગ ગોટી, તેના ભાઈ નિરાંત અને પિતા ઘનશ્યામ ગોટીની કરતૂતના પૂરતા પુરાવા મળ્યા હતા. ફરિયાદ નોંધાતા તે પોલીસથી બચવા સતત સ્થળ બદલતો હતો અને નેપાળ ભાગી જઈ અલગ અલગ હોટલમાં રોકતો હતો. ફરિયાદ બાદ ચિરાગ ગોટી અને તેના ભાઈ નિરાંતેએ આગોતરા જામીન મેળવવા ધમપછાડા કર્યા હતા. સુરતની સેશન્સ કોર્ટએ જામીન ફગાવી દેતા ગુજરાત હાઈકોર્ટમાં જામીન માગ્યા હતા. પરંતુ ત્યાં પણ આગોતરા જામીન ન મળતા સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા.

# રાજકોટમાં પરિવારે લગ્ન માટે રાહ જોવા કહેતાં પ્રેમીયુગલે ગળે ફાંસો ખાઈ લીધો

## બંનેની લગ્ન માટેની ઉંમર થઇ ન હોવાથી પરિવારે ના પાડી હતી

**રાજકોટ**

રાજકોટના જંગલેશ્વરમાં આવેલ રાધાકૃષ્ણનગર શેરી નં.૪માં કાજલ પ્રકાશભાઈ સરવૈયા (ઉ.વ.૧૭) અને તેના પ્રેમી ચેતન રાજુભાઈ રાફુચા (ઉ.વ.૨૦)એ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બંનેના પરિવારજનોએ સગાઈ માટે મંજૂરી આપી દીધી હતી. પરંતુ બંનેની લગ્ન માટેની ઉંમર થઈ ન હોવાથી પરિવારજનોએ એકાદ વર્ષ રાહ જોવાનું કહ્યું હતું. પરંતુ એટલો સમય રાહ જોવાય તેમ ન હોવાથી આ પગલું ભરી લીધાનું તપાસ કરતી પોલીસનું માનવું છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યા પ્રમાણે કાજલના પિતા હૈયાત નથી. હાલ તે માતા સાથે રાધાકૃષ્ણનગર શેરી નં.૪માં રહેતી હતી. તેનો પ્રેમી ચેતન ચૂનારાવાડ ચોક પાસે અંબિકા સોસાયટીમાં રહેતો હતો. ગત રવિવારે કાજલ તેની માતા સાથે વાંકાનેર પંથકમાં રહેતાં મામાના ઘરે ગઈ હતી. જયાંથી તે રાત્રે નીકળી ગઈ હતી. ગઈકાલે પાડોશી પાસેથી ચાવી લઈ પોતાના ઘરે ગઈ હતી.

આજે તેની માતા આવતાં દરવાજો અંદરથી બંધ મળ્યો હતો. આખરે તપાસ કરતાં રૂમમાં છતના બે હુકમાં કાજલ અને તેનો પ્રેમી ચેતન લટકતા મળી આવ્યા હતા. બંનેએ હુક સાથે દોરડાં બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. જાણ થતાં ૧૦૮ના તબીબે બંનેને મૃત જાહેર કર્યા હતા. ભક્તિનગર પોલીસે સ્થળ પર જઈ તપાસ કરી હતી.

પોલીસે જણાવ્યું કે લગ્ન માટે કાજલ અને ચેતનની ઉંમર એક વર્ષ ઓછી હતી. આ કારણથી પરિવારજનોએ બંનેને એક વર્ષ રાહ જોવાનું કહ્યું હતું. પરંતુ બંને આટલો સમય રાહ જોઈ શકે તેમ ન હોવાથી કદાચ આ પગલું ભરી લીધાનું જણાય છે. બંને પક્ષોના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. તેના પછી સાચા કારણ અંગે ખુલાસો થશે.

# ચાંગોદર કેસમાં દેવાયત ખવડને HCની રાહત, સરેન્ડરની તારીખ 23 ફેબ્રુઆરી સુધી લંબાવાઈ

**જુનાગઢ**

લોક ડાયરા કલાકાર દેવાયત ખવડને ગુજરાત હાઈકોર્ટ હંગામી રાહત આપી છે. ચાંગોદર બબાલ કેસમાં ખવડ દ્વારા કરવામાં આવેલી આગોતરા જામીન અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે 23 ફેબ્રુઆરી સુધી સરેન્ડર કરવાની તારીખ લંબાવી છે. જણાવી દઈએ કે ત્રણ દિવસ પહેલા થયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ટિપ્પણી કરી હતી કે અરજદાર પ્રખ્યાત નહીં, પરંતુ કુખ્યાત છે અને માથાભારે છે. જે બાદ 9 ફેબ્રુઆરી સુધી ધરપકડથી રક્ષણ આપવામાં આવ્યું હતું, આજે ફરી સુનાવણી થતાં હવે 23 ફેબ્રુઆરી સુધી દેવાયત ખવડની ધરપકડ પર રોક (સરેન્ડર કરવાની તારીખ વધારી) લગાવી દેવામાં આવી છે. કેસની વિગતોની વાત કરીએ તો દેવાયત ખવડ વિરુદ્ધ ચાંગોદર પોલીસ સ્ટેશનમાં માથાકૂટની ફરિયાદ નોંધાઈ હતી, જેમાં ધરપકડ થતાં જેલમાં ધકેલાયો હતો.

# મુન્દ્રામાં દુકાનમાં લૂંટનો પ્રયાસ : ફાયરિંગ કરી ભાગતાં એકને વેપારીએ પકડી પાડ્યો

## એક આરોપીને ઈજા પહોંચી, જ્યારે બે આરોપી ભાગી ગયા

**મુન્દ્રા**

કચ્છના મુન્દ્રામાં ધોળા દિવસે ફાયરિંગની ઘટના સામે આવી છે. મુન્દ્રા શહેરમાં સોમવારે બારોઇ રોડ પર આવેલા ‘રૂદ્રાક્ષ જ્વેલર્સ’માં બંદૂકધારી લૂંટારુઓ ઘૂસ્યા હતા. બાઈકમાં આવેલા ત્રણ વ્યક્તિ લૂંટ કરવા જ્વેલર્સમાં પ્રવેશ્યા હતા. આ દરમિયાન દુકાનમાં સોની વેપારી પણ હાજર હતા. સોનાના દાગીના લૂંટ કરતાં વેપારીએ હિંમત દાખવીને એક શખસને દબોચ્યો હતો. તેવામાં અન્ય લૂંટારુ ફાયરિંગ કર્યું હોવાનું જણાય છે. આ ઘટનામાં એક શખસને ઈજા પહોંચે છે, જ્યારે અન્ય બે આરોપી ભાગવામાં સફળ રહે છે. ફાયરિંગની ઘટનાને પગલે પોલીસ ઘટનાસ્થળે પહોંચીને એક આરોપીને ઝડપી પાડે છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને ફરાર બે આરોપીની શોધખોળ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મુન્દ્રાના બારોઇ રોડ પર આવેલા ‘રૂદ્રાક્ષ જ્વેલર્સ’માં લૂંટના બનાવ વખતે આરોપીએ ફાયરિંગ કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં દુકાનમાં પ્રવેશ કર્યા બાદ લૂંટારુઓએ વેપારીને ડરાવવા માટે હવામાં ફાયરિંગ કરીને સોના-ચાંદીના દાગીના લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન વેપારીએ પ્રતિકાર કરીને એક શખસને ઝડપી પાડ્યો હતો. જ્યારે બે લૂંટારુ ગભરાઈને નાશી છૂટ્યા હતા.

લૂંટ અને ફાયરિંગના બનાવને પગલે પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરિંગની ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ છવાયો હતો અને ઘટનાસ્થળે ટોળું એકઠું થઈ ગયું હતું.

વેપારીએ ઝડપી પાડેલા એક શખસની પોલીસે અટકાયત કરી હતી. જ્યારે ફરાર આરોપીને પકડવા માટે પોલીસે મુન્દ્ર સહિતના આસપાસના વિસ્તારોમાં નાકાબંધી કરી દીધી છે. પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.


Imperial PEST CONTROL



Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2
Chandni Chowk Plaza, ATN Wireless Board Door
Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------
11.00 AM to 7.00 PM
: SAT-SUN :
1.00 PM to 6.00 PM

Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone
647-657-9631
905-673-9631
------: MON-THU : ------
2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN :
11.00 AM to 6.00 PM

we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135
NEXT TO SWEET MASTER
--------: MON - FRI :--------
10 AM TO 7 PM
--------: SAT-SUN :--------
11AM TO 6PM

Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજકોટ ભાજપમાં મોટા માથાઓની બાદબાકી મનપામાં પત્તા કપાશે, આંતરિક વિવાદ જારી

## ધનાઢ્ય નેતાઓના નહીં, મોદી-પક્ષના નામે ચૂંટણી લડાશે, શહેર ભાજપનું વજન ઘટ્યું

**રાજકોટ**

રાજકોટ મહાપાલિકાની ચૂંટણી આમ તો અત્યારે જાહેર થઈ જવી જોઈએ પરંતુ, એક તરફ મનપાના બજેટ અને બીજી તરફ ભાજપના સંગઠનની રચના બાકી છે ત્યારે એસ.આઈ.આર.ના મુદ્દે આ વર્ષે ચૂંટણી ફેબ્રુઆરીને બદલે એપ્રિલમાં યોજાવાની શક્યતા છે. આ સ્થિતિમાં 10 મહિનાના ઈંતજાર બાદ રાજકોટ ભાજપનું નવુ સંગઠન જાહેર કરાયું તેમાં એક-બેને બાદ કરતા તમામ



નવા ચહેરાઓને પદ આપી દઈ મોટામાથાઓને હાંસિયામાં ધકેલી દેવાયા છે. સૂત્રો અનુસાર આગામી મનપા ચૂંટણીમાં પણ વગદાર દાવેદારોના પત્તા આ રીતે કપાય તેવી શક્યતા છે. શહેર ભાજપ પ્રમુખ માધવ દવેએ જાહેર કરેલા નામો મુજબ મહામત્રી પદે વલ્લભ દુધાત્રા, લલિત જે.વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજાને સ્થાન અપાયું છે. પૂર્વ ડે.મેયર દુધાત્રા અગાઉ 2013-16માં પણ મહામંત્રી પદે હતા. આ સિવાયના તમામ નવા ચહેરા છે. 21ની ટીમમાં કોષાધ્યક્ષ મયુર શાહને જ રીપીટ કરાયા છે. આ જાહેરાત સાથે ભાજપમાં આંતરિક વિરોધ ઉઠી રહ્યો છે. ગેલાભાઈ રબારી સહિત નવા હોદેદારો સામે અગાઉ ફરિયાદો પણ ઉઠી હતી.

# રાજકોટ ભાજપના નવનિયુક્ત ઉપપ્રમુખ માંડવામાં ધૂણતાં હોવાનો વીડિયો વાઈરલ

**રાજકોટ**

રાજકોટ શહેરના ભાજપના નવનિયુક્ત ઉપપ્રમુખ સોમા ભાલિયાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં હાલ ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તેઓ માતાજીના માંડવામાં ભૂવાઓની હાજરીમાં ધૂણી રહ્યા છે. સોમા ભાલિયાએ પોતાની પીઠ પર સાંકળો પર ઝીલી હતી, ઘણા લોકો આ વીડિયોને ભક્તિભાવ સાથે જોડી રહ્યા છે તો ઘણા લોકો અંધશ્રદ્ધાની રૂપે જોઈ રહ્યા છે. પણ કહેવાય છે કે આસ્થા હોય ત્યાં પુરાવાની કોઈ જરૂર નથી. ભાજપના ઉપપ્રમુખ તરીકેની જવાબદારી મળ્યા બાદ સોમા ભાલિયાના ધૂણતા વીડિયોએ હાલ ભાજપ કાર્યકરો અને લોકોમાં ચર્ચા જગાવી છે. સોમા ભાલિયા વાઈરલ વીડિયો અંગે સ્પષ્ટ પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું છે. સવાલ પર કહ્યું કે જે વીડિયો વાઈરલ થયો છે તે જૂનો છે, તે મારી શ્રદ્ધા અને આસ્થા છે, કોઈ હિત શત્રુ દ્વારા હવે વીડિયો વાઈરલ કરવામાં આવ્યો છે. બીજી તરફ શહેર ભાજપ ઉપપ્રમુખ સોમા ભાલિયાના ધૂણતા વીડિયો પર વિજ્ઞાન જાથાએ સવાલ ઉઠાવ્યા છે અને કહ્યું કે રાજકીય પક્ષો અને નેતાઓએ અંધશ્રદ્ધાને પ્રોત્સાહન મળે તેવું વર્તન કરવું ન જોઈએ. ભૂવા-ભરાડી જેવી પ્રવૃત્તિઓ સમર્થન આપવું યોગ્ય નથી.

# લીલિયાના કણકોટમાં નીલગાયનો ગ્રામજનો હુમલો, બેને ઈજા પહોંચી

**અમરેલી**

અમરેલી જિલ્લાના લીલિયા તાલુકાના કણકોટ ગામમાં હડકવા ઉપડેલી એક નીલગાયે ભયજનક સ્થિતિ સર્જી હતી. ઉશ્કેરાયેલી હાલતમાં નીલગાયે ગામમાં અને આસપાસના વિસ્તારમાં દોડધામ મચાવી બે વ્યક્તિઓ પર હુમલો કરી તેમને ઈજાગ્રસ્ત કર્યાં હતા.

મળતી માહિતી અનુસાર, નીલગાયના હુમલાનો ભોગ બનેલા લોકોમાં રવજી બાબરિયા અને ભાનુબેન ગોસાઈનો સમાવેશ થાય છે. ઈજાગ્રસ્ત રવજીભાઈએ જણાવ્યું હતુ કે, 'હું ઘરે જઈ રહ્યા હતા ત્યારે પાછળથી નીલગાયે અચાનક હુમલો કર્યો હતો.' બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત હાલ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. નીલગાય રસ્તા પર આવતા-જતાં લોકો પાછળ દોડતી હતી, જેના કારણે ગ્રામજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. ભયના માર્યા અનેક ગ્રામજનોએ પોતાના ઘરના દરવાજા બંધ કરી દીધા હતા. બાળકો અને વૃદ્ધોને ઘરની બહાર ન નીકળવા અને ખાસ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી હતી.

# મારા કોળી સમાજને કોઈ દુ:ખી કરતું હશે તો હું તેને નહીં છોડું : પરસોત્તમ સોલંકીનો હુંકાર

## સિમર ગામે કોળી સમાજના સમૂહ લગ્નમાં મંત્રીનો આડકતરો કટાક્ષ હાલ ચર્ચામાં

**રાજકોટ**

ઉના તાલુકાના સિમર ગામે કોળી સમાજના સમૂહ લગ્નમાં મંત્રી પરસોત્તમ સોલંકીએ કરેલો આડકતરો કટાક્ષ હાલ ચર્ચામાં છે, જ્યાં તેમણે ધોકાવાળી વાતનો ઉલ્લેખ કરી કહ્યું કે 'ઘણીવાર જાહેરમાં ભાષણમાં કંઈ કહી દઉ છું કે, કોઈ ના સમજે તો ધોકાવાળી કરાય. જ્યારે આ મુદ્દો સમાચારમાં આવ્યો ત્યારે ટીવીવાળાઓએ તેનો ઘણો પ્રચાર કર્યો અને મને પૂછ્યું કે તમારે શું કહેવું છે. તો મેં કહ્યું કે, મેં જે કહ્યું છે તે સાચું છે, તમે ના સમજો તો એ તમારો વિષય છે. ભાષણ તો બધા રાજકારણીઓ કરે છે અને વાતો કરીને ભાગી જાય છે, પણ હું એમાંનો નથી. ચિંતા ન કરતા, તમને કોઈ ટેન્શન નહીં આપું. પરંતુ જો તમને કોઈ ધોકા મારે તો યાદ રાખજો કે તમારી પાછળ પરસોત્તમ સોલંકી ઊભો છે'

મંત્રીએ વધુમાં કહ્યું કે, 'હું કોળી સમાજનો દીકરો છું, મને બીજું કંઈ આવડતું નથી. તમે બધાએ મારા દાખલા જોયા છે, જો મારા કોળી સમાજને કોઈ દુ:ખી કરતું હશે તો હું નહીં છોડું. બીજાં કરે કે ના કરે, પણ મને મારો કોળી સમાજ બહુ પ્યારો છે. હું જે કરું છું તે દિલથી કરું છું અને સમાજના ભલા માટે કરું છું, મને કોઈ મર્યાદા નડતી નથી. હું રાજકારણ કરતો નથી અને મને તે આવડતું પણ નથી. દુ:ખીની સામે દુ:ખી અને સુખીની સામે સુખી બનીને ઊભો રહેવો એ જ મારી રીત છે.

# કાલાવડમાં 18 ખેડૂતો સાથે રૂ. 96.97 લાખની ઠગાઈ કરનાર ઝબ્બે : 9 દિવસના રિમાન્ડ પર

**જામનગર**

જિલ્લાના કાલાવડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના 18 જેટલા ખેડૂતોની 96.97 લાખની ખેત પેદાશોની ખરીદી કરી નાણાં ચૂકવ્યા વિના રફુચક્કર થઈ જનાર શખ્સને કાલાવડ ગ્રામ્ય પોલીસે ઝડપી લીધો છે, અને અદાલત સમક્ષ રજૂ કરી 9 દિવસના રિમાન્ડ પર લીધો છે.

કાલાવડ તાલુકાના સોરઠા ગામમાં રહીને ખેતી કામ કરતા ખેડૂત કુલદીપભાઈ ગોરધનભાઈ કોઠીયાએ ગત 3.2.2026 ના રોજ કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરીયાદ કરીને



જણાવ્યું હતું, કે પોતાની તથા અન્ય 17 ખેડૂતોની આશરે 96,97,601 જેટલી રકમની જુદી-જુદી ખેત પેદાશો મેળવી લઈ નાણાં નહીં ચૂકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા અંગે કાલાવડના કુંભનાથ પરા વિસ્તારમાં રહેતા દિલીપ નારદભાઈ સાવલિયા નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી ખેડૂત કુલદીપભાઈ કોઠીયા પાસેથી આરોપી દિલીપ સાવલિયાએ મગફળી તથા તલ વગેરેનો જથ્થો ખરીદ કર્યો હતો, ઉપરાંત સફેદ ચણા સહિતની અન્ય ખેતપેદાશો ની કાલાવડના ગ્રામ્ય વિસ્તારના કુલ 18 ખેડૂતો પાસેથી ખરીદી કરી હતી. કુલ 96,97,601 જેટલી માતબર રકમની જુદી જુદી ખેતપેદાશોની ખરીદી કરી લીધા બાદ આરોપી દિલીપ સાવલિયાએ નાણાં નહીં ચૂકવી હાથ ખંખેરી લેતાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

# AAPમાં ભંગાણ, નારાજ ખેડૂત નેતા રાજુ કરપડાએ રાજીનામું આપી દીધું

## હડદડમાં આંદોલન કરવા મામલે ચર્ચામાં આવ્યા હતા

**બોટાદ**

સુરેન્દ્રનગરના મૂળી તાલુકાના જાણીતા નેતા રાજુ કરપડાએ રાજીનામું આપી દીધું છે. એવું કહેવાય છે કે કડદા પ્રથાને લઈને હડદડમાં આંદોલન કરવા મામલે તેઓ ચર્ચામાં આવ્યા હતા. તેમાં બોટાદમાં પથ્થરમારા જેવી ઘટનાઓ પણ બની હતી. જોકે તેમણે રાજીનામું સોશિયલ મીડિયા પર જાહેર કરી દીધું છે.

રાજુ કરપડાએ તેમના રાજીનામામાં કહ્યું કે, "જય કિસાન સાથીઓ... દોસ્તો આજે આમ આદમી પાર્ટીના તમામ પદ પરથી રાજીનામું આપી રહ્યો છું..! મારો નિર્ણય જરૂર તમને ચોકાવશે.! પાર્ટીને મજબૂત બનાવવા માટે મેં પરિવારથી વિશેષ મહત્ત્વ અને સમય આપ્યો છે પરંતુ કુદરતે અહીંયા સુધીનો જ સાથ લખેલો છે.

મારા દ્વારા ક્યારેય કોઈની લાગણીને ઠેસ પહોંચી હોય તો ક્ષમા ચાહું છું. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતૃત્વ તેમજ પ્રદેશ નેતૃત્વ સાથે જ મારા તમામ સાથીઓ અને ખેડૂતોનો મને પ્રેમ આપવા બદલ હૃદયથી આભાર માનું છું.

# બાવળાના ઝેકડા ગામમાં કારમાં ગીત વગાડવા બાબતે 2 જૂથ વચ્ચે ધીંગાણું

## પથ્થરમારો થતાં એકને ઈજા, વાહનોને ભારે નુકસાન

**બગોદરા**

બાવળા તાલુકાના ઝેકડા ગામના ચોકમાં રવી અને હાદક નામના શખ્સો કારમાં મોટા અવાજે ગીતો વગાડતા હતા. ગીતો ધીમા કરવાનું કહેતા મામલો બિચક્યો હતો. બાદમાં ૮ જેટલા શખ્સોએ ધારિયા અને લાકડીઓ સાથે ચિરાગભાઈની સ્વીફ્ટ કાર પર હુમલો કર્યો હતો. આરોપીઓએ યુવકને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મામલે તેઓ આઠ શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. સામે પક્ષે નવીનભાઈ રમણભાઈ મકવાણાએ ફરિયાદ નોંધાવી છે કે, ચિરાગભાઈ ઠાકોર પોતે મોટેથી ટેપ વગાડતા હતા અને ટોકવા જતાં તેમણે હાદકભાઈની ગાડીનો કાચ તોડી નાખ્યો હતો. આ બાબતે સમજાવવા જતાં ચિરાગભાઈ અને અન્ય શખ્સોએ પથ્થરમારો કર્યો હતો, જેમાં નવીનભાઈને માથામાં ગંભીર ઈજા થતાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ મામલે તેઓ ચિરાગભાઈ ઠાકોર સહિત અન્ય ૨-૩ માણસો સામે ફરિયાદ નોંધાવી છે.

# સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયાનો આપઘાતનો પ્રયાસ, DYSP સામે આક્ષેપો

## રીમાએ ઘર બરબાદ કરી દીધું, 350 કિમી સુધી વોશરૂમ જવા ન દીધી હતી : નયના

**ભાવનગર**

ભાવનગરની સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયાએ DySP રીમા ઝાલા પર સનસનીખેજ આરોપ કરતો વીડિયો ઉતારી આપઘાતનો પ્રયત્ન કરતાં હડકંપ મચ્યો છે. બોટાદના સાળંગપુર રોડ પર આવેલા એક ગેસ્ટહાઉસમાં નયનાએ ઝેરી દવા ગટગટાવી છે, બોટાદની ખાનગી હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે, હાલત હાલ ગંભીર છે. નયનાએ આરોપ લગાવ્યો છે કે DySP રીમા ઝાલાએ તેનું ઘર બરબાદ કરી દીધું છે, જ્યારે તેની ધરપકડ થઈ ત્યારે કોઈ મહિલા પોલીસ સાથે રાખી ન હતી ઉપરાંત 350 કિલોમીટર સુધી વૉશરૂમ પણ જવા દીધી ન હતી. નયના બારૈયાએ વાઈરલ વીડિયોમાં DySP રીમા ઝાલા પર ગંભીર કથિત આરોપ મૂકતાં કહ્યું કે, 'રીમા ઝાલા દ્વારા મારી પર પાંચ-પાંચ ગુના નોંધવામાં આવ્યા છે, જેમાં મારો એક ટકાએ એકપણ ગુનામાં મારો રોલ નહોતો, વાત કરીએ એટ્રોસિટીના આરોપી, જે મારા દાદાના દીકરા થાય. અનિલભાઈ અને મુકેશભાઈ તેના બે અજાણ્યા ભાણિયા એ રીતે ફરિયાદ નોંધાઈ હતી એટ્રોસિટીની. એમાં મારા દાદાના દીકરા કે જે એટ્રોસિટીના આરોપી છે, તેમણે 3-10-2025ના રોજ પિટિશન દાખલ કરેલી અને આરોપીના નામ સામેથી જાહેર કરેલા કે અક્ષય અને ચિરાગ નામના અજાણ્યા બે ભાણિયા હતા, પછી પાર્થને ચારવાર નિવેદન લઈને જવા દેવામાં આવ્યો હતો.



## અજય દેવગણની દ્રશ્યમ થ્રીમાં પ્રકાશ રાજની પણ એન્ટ્રી

મુંબઈ : અજય દેવગણની 'દ્રશ્યમ થ્રી'માં હવે સાઉથના પીઢ એક્ટર પ્રકાશ રાજની પણ એન્ટ્રી થઈ છે. અગાઉ અક્ષય ખન્નાએ આ ફિલ્મ છોડી દીધા બાદ તેના સ્થાને જયદીપ અહલાવતની એન્ટ્રી થઈ હતી. તે પછી હવે તેમાં પ્રકાશ રાજ એક નવું પાત્ર ભજવશે. અગાઉ એવી અટકળો હતી કે પ્રકાશ રાજને અક્ષય ખન્નાની જગ્યાએ સિનિયર પોલીસ અધિકારીની ભૂમિકા સોંપાઈ છે. જોકે, પ્રકાશ રાજે પોતે જ ક્લિયર કર્યું હતું કે હું ફિલ્મમાં કોઈ અન્ય કલાકારના સ્થાને ગોઠવાયો નથી.



સ્વદેશ
FRIDAY, 13 FEBRUARY 2026

## ઘુસખોર પંડત ફિલ્મના શીર્ષક સામે સુપ્રીમ લાલઘૂમ





મુંબઈ : સુપ્રીમ કોર્ટે ગુરુવારે નેટફ્લિક્સ અને જાણીતા ફિલ્મમેકર નીરજ પાંડેની આગામી 'ઘૂસખોર પંડત' ફિલ્મના શીર્ષક સામે સખત નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું છે કે, આ ફિલ્મને નવું નામ આપવા માટે તેમનો શું પ્રસ્તાવ છે. જસ્ટિસ બી.વી. નાગરત્નાની બેન્ચે ટિપ્પણી કરી હતી કે, ઘણીવાર વિવાદ પેદા કરવા અને પબ્લિસિટી મેળવવા માટે આવા નામ પસંદ કરવામાં આવે છે. કોર્ટે મેકર્સની ઝાટકણી કાઢતા ટિપ્પણી કરી કે, તમારા પીઆર માટેના તિકડમ માટે થઈને "સમાજમાં તિરાડ ન વધારો". સુનાવણી દરમિયાન જસ્ટિસ બી.વી. નાગરત્નાએ નિર્માતાઓને આકરા શબ્દોમાં ઝાટકણી કાઢતા કહ્યું કે, કોઈપણ વર્ગને અપમાનિત કરવો ખોટો છે. સમાજમાં પહેલેથી જ ઘણી તિરાડો છે, તેને પ્રોત્સાહન આપશો નહીં. કોર્ટે નોટિસ જારી કરીને નિર્માતાઓને પૂછ્યું છે કે જો તમે નામ બદલવા તૈયાર છો, તો તે નવું નામ શું હશે? તે અમને જણાવો.

## 'જે લોકો મારા લગ્ન તૂટવાની રાહ જોઈ રહ્યા હોય...', પ્રિયંકા ચોપરાએ હેટર્સને આપ્યો જડબાતોડ જવાબ!

મુંબઈ : ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા ઈન્ડિયન સિનેમામાં કમબેક ફિલ્મ 'વારાણસી'ને લઈને ફરી એકવાર ચર્ચામાં છે. ફેન્સ પ્રિયંકાની આગામી ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તેવામાં તાજેતરમાં જ પ્રિયંકાએ એક ઈન્ટરવ્યૂમાં આગામી ફિલ્મ અને તેની પર્સનલ લાઈફ સાથે જોડાયેલી કેટલીક વાતો કહી હતી. જેમાં તેણે હેટર્સને જડબાતોડ જવાબ આપ્યો હતો.

પ્રિયંકા ચોપરાએ કહ્યું કે, 'હોલિવૂડના ફેમસ સિંગર-એક્ટર નિક જોનસ સાથે મારા લગ્નને લઈને કેટલાક લોકોએ વાંધા ઊભા કર્યા હતા. અમારા લગ્નના 8 વર્ષ થઈ ગયા છે. જો લોકો હજુ પણ એ વિચારી રહ્યા છે કે આ સંબંધ ક્યારે તૂટે કે બરબાદ થાય, તો તે એમની મરજી...'

આ વિશે આગળ તેણે કહ્યું કે, 'મેં તેના વિશે વિચારવાનું બંધ કરી દીધું છે. મને ખબર નથી કે અમે એવું શું કર્યું જેનાથી લોકો અમારા સંબંધો વિશે આટલા નારાજ થયા. કદાચ એનું કારણ એ હશે કે અમે અલગ અલગ દેશોના છીએ, અલગ અલગ ધર્મના છીએ અને ઉંમરનો તફાવત છે. આ બધું સાંભળવું ખૂબ જ દુઃખદાયક હતું. હવે હું અમારા સંબંધોને લઈને થતી ચર્ચાઓથી પરેશાન નથી.'

પતિના વખાણ કરતા પ્રિયંકાએ કહ્યું કે, 'અમારા લગ્ન બહુ જલ્દી થયા હતા, અમારા મળ્યાના માત્ર છ મહિનામાં. જ્યારે મે નિક સાથે લગ્ન કર્યા ત્યારે મને પણ લાગી રહ્યું હતું કે, આ સાચુ જ થઈ રહ્યું છે કે નહીં! નિકમાં સાચાપણું, ઈમાનદારી છે, જે મને હંમેશ પ્રેરણા આપે છે. મારા પ્રોફેશનમાં રોલ બદલાતા હોય છે, પરંતુ નિક હંમેશા સાચુ બોલે છે. નિક ઘણી નાની ઉંમરથી કામ કરવા લાગ્યા હતા. તેમના મમ્મી-પપ્પા બહુ સારા, સમજુ અને સાચા માણસ છે, સંત જેવા. ત્યારે જ હું સમજી ગઈ હતી કે આ ગુણ તેનામાં ક્યાંથી આવ્યા છે.'

તમને જણાવી દઈએ કે, પ્રિયંકા અને નિકના લગ્ન વર્ષ 2018માં થયા હતા. બંને વચ્ચે લગભગ 10 વર્ષનું અંતર છે, જેને લઈને ઘણાં લોકોએ સવાલો ઉઠાવ્યા હતા. જોકે, આ મામલે કપલે પોતાની કેમેસ્ટ્રી દર્શાવીને હેટર્સને જડબાતોડ જવાબ આપ્યો હતો.



## તમન્ના ભાટિયાની રાગિણી એમએમએસ થ્રી રખડી પડી



મુંબઈ : તમન્ના ભાટિયાની ફિલ્મ 'રાગિણી એમએમએસ થ્રી' અટકી પડી છે. ફિલ્મ માટે દિગ્દર્શક તરીકે સાહિર રઝાની પસંદગી કરાઈ હતી. પરંતુ, કહેવાય છે કે સાહિર રઝાએ આ પ્રોજેક્ટ માટે ટાઈમ જ આપ્યો ન હતો. આથી તેને દિગ્દર્શક તરીકે પાણીચું અપાયું છે અને ફિલ્મ હાલ મુલત્વી રાખી દેવામાં આવી છે. એકતા કપૂરની આ બહુચર્ચિત ફ્રેન્ચાઈઝીમાં તમન્નાને જોવા ઈચ્છતા ચાહકો નિરાશ થઈ ગયા છે. સાહિર રઝા હાલ એક ઓટીટી શો હોસ્ટ કરી રહ્યો છે. તેના કારણે તે ફિલ્મ દિગ્દર્શન માટે સમય ફાળવી શક્યો ન હતો. હવે એકતા કપૂર તેના સ્થાને નવા ડાયરેક્ટરને શોધી રહી છે. જોકે, આ પ્રક્રિયામાં કેટલો સમય લાગશે તે નક્કી નથી. આથી, હાલ પૂરતી તો આ ફિલ્મ ઠપ જ થઈ ગઈ છે.



## સુશાંતના મૃત્યુનાં છ વર્ષે રિયા ફરી અભિનય કરશે

મુંબઈ : સુશાંત સિંહ રાજપૂત કેસમાં રિયા ચક્રવર્તીનું નામ સામે આવ્યું તે પછી તેને ટ્રોલિંગનો સામનો કરવો પડયો હતો. સોસિયલ મીડિયા પર તેને ખુબ સાંભળવું પડયું. હવે અભિનેતાના મૃત્યુના ૬ વર્ષે રિયા ચક્રવર્તી હવે જીવનમાં આગળ વધવા તૈયાર થઈ ચુકી છે. અભિનય ક્ષેત્રે પાછી ફરી રહેલી રિયા ચક્રવર્તી કહે છે કે પ્રેમ માટે તેણે પોતાના હૃદયના દરવાજા ખુલ્લા રાખ્યા છે. રિયાએ એક મુલાકાતમાં સુશાંતના મૃત્યુના ૬ વર્ષ પછી નવેસરથી જીવન શરૂ કરવાને મુદ્દે પોતાના વિચારો રજૂ કર્યા હતા. તે કહે છે કે તેને લગભગ સાત વર્ષથી કામ નથી મળી રહ્યું. તેને લાગવા માંડયું હતું કે અભિનયનું સપનું છોડવું પડશે. રિયાએ કહ્યું કે તે હમેશા અભિનેત્રી બનવાનું સપનું જોતી હતી. તેણે પોતાની આંખો સામે તે સપનુ તુટતા જોયું છે.

## ચેક બાઉન્સ થવાના કેસમાં જેલમાં બંધ રાજપાલ યાદવની મદદે આવી ફિલ્મ ઈન્ડસ્ટ્રી

મુંબઈ : બોલિવૂડના સ્ટાર કોમેડિયન રાજપાલ યાદવ હાલમાં ચેક બાઉન્સ કેસને કારણે કાયદાકીય મુશ્કેલીમાં સપડાયા છે. આ કેસ 15 વર્ષ જૂનો છે. 2010માં રાજપાલ યાદવે પોતાની ફિલ્મ 'અતા પતા લાપતા' બનાવવા માટે દિલ્હીના એક બિઝનેસમેન (મુરાલી પ્રોજેક્ટ્સ) પાસેથી 5 કરોડ રૂપિયાની લોન લીધી હતી. આ લોન ચૂકવવામાં અસમર્થ હોવાના કારણે રાજપાલ યાદવે 5 ફેબ્રુઆરી, 2026ના રોજ દિલ્હીની તિહાર જેલમાં અધિકારીઓ સામે આત્મસમર્પણ કરવું પડ્યું હતું. તિહાર જેલમાં બંધ રાજપાલ યાદવની મદદ માટે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી અનેક સેલેબ્સ આગળ આવ્યા છે. રાજપાલ યાદવે ઘણી કમાલની ફિલ્મોમાં કામ કર્યું છે, જોકે, હાલમાં તે પોતાની







ફિલ્મો માટે નહીં પરંતુ કાનૂની મુશ્કેલીઓને કારણે ચર્ચામાં છે. લાંબા સમયથી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહેલા રાજપાલે કોર્ટમાં સરેન્ડર કરતા પહેલાં જણાવ્યું હતું કે, મારી પાસે પૈસા નથી અને ઈન્ડસ્ટ્રીમાંથી મને કોઈ મદદ કરી શકે તેવા મિત્રો પણ નથી. મારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. જો કે, તેના આ મુશ્કેલ સમયમાં આખી ઈન્ડસ્ટ્રી સપોર્ટમાં ઉતરતા તેની પત્ની રાધા યાદવે મીડિયા સાથે વાત કરી અને તમામનો આભાર માન્યો.

પહેલા સોનુ સૂદે રાજપાલ માટે એક ફિલ્મમાં કાસ્ટ કરવા અને એડવાન્સ અમાઉન્ટની ઓફર કરી હતી, જેથી એક્ટરે કાયદાકીય મામલે થોડી રાહત મળી શકે. અત્યાર સુધીમાં લગભગ 14 સેલિબ્રિટીઓએ કોમેડિયનને આર્થિક સપોર્ટ કર્યો છે. જેમાં સલમાન ખાન, અજય દેવગન, વરુણ ધવન, ડેવિડ ધવન, સોનુ સૂદ, તેજ પ્રતાપ યાદવ, રાવ ઈન્દ્રજીત સિંહ, ગુરુ રંધાવા, ગુરમીત ચૌધરી, કેઆરકે, મીકા સિંહનું નામ સામેલ છે. ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (FWICE) એ લોકોને રાજપાલની મદદ માટે આગળ આવવા અપીલ કરી છે. હવે આખી ઈન્ડસ્ટ્રી દ્વારા રાજપાલને આ મુશ્કેલ સમયમાં મદદ કરવા બદલ તેમની પત્ની રાધાએ તમામનો આભાર માન્યો છે.







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### શેખ હસીના સામે વિદ્રોહના દોઢ વર્ષ બાદ લોકશાહીનો પર્વ

# બાંગલાદેશમાં ચૂંટણીજંગ : તારિકનું પલડું ભારે

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

દોઢ વર્ષ અગાઉ બાંગ્લાદેશમાં શેખ હસીના સામે જોરદાર અને હિંસક વિદ્રોહ થતાં તેણે સત્તા છોડી ભારતની શરણ લેવી પડી છે. બીજી વચગાળાની યુનુસ સરકારને પણ સમય વીતતો જતા 12 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશમાં ચૂંટણી યોજાઈ હતી. કુલ 33000 મતદાન મથકો પર ગુરુવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં 47.91% મતદાન નોંધાયું હતુ. આ દરમિયાન ખુલનામાં એક મતદાન કેન્દ્રની બહાર જમાત-એ-ઈસ્લામી કાર્યકર્તાઓ સાથેની અથડામણમાં BNP નેતા મોહિબુઝમાન કોચીનું મૃત્યુ થયું હતું. BNPનો દાવો છે કે જમાતના એક નેતાએ તેમને ધક્કો માર્યો હતો જેના કારણે તેઓ ઝાડ સાથે અથડાયા હતા. મોહિબુઝમાન હંગામા દરમિયાન બીમાર પડ્યા હતા અને તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું.

બાંગ્લાદેશમાં મુન્શીગંજ-૩ અને ગોપાલગંજ સદર વિસ્તારોમાં મતદાન કેન્દ્રોની બહાર ક્રૂડ બોમ્બ ફેંકવામાં આવ્યા હતા. મુન્શીગંજ-૩ માં વિસ્ફોટ પછી થોડા સમય માટે મતદાન બંધ કરવામાં આવ્યું હતું. પરંતુ બાદમાં ફરી શરૂ કરાયું હતુ. ગોપાલગંજ સદર વિસ્તારમાં વિસ્ફોટમાં બે અંસાર સૈનિકો (અર્ધલશ્કરી દળો) અને એક ૧૪ વર્ષની છોકરી ઘાયલ થઈ હતી. બાંગ્લાદેશમાં લગભગ ૧૨.૭ કરોડ મતદાતાઓ છે. આ ચૂંટણીમાં યુવાનોની ભૂમિકા મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે લગભગ અડધા 18થી 37 વર્ષની વયના છે. આમાંથી આશરે 4.57 મિલિયન મતદારો પહેલી વાર મતદાન કર્યુ હતુ.

મહિનાઓ સુધી ચાલેલી હિંસા, રસ્તા પર વિરોધ પ્રદર્શન અને રાજકીય ઉથલપાથલ પછી બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણીને લઈને દેશની સાથે સાથે સમગ્ર દક્ષિણ એશિયામાં ઉત્તેજના છે. આ ચૂંટણી માત્ર સત્તા પરિવર્તન માટે નહીં, પરંતુ બાંગ્લાદેશના ભવિષ્ય, લોકશાહી દિશા અને આંતરરાષ્ટ્રીય સંબંધો માટે પણ નિર્ણાયક માનવામાં આવી રહી છે. ખાસ કરીને ભારત, પાકિસ્તાન અને ચીન જેવા પ્રાદેશિક શક્તિઓ માટે આ ચૂંટણીના પરિણામો મહત્વપૂર્ણ અસર પાડે તેવું અનુમાન છે. છેલ્લા એક-બે વર્ષથી બાંગ્લાદેશમાં રાજકીય અસ્થિરતા જોવા મળી હતી. વિદ્યાર્થીઓના આંદોલનથી શરૂ થયેલા વિરોધ પ્રદર્શનોએ દેશવ્યાપી હિંસાનું સ્વરૂપ ધારણ કર્યું હતું. સરકારી નોકરીઓમાં આરક્ષણ,



ભ્રષ્ટાચાર અને લોકશાહી હકો જેવા મુદ્દાઓને લઈને પ્રજામાં ભારે અસંતોષ ફેલાયો હતો. આ દરમિયાન થયેલી અથડામણોમાં અનેક લોકોના જીવ ગયા હતા, જેના કારણે દેશની આંતરિક સ્થિતિ વધુ ગંભીર બની ગઈ હતી.

શેખ હસીનાની આવામી લીગ પાર્ટીએ પંદર વર્ષ રાજ કર્યુ છે. જો કે, પ્રજા હવે તેના શાસનને ક્રૂર અને આપખૂદ ગણાવી રહી છે, આ ચૂંટણી જંગમાં તારિક રહેમાનની બીએનપી અને જમાતે ઈસ્લામી છે. ચૂંટણી પૂર્વેના સર્વેક્ષણોમાં BNPના તારિક રહેમાનનું પલ્લુ ભારે છે. અહીં 300 પૈકીની 299 બેઠક માટે મતદાન થયું હતુ. ગુરુવારે મોડી રાત સુધીની મતગણતરીમાં 103 બેઠકના પરિણામ આવ્યા હતા. જેમાં 74 બેઠક બીએનપીએ જીતી હતી તો 23 બેઠક પર જમાતે ઈસ્લામીના ઉમેદવારોએ કબજો કર્યો હતો. આ ઉપરાંત ચાર બેઠક અન્યોને ફાળે ગઈ હતી. સાઠ વર્ષના તારિક રહેમાન બાંગ્લાદેશના પૂર્વ પ્રમુખ ઝિયાઉર રહેમાન અને પૂર્વ પ્રધાનમંત્રી ખાલેદા ઝિયાના પુત્ર છે. ખાલેદા ઝિયા બાંગ્લાદેશના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી હતાં. હવે એ હયાત નથી અને ઝિયાઉર રહેમાન પણ નથી. બાંગ્લાદેશમાં એમને સૌથી ભ્રષ્ટ વ્યક્તિ તરીકે ગણાવવામાં આવ્યા હતા.

ખુલ્લેઆમ અને વારંવાર રૂશ્વત માગવા માટે એ કુખ્યાત હતા. તારિકના પિતા ઝિયાઉર રહેમાન પ્રમુખ હતા ત્યારે 1981માં એમની કતલ થઈ હતી અને ત્યારબાદ એમની વિધવા ખાલેદા ઝિયા વડાંપ્રધાન ચૂંટાયાં હતાં. ખાલેદાની આગેવાનીમાં BNP 1990 અને 2000ના દશકમાં ત્રણ વખત સત્તા પર આવ્યો હતો. જોકે ખાલેદાએ પણ શેખ હસીનાની માફક શાસનમાં ખાસ કશું ઉકાળ્યું ન હતું. 2006માં બાંગ્લાદેશની સેનાએ ખાલેદાની સત્તા છીનવી લીધી હતી. તારિક રહેમાન ક્યારેય એમની માતાની સરકારમાં પ્રધાન રહ્યા નથી, છતાં સંજય ગાંધીની માફક સત્તાનું એક કેન્દ્ર જરૂર રહ્યા હતા. ખાલેદા બાદ શેખ હસીના સત્તા પર આવ્યા હતા અને તારિક રહેમાન સામે ભ્રષ્ટાચારના કેસો ચલાવવાની તૈયારી કરી ત્યારે આ શખ્સ બાંગ્લાદેશ છોડી લંડન ચાલ્યો ગયો હતો. સત્તર વર્ષ સુધી લંડનમાં જ રહ્યા બાદ ગયા ડિસેમ્બરમાં એ બાંગ્લા દેશમાં પાછો ફર્યો હતો. જો કે, તે પોતાના પર ભ્રષ્ટાચારના આક્ષેપોએ નકારી કાઢે છે. હસીનાની વિદાય બાદ બાંગ્લાદેશની અદાલતે તારિક સામેના કેસ રદ કર્યા હતા. તારિક રહેમાન વડાપ્રધાન બને એ શક્યતા સૌથી વધુ છે. તારિક રહેમાન ફેબ્રુઆરી 2018થી એમના પક્ષ બાંગ્લાદેશ નેશનલ પાર્ટી (BNP) ના ચેરમેન છે. હાલમાં, એમના સરમુખત્યાર પિતાનો આ પક્ષ બાંગ્લાદેશમાં સૌથી વધુ લોકપ્રિયતા ધરાવે છે. જો કે ઝિયાઉર અને ખાલેદા બંનેની સરકારો બાંગ્લાદેશનો ઉદ્ધાર કરી શકી ન હતી, પરંતુ પ્રમુખપદેથી શેખ હસીના વાઝેદને બાંગ્લાદેશની તથાકથિત જનરેશન-ઝેડ (Gen-Z) દ્વારા હાકી કાઢવામાં આવ્યા અને છેલ્લા દોઢેક વર્ષથી એમને ભારતમાં આશ્રય લેવા માટે મજબૂર કરવામાં આવ્યા છે. ત્યારબાદ બાંગ્લાદેશની પ્રજા પાસે કોઈ નવો વિકલ્પ બચ્યો જ નથી. મોહમ્મદ યુનુસની અંતરિમ સરકારે શેખ હસીનાની આવામી લીગ પાર્ટીને ચૂંટણીમાં ભાગ લેવાની મંજૂરી આપી નથી. જે વિદ્યાર્થીઓએ હસીના સરકારને ઉથલાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી, તેઓ માંડ માંડ એક સંયુક્ત મોરચાની રચના કરી શક્યા છે.

તેમ છતાં હાલમાં આગળ લખ્યું તેમ બે જૂના પક્ષોએ દોઢ વર્ષના ઈન્ટરવલમાં સારી ભૂમિકા ભજવી હતી અને ચૂંટણી સ્પર્ધામાં એ બે પાર્ટીઓ જ મોખરે ચાલી રહી છે. તેમાંનો એક જમાતે ઈસ્લામ પક્ષ પર શેખ હસીના સત્તા પર હતા, ત્યારે પ્રતિબંધ મૂકાયો હતો. આ એક ઈસ્લામવાદી પક્ષ છે. પરંતુ હસીનાની સત્તા ગઈ ત્યારબાદ જમાતે ઈસ્લામીએ પણ કાઠું કાઢ્યું છે અને શેખ હસીનાને ભારતે આશ્રય આપ્યો તેથી જમાતે ઈસ્લામીને ભારત સામે પણ વાંધો છે.

પાકિસ્તાન માટે પણ આ ચૂંટણી મહત્વ ધરાવે છે. છેલ્લા કેટલાક સમયથી બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે સંબંધોમાં સુધારાના સંકેતો જોવા મળ્યા છે. જો નવી સરકાર પાકિસ્તાન તરફ વધુ નજીક જાય, તો દક્ષિણ એશિયાના રાજકીય સમીકરણોમાં ફેરફાર આવી શકે છે. ચીન બાંગ્લાદેશમાં મોટા ઢાંચાકીય પ્રોજેક્ટ્સ, રોકાણ અને વ્યૂહાત્મક સહકાર દ્વારા પોતાનો પ્રભાવ વધારવા ઈચ્છે છે. બેલ્ટ એન્ડ રોડ જેવી પહેલો હેઠળ ચીનની ભૂમિકા સતત વધી રહી છે, જે ભારત માટે પણ ચિંતાનો વિષય બન્યો છે. સત્તા પરથી હસીનાની અશાંત વિદાય બાદ બાંગ્લાદેશના નોબેલ પારિતોષિક વિજેતા મોહમ્મદ યુનુસે અંતરિમ શાસક તરીકે સત્તા સંભાળી હતી. આ ચૂંટણીઓ બાદ ત્યાં લોકશાહીની સ્થાપના થશે તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધરશે એવી આશા રખાઈ રહી છે, જો કે, નવા શાસકોનું વલણ કેવું રહેશે તેના પર આ બધી વાત નિર્ભર છે. બાંગ્લાદેશ અને ભારત વચ્ચેના સંબંધો છેલ્લાં દોઢેક વર્ષથી વણસી ચુક્યા છે.

અનેક હિન્દુઓને જાહેરમાં સળગાવીને મારી નાખવાની ઘટના પણ ભારત અને ખાસ કરીને હિંદુ માટે ચિંતાજનક બની ચુકી છે. વાસ્તવમાં શેખ હસીનાને ભારતે શરણ આપ્યા બાદ બાંગ્લાદેશમાં ભારત વિરોધીઓ સક્રિય છે. તેઓ દરરોજ ભારત વિરુદ્ધ ઝેર ઓકીને જનમાનસને ભડકાવતા રહે છે. આવા સંજોગોમાં નવા શાસકો માટે પણ ભારત સાથે સબંધ સુધારવું સૌથી મોટો પડકાર છે. હાલમાં પાકિસ્તાન સાથે સંબંધો સુધારવામાં બાંગ્લાદેશને વધુ રસ છે.

**તારિક રહેમાન ભ્રષ્ટાચારના આક્ષેપોથી વિવાદમાં રહેતા હોવા છતાં મુખ્ય કોઈ હરીફ નથી, કારણ કે અહીં શેખ હસીનાની પાર્ટીને મેદાનમાં ઉતારવા મંજૂરી જ અપાઈ નથી, જ્યારે તેની સામે માત્ર જમાતે ઈસ્લામી છે, જેને પ્રજા સમક્ષ મુદ્દા ઉઠાવવા કે પ્રચાર કરવામાં નવનેજા પાણી ઉતર્યા છે**

# મહાશિવરાત્રિ એ મહાદેવજીનો અનેરો મહિમા



એક સુંદરકાંડથી આખેઆખું રામાયણ સુંદર સુંદર બની જાય છે, એક શ્રીમદ્ ભગવદ્ ગીતાથી મહાકાવ્ય મહાભારત વિશ્વવિખ્યાત થઈ જાય છે, એક ગોપી ગીતથી ભાગવત પુરાણ ભક્તો માટે ભગવાનનો ભવ્યાતિભવ્ય ભરોસો બની જાય છે, બસ - કંઈક આ જ રીતે મહાશિવરાત્રિનું આગમન થતાં જ શિવ, શિવાલય, શિવલિંગ, શિવભક્તોનું ગણમાન્ય, જનમાન્ય, ભક્તમાન્ય ગૌરવ બની ભારતભરને ભક્તિભાવથી ભગવાનમય બનાવી દે છે ત્યારે ઉમળકાભેર અનાયાસે બોલાઈ જવાય છે : ઁ નમ: શિવાય કે જે પંચાક્ષય મંત્ર સ્વયં પરમેશ્વર છે.

શિવજી આદિ-અનાદિ છે, સર્વવ્યાપી છે, સનાતન છે. દેવોના દેવ મહાદેવ છે, નાથોના નાથ સોમનાથ છે, અજર-અમર છે, અકળ-અક્ષર છે, અભય-અજય છે અને અગમ-નિગમ છે. એ જગતજનની મા આદ્યશક્તિ પાર્વતીજીના પરમ પ્રેમાળ પતિનાથ છે, કાર્તિકેયજી અને ગણેશજીના પરમપૂજ્ય પિતાજી છે, દક્ષ પ્રજાપતિના અને હિમાલયના જમાઈરાજ છે, ભૂતોના નાથ છે તો પશુપતિનાથ પણ છે. યક્ષ-ગંધર્વના ગૌરવશાળી સખા છે તો કાળનાય કાળ કાળભૈરવ અવતાર પણ છે. રીઝે તો રાવણને ય વરદાન આપી દે છે અને ખીજે તો કામદેવને ભસ્મીભૂત કરી દે છે !!

જટા ઉપર અવતરિત થતી ત્રિપથગા ભાગીરથી ભવતારિણી છે તો લલાટે લાખેણી બીજનો ચંદ્ર એમનો મોંઘેરો મુગટ છે. જટામાં તો એમની છટા છે, નાગ ગળાનો હાર છે, ગળાની રુદ્રાક્ષમાળા આરોગ્યની પાઠશાળા છે, ભસ્મ એમનો શણગાર છે તો ત્રિશૂળ આધિ, વ્યાધિ અને ઉપાધિનું તારણહાર છે. બિલીપત્ર એમની છત્રછાયા છે, ધતૂરાનાં ફૂલ તો એમનો ફૂલહાર છે, જળાધારી એમની ગંગોત્રી છે તો પીઠિકા (થાળું) તો એમની સંગિની છે. નંદી એમનું વાહન છે તો કાચબો સમુદ્રમંથનનું કારણ છે, ગૌમુખી લક્ષ્મણરેખા છે.

શિવ સ્વરૂપે એ સાકાર છે, લિંગ સ્વરૂપે નિરાકાર છે, સૌ જીવોના જગતઆધાર છે. તાંડવના તજજ્ઞા છે એટલે ડમરૂના ચાહક છે. એમનું આયુધ પિનાકપાણિ ધનુષ છે તો ત્રિશૂળ એમનું હાથવગું હથિયાર છે. સમુદ્રમંથન સમયે વિષ હળાહળ પીધું. દેવો માટે સમર્પણ કીધું એટલે નીલકંઠ કેહવાયા - આને કહેવાય ભોળાનાથ ! વ્યાઘચર્મ એમની બેઠક છે અષ્ટાંગયોગ સાધનાના એ પ્રાયોજક છે - નવનાથના ય નાથોના નાથ છે. સત્યમ્... શિવમ્... સુંદરમ્... એમનું આધારકાર્ડ છે, કૈલાસ પર્વત એમનું કાયમી સરનામું છે તો તમામ શિવાલય તેમનાં બેસણાં છે. મંદિરની પ્રદક્ષિણા સકારાત્મક ઉર્જાનો પ્રચંડ સ્ત્રોત છે, ઘંટારવ આનંદનો ધોધ છે. પ્રસાદ એમનો રાજીપો છે અને શિવાલયની ધર્મધજા પ્રગતિના આશીર્વાદનો જીવતો જાગતો પુરાવો છે.

### શિવરાત્રિએ કેમ શિવ પૂજા મહત્વની?

ધાર્મિક માન્યતાઓ અનુસાર આ દિવસ શિવ અને પાર્વતીના દિવ્ય મિલનનો દિવસ છે. આ દિવસે ભગવાન શિવ પ્રથમ વખત શિવલિંગના રૂપમાં પ્રગટ થયા હતા. તેથી આ દિવસે શિવલિંગનો અભિષેક કરવો શુભ માનવામાં આવે છે. માનવામાં આવે છે કે આ દિવસે પૂજા કરવાથી જીવનના તમામ અવરોધો દૂર થાય છે, ગ્રહોનો દોષ શાંત થાય છે અને ઘરમાં સુખ અને સમૃદ્ધિ આવે છે.

### શિવરાત્રિએ શિવજીને શું ચઢાવવુ ?

■ સૌપ્રથમ, શિવલિંગ પર પાણી ચઢાવો. એવું માનવામાં આવે છે કે ભગવાન શિવ ફક્ત પાણીથી પ્રસન્ન થાય છે. ■ થોડી માત્રામાં દૂધ અર્પણ કરો. આનાથી નાણાકીય સ્થિતિ મજબૂત થાય છે. ■ દહીં ચઢાવવાથી માનસિક શાંતિ મળે છે અને બાકી રહેલા કાર્યો પૂર્ણ કરવામાં મદદ મળે છે. ■ મધ સાથે અભિષેક કરવાથી લગ્નજીવનમાં મીઠાશ આવે છે અને સ્વાસ્થ્ય સુધરે છે. ■ સંતાન પ્રાપ્તિની ઈચ્છા રાખનારાઓએ શિવલિંગ પર ઘી ચઢાવવું જોઈએ. આ નકારાત્મક ઉર્જાનો નાશ કરે છે અને તાંત્રિક અવરોધોથી રાહત આપે છે.

### ઘરે લાવવા માટેની પવિત્ર વસ્તુઓ

**બિલ્વ પત્ર :** શિવલિંગ પર ચઢાવવામાં આવતી બેલપત્ર ઘરે લાવવી ખૂબ જ શુભ માનવામાં આવે છે. તેને તમારી તિજોરી, પર્સ અથવા પૂજા સ્થાનમાં રાખો. ઘરમાં સંપત્તિ-સમૃદ્ધિ જાળવવામાં મદદ કરે છે

**અભિષેકનું જળ:** શિવલિંગ પર રેડવામાં આવેલ પાણી ઘરે લાવીને કળશ અથવા નાના વાસણમાં સંગ્રહિત કરો. તેને ઘરના ચારેય ખૂણામાં અને બીમાર વ્યક્તિ પર છાંટો. સ્વાસ્થ્ય સુધારે છે. સોમવારે આ પાણી છાંટો વધુ ફાયદાકારક છે.

**પાર્વતી શણગાર :** દેવી પાર્વતીને ચઢાવવામાં આવતી વસ્તુઓ - ઘરે લાવો અને આ દિવસે દેવી પાર્વતીને ચઢાવવામાં આવતી બંગડીઓ, સિંદૂર, મહેંદી અથવા અન્ય વસ્તુઓ પહેરો. આમ કરવાથી સૌભાગ્ય સુધરે છે અને લગ્નજીવનમાં પ્રેમ અને સમજણ વધે છે. અભિષેક પછી વધેલુ ચંદન અથવા કુમકુમનો લેપ ઘરમાં રાખો. આનાથી સકારાત્મક ભાવનાઓ વધે છે. નકારાત્મક પ્રભાવોને ઘટાડવા માટે તમારા ઘરના પ્રાર્થના ક્ષેત્રમાં શિવલિંગને ધતુરા અથવા ફૂલો અર્પણ કરો.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room, Located in downtown Huntsville. Absentee owner, Employees run for last 3 years.
Owner operator can make more money

• 78 Room Hotel Ramada Inn – SOLD
• 12 Room Motel and Restaurant in Manitulin Island – SOLD
• 17 Room Motel near Chattham – SOLD
• 12 Room Motel in Blind River – Sold Conditional
• 21 Room Motel with Restaurant in Muskoka – Sold Conditional
• 54 Room Resort in 1000 Islands on 7 acres land – Sold Conditional

43 Room Motel with 241 Pizza Restaurant with Building in Cochrane – $4.5M
Renovated Rooms, Situalted on 6 Acres of the commercial land right on Trans Canada Hwy 11. Access land can be used for further development or many more uses
Plus 2 Apartments for manager and staff - Both businesses are money making and running through the staff. Absentee Owner – ideal for owner operator.

15 Room Motel + 1 Apt – Nr Sudbury - $999K
All Rooms recently renovated + Restaurant & Bar (closed) renovated. Indoor corridor. Easy one man opeation. Money making motel with NO competition. Year round business

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel in Sault Ste Mari - $1.8M
Renovated Rooms, Spent thousands of dollar
Owners retiering

Now licensed to work in ALBERTA as well
Motels coming up for Sale in 2026
65 Room Hotel near Calgary - $5.5M
22 Room Motel, 4 BR House near Edmonton - $799,000

Motel Jobs AND Working Partner Opporunity (min $200,000 to invest) Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# ફિન્ચ વેસ્ટ LRT : પ્રથમ સપ્તાહમાં સેવામાં 12%નો ઘટાડો, ઠંડી-ટેકનિકલ ખામી નડ્યા

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં ભારે ગાજવીજ સાથે શરૂ થયેલી નવી ફિન્ચ વેસ્ટ LRT (લાઇટ રેલ ટ્રાન્ઝિટ) લાઇન તેના પ્રારંભિક તબક્કામાં જ મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. મેટ્રોલિંક્સ દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, લોન્ચિંગના એક અઠવાડિયા દરમિયાન આ લાઇન તેની નિર્ધારિત સેવાના માત્ર 88% પર જ કાર્યરત રહી હતી, એટલે કે 12% સેવા ખોરવાઈ ગઈ હતી. જોકે, અધિકારીઓ હવે દાવો કરી રહ્યા છે કે સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે.

ડિસેમ્બરની શરૂઆતમાં વર્ષ 2002 પછીના પ્રથમ મોટા ટ્રાન્ઝિટ પ્રોજેક્ટ તરીકે ખુલ્લી મુકાયેલી આ લાઇનને ટૂંકા ગાળામાં જ શિયાળાના પ્રકોપનો સામનો કરવો પડ્યો હતો. ઠંડું તાપમાન અને સ્વિચિંગ સિસ્ટમમાં સર્જાયેલી ખામીને કારણે સેવાઓ વારંવાર સ્થગિત કરવી પડી હતી.

ઠંડીને કારણે લાઇન કલાકો સુધી બંધ રહી હતી. શિયાળાના તોફાન બાદ એક આખો દિવસ સેવા બંધ રાખવી પડી હતી. ટ્રેન બંધ થતા મુસાફરોએ કડકડતી ઠંડીમાં શટલ બસોનો સહારો લેવો પડ્યો હતો. બીજી તરફ મેટ્રોલિંક્સના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, “શિયાળાના અતિશય ખરાબ હવામાનને બાદ કરતાં આ લાઇન લગભગ સંપૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત રહી છે. બરફ અને નીચા તાપમાનને કારણે સ્વિચિંગમાં સમસ્યા સર્જાઈ હતી, પરંતુ સરેરાશ 94% સમય લાઇન કાર્યરત રહી છે.” હાલમાં ટેકનિકલ ટીમો આ ખામીઓને સુધારવા અને આગામી સમયમાં શિયાળા દરમિયાન સેવા અવિરત રહે તે માટે પ્રયાસ કરી રહી છે.




Jam’e Abu Bakr Siddique
Scarborough Muslim Association
AL-JAMIAH AL-ISLAMIYAH ABU BAKR
الجامعة الإسلامية أبو بكر

EID-UL-FITR SALAAH
1st Salaah: 7:45 AM
2nd Salaah: 9:15 AM
3rd Salah: 10:30 AM
Fajr Salah on Eid Day : 6:40 AM

SADAQATUL - FITR
$10.00 PER PERSON

ISHA IQAAMAH TIME
1st to 9th Ramadhan: 8:00 PM
10th to 17th Ramadhan: 8:10 PM
18th to 22nd Ramadhan: 9:20 PM
23rd – Eid: 9:30 PM

Dua for Fasting اَللّٰهُمَّ بِصَوْمِ غَدٍ نَوَيْتُ مِنْ شَهْرِ رَمَضَانَ “Oh Allah! I intend to keep fast for tomorrow in the month of Ramadhan.”

Dua for Iftaar اَللّٰهُمَّ لَكَ صُمْتُ وَبِكَ اٰمَنْتُ وَعَلَيْكَ تَوَكَّلْتُ وَعَلٰى رِزْقِكَ اَفْطَرْتُ “Oh Allah! I fasted for You. In You do I believe, and with Your provisions (food) do I break my fast.”

RAMADHAN 1447 AH - 2026

To begin fasting, it’s preferable to finish eating 10 minutes before Fajr time begins

| DATE | DAY | RAMADHAN 1447 HIJRA | FAJR 15° | SUNRISE | ZUHR | ASR | MAGHRIB IFTAAR | ISHA 13.5° |
|---|---|---|---|---|---|---|---|---|
| Feb 19* | Thursday | 1* | 5:51 | 7:09 | 12:31 | 4:09 | 5:55 | 7:04 |
| 20 | Friday | 2 | 5:50 | 7:08 | 12:31 | 4:10 | 5:56 | 7:05 |
| 21 | Saturday | 3 | 5:48 | 7:06 | 12:31 | 4:11 | 5:58 | 7:06 |
| 22 | Sunday | 4 | 5:47 | 7:05 | 12:31 | 4:12 | 5:59 | 7:08 |
| 23 | Monday | 5 | 5:45 | 7:03 | 12:31 | 4:14 | 6:00 | 7:10 |
| 24 | Tuesday | 6 | 5:44 | 7:02 | 12:31 | 4:15 | 6:02 | 7:10 |
| 25 | Wednesday | 7 | 5:42 | 7:00 | 12:31 | 4:16 | 6:03 | 7:11 |
| 26 | Thursday | 8 | 5:41 | 6:58 | 12:30 | 4:17 | 6:04 | 7:13 |
| 27 | Friday | 9 | 5:39 | 6:57 | 12:30 | 4:18 | 6:06 | 7:14 |
| 28 | Saturday | 10 | 5:37 | 6:55 | 12:30 | 4:19 | 6:07 | 7:15 |
| March 1 | Sunday | 11 | 5:36 | 6:53 | 12:30 | 4:21 | 6:08 | 7:17 |
| 2 | Monday | 12 | 5:34 | 6:52 | 12:30 | 4:22 | 609 | 7:18 |
| 3 | Tuesday | 13 | 6:32 | 6:50 | 12:29 | 4:23 | 6:11 | 7:20 |
| 4 | Wednesday | 14 | 5:31 | 6:48 | 12:29 | 4:24 | 6:12 | 7:20 |
| 5 | Thursday | 15 | 5:29 | 6:47 | 12:29 | 4:25 | 6:13 | 7:21 |
| 6 | Friday | 16 | 5:27 | 6:45 | 12:29 | 4:26 | 6:15 | 7:23 |
| 7 | Saturday | 17 | 5:26 | 6:43 | 12:29 | 4:27 | 6:16 | 7:25 |
| 1 Hour Forward 8 | Sunday | 18 | 6:24 | 7:41 | 1:28 | 5:28 | 7:17 | 8:26 |
| 9 | Monday | 19 | 6:22 | 7:39 | 1:28 | 5:29 | 7:18 | 8:27 |
| 10 | Tuesday | 20 | 6:20 | 7:38 | 1:28 | 5:30 | 7:20 | 8:28 |
| 11 | Wednesday | 21 | 6:19 | 7:36 | 1:28 | 5:31 | 7:21 | 8:30 |
| 12 | Thursday | 22 | 6:17 | 7:34 | 1:27 | 5:32 | 7:22 | 8:31 |
| 13 | Friday | 23 | 6:15 | 7:32 | 1:27 | 5:33 | 7:23 | 8:32 |
| 14 | Saturday | 24 | 6:13 | 7:30 | 1:27 | 5:34 | 7:25 | 8:33 |
| 15 | Sunday | 25 | 6:11 | 7:29 | 1:26 | 5:35 | 7:26 | 8:34 |
| 16 | Monday | 26 | 6:09 | 7:27 | 1:26 | 5:36 | 7:27 | 8:35 |
| 17 | Tuesday | 27 | 6:08 | 7:25 | 1:26 | 5:37 | 7:28 | 8:37 |
| 18 | Wednesday | 28 | 6:06 | 7:23 | 1:26 | 5:38 | 7:29 | 8:38 |
| 19 | Thursday | 29 | 6:04 | 7:21 | 1:25 | 5:39 | 7:31 | 8:39 |
| 20 | Friday | 30 | 6:02 | 7:20 | 1:25 | 5:40 | 7:32 | 8:41 |

*Eid-ul-Fitr FRIDAY March 20th, 2026 *Eid-ul-Fitr and Ramadhan begins date - subject to sighting of the moon

* TIME CHANGES FROM SUNDAY MARCH 8th, 2026 – CLOCKS 1 HOUR FORWARD


# ભારત હવે ક્રૂડની ખરીદી બંધ કરશે તેવું ટ્રમ્પ સિવાય કોઇએ કહ્યું નથી : રશિયા

**મોસ્કો**

ભારત રશિયન ક્રૂડ ઓઇલની ખરીદી બંધ કરશે તેવી અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ સિવાય બીજા કોઈએ જાહેરાત કરી નથી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે ભારતના બીજા કોઇ નેતાએ આવું કોઇ નિવેદન આપ્યું નથી, એમ રશિયનના વિદેશ પ્રધાન સર્ગેઇ લાવરોવે બુધવારે સંસદમાં જણાવ્યું હતું. અમેરિકા પ્રતિબંધો અને ટેરિફ સહિતના વિવિધ બળજબરીના પગલાં લઈને ભારત અને બીજા દેશોને રશિયન તેલની ખરીદી કરતાં અટકાવવાના પ્રયાસો કરી રહ્યું હોવાના રશિયાના આક્ષેપ પછી લાવરોવે આ નિવેદન આપ્યું હતું. રશિયાની લોકસભા (ડુમા)માં સાંસદોના પ્રશ્નોના જવાબ આપતા લાવરોવે જણાવ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાથી તેલ ન ખરીદવાના ભારતના કરારની જાહેરાત કરી છે. મેં વડાપ્રધાન મોદી અને ભારતના બીજા કોઇ નેતાઓ સહિત અન્ય કોઇ પાસેથી આવું નિવેદન સાંભળ્યું નથી.બ્રિક્સ સમીટનો એક ટોચનો મુદ્દો ઊર્જા સુરક્ષા હશે તેવા ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકરના નિવેદનને ટાંકીને જણાવ્યું હતું કે ડિસેમ્બર ૨૦૨૫માં પ્રેસિડન્ટ પુતિનની ભારતની સત્તાવાર મુલાકાતે મોસ્કો અને નવી દિલ્હી વચ્ચેના સંબંધોને વધુ સમૃદ્ધ બનાવ્યા છે. આ વર્ષે ભારતની અધ્યક્ષતામાં યોજાનારી બ્રિક્સ સમિટ દરમિયાન બંને દેશોના નેતાઓ વચ્ચે એક નવી બેઠક યોજાવાની ધારણા છે. ભારત ઇચ્છે તેટલા પ્રમાણ રશિયા તેની સાથેના સંબંધોને આગળ વધારવા તૈયાર છે. માત્ર આકાશ જ મર્યાદા છે.

# સ્કિન કેરથી પિગ્મેન્ટેશનને નિયંત્રિત કરી શકાય

**માનવત્વચા મુખ્યત્વે 3 સ્તરોમાંથી બનેલી છે. એપિડર્મિસ, ડર્મિસ અને હાઈપોડર્મિસ. પિગ્મેન્ટેશનની પ્રક્રિયા મુખ્યત્વે એપિડર્મિસ અને ક્યારેક ડર્મિસ સુધી સીમત રહે છે. ત્વચાને રંગ આપનાર તત્ત્વને મેલેનિન કહેવામાં આવે છે. જ્યારે ત્વચાના ચોક્કસ ભાગોમાં મેલેનિન વધારે પ્રમાણમાં બને, ત્યારે ત્વચા પર કાળા ડાઘ, છાંટા, મેલાઝ્મા અથવા ડાર્ક પેચિસ દેખાવા લાગે છે. જેને પિગ્મેન્ટેશન કહેવામાં આવે છે.**

**સ્કિનના લેયર્સમાં પિગ્મેન્ટેશન કેવી રીતે થાય**

માનવત્વચા મુખ્યત્વે ત્રણ સ્તરોમાંથી બનેલી છે. એપિડર્મિસ, ડર્મિસ અને હાઇપોડર્મિસ. પિગ્મેન્ટેશનની પ્રક્રિયા મુખ્યત્વે એપિડર્મિસ અને ક્યારેક ડર્મિસ સુધી સીમત રહે છે.

**મેલેનિન અને મેલાનોસાઇટ્સની ભૂમિકા**

ત્વચાને રંગ આપતું મુખ્ય પિગ્મેન્ટ મેલેનિન છે. આ મેલેનિનનું નિર્માણ મેલાનોસાઈટ્સ નામની વિશેષ કોશિકાઓ દ્વારા થાય છે, જે એપિડર્મિસના સૌથી નીચેના સ્તર બેઝલ લેયરમાં સ્થિત હોય છે. મેલાનોસાઇટ્સ એક એન્ઝાઈમ, ટાયરોસિનેઝની મદદથી એમિનો એસિડ ટાયરોસિનમાંથી મેલેનિન બનાવે છે. આ મેલેનિન નાના થેલા જેવા મેલાનોસેમ્સમાં ભરીને આસપાસની કેરાટિનોસાઈટ કોશિકાઓમાં પહોંચાડવામાં આવે છે.

**સામાન્ય સ્થિતિમાં શું થાય છે?**

સામાન્ય દિવસમાં મેલેનિનનું ઉત્પાદન સંતુલિત હોય છે. જેટલું મેલેનિન બને છે એટલું જ તે ત્વચાના ઉપરના સ્તર સુધી પહોંચે છે અને ત્વચાની નેચરલ એક્સફોલિએશન પ્રક્રિયામાં ધીમે ધીમે દૂર થઈ જાય છે, તેથી ત્વચાનો રંગ સમાન રહે છે.

**એપિડર્મલ પિગ્મેન્ટેશન**

જ્યારે મેલેનિન માત્ર એપિડર્મિસમાં જ રહે છે ત્યારે તેને એપિડર્મલ પિગ્મેન્ટેશન કહે છે. આ પ્રકારનું પિગ્મેન્ટેશન હળવું બ્રાઉન દેખાય છે અને યોગ્ય સ્કિન કેર અથવા ટ્રીટમેન્ટથી ઝડપથી ઘટી શકે છે.



**પિગ્મેન્ટેશન વખતે શું બદલાય છે?**

જ્યારે ત્વચા પર uv કિરણો, હોર્મોનલ બદલાવ, સોજો અથવા ઈજા થાય છે ત્યારે મેલાનોસાઈટ્સ અસામાન્ય રીતે સક્રિય થઈ જાય છે. પરિણામે મેલેનિનનું ઉત્પાદન વધારે થાય છે. મેલાનોસોમ્સ વધુ પ્રમાણમાં બને છે. મેલેનિન ત્વચાના ચોક્કસ ભાગમાં જમા થવા લાગે છે. આથી ત્વચા પર કાળા ડાઘ અથવા પેચિસ દેખાય છે.

**ડર્મલ પિગ્મેન્ટેશન**

ક્યારેક ગંભીર સોજા અથવા ઘા પછી મેલેનિન એપિડર્મિસમાંથી નીચે ડર્મિસમાં પડી જાય છે. ડર્મિસમાં રહેલું મેલેનિન સરળતાથી દૂર કરી શકાતું નથી, તેથી રંગ વધુ ઘાટો, ગ્રે-બ્રાઉન અથવા નીલો દેખાય છે. સારવારમાં વધુ સમય લાગે છે.

**પોસ્ટ-ઈન્ફ્લેમેટરી પિગ્મેન્ટેશન (PTH)**

દાણા, એલર્જી અથવા ખોટી ટ્રીટમેન્ટ પછી થતો સોજો મેલાનોસાઈટ્સને ઉત્તેજિત કરે છે. આ વૈજ્ઞાનિક રીતે સાબિત થયું છે કે ઈન્ફ્લેમેટરી મિડિયેટર્સ મેલેનિનના ઉત્પાદનને વધારે છે.

**પિગ્મેન્ટેશન થવાનાં મુખ્ય કારણો**

**સૂર્યપ્રકાશ :** સૂર્યનાં અલ્ટ્રાવાયોલેટ કિરણો ત્વચાને નુકસાન કરે છે અને મેલેનિનનું ઉત્પાદન વધારે છે. સનસ્ક્રીન વગર બહાર જવું પિગ્મેન્ટેશનનું સૌથી મોટું કારણ છે.

**હોર્મોનલ બદલાવ :** હોર્મોનલ બદલાવ ગર્ભાવસ્થામાં કે પિરિયડ્સમાં અસંતુલન થવાથી કે થાઈરોઈડની સમસ્યા આ સ્થિતિમાં હોર્મોન બદલાતા મેલેનિન ખાસ કરીને ચહેરા પર વધે છે.

**દાણા, એલર્જી અથવા ઘા પછી :** દાણા, ફોડા અથવા ઘા ઠીક થયા પછી ત્યાં કાળાં નિશાન રહી જાય તેને પોસ્ટ ઈન્ફ્લેમેટરી પિગ્મેન્ટેશન કહે છે.

**નકલી કોસ્મેટિક અને ટ્રીટમેન્ટ :** કેમિકલવાળી પ્રોડક્ટ્સ વાપરવાથી, બિનઅનુભવી રીતે ફેસિયલ, પીલિંગ અથવા વેક્સ ત્વચામાં પિગ્મેન્ટેશન વધારે છે.

**ઉંમર વધવી :** ઉંમર વધતાં ત્વચાની રિપેર કરવાની શક્તિ ઘટે છે અને પિગ્મેન્ટેશન દેખાવા લાગે છે.

**તણાવ અને ઊંઘની અછત :** માનસિક તણાવ હોર્મોનલ અસંતુલન કરે છે, જે ત્વચા પર અસર કરે છે.

**પોષણની ઊણપ :** આયર્ન, વિટામિન B12 અને વિટામિન Cની ઊણપ ત્વચાને નીરસ બનાવી પિગ્મેન્ટેશન વધારશે.

**વારસાગત કારણો :** કેટલાક લોકોને કુટુંબમાંથી પિગ્મેન્ટેશન થવાની પ્રકૃતિ મળી હોય છે. પિગ્મેન્ટેશન એક જટિલ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જેમાં મેલાનોસાઈટિસ, મેલેનિન, એન્ઝાઈમ્સ અને ત્વચાના સ્તરોની ભૂમિકા હોય છે. યોગ્ય સૂર્ય રક્ષણ, સોજામાં નિયંત્રણ અને વૈજ્ઞાનિક સ્કિન કેરથી પિગ્મેન્ટેશનને નિયંત્રિત કરી શકાય છે. પિગ્મેન્ટેશન માત્ર સૌંદર્યની સમસ્યા નથી, પરંતુ તે આપણી જીવનશૈલી, સ્વાસ્થ્ય અને ત્વચાની સંભાળ સાથે જોડાયેલી છે. યોગ્ય સ્કિન કેરથી પિગ્મેન્ટેશનને નિયંત્રિત કરી શકાય છે.

# પૂર-વાવાઝોડામાં ગુજરાતે 3277 કરોડ માગ્યા, મળ્યાં 1 હજાર કરોડ

## ચાલુ વર્ષે પણ કમોસમી વરસાદથી ગુજરાતમાં 15 હજાર ગામોમાં કુલ મળીને 42 લાખ હેક્ટરમાં ખેતીને નુકશાન પહોચ્યું હતું

**અમદાવાદ**

છેલ્લાં ત્રણેક વર્ષમાં પુર-વાવાઝોડા જેવી કુદરતી આફતોને કારણે ગુજરાતને ભારે નુકસાન પહોંચ્યું છે. આ વખતે પણ ચોમાસામાં ભારે વરસાદ વરસતાં ખેતીને એટલું નુકશાન પહોચ્યુંકે, રાજ્ય સરકારે 10 હજાર કરોડ રૂપિયાનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવું પડ્યુ હતું. કેન્દ્રનો ગુજરાતને અન્યાયને વાતો કરી ભાજપે કોંગ્રેસની કેન્દ્ર સરકારને ગાળો ભાંડવામાં જરાય કસર છોડી ન હતી. હવે ખુદ કેન્દ્ર સરકારે જ સંસદમાં માહિતી રજૂ કરી છે કે, પુર-વાવાઝોડા વખતે ગુજરાત સરકારે કુલ મળતીને 3377 કરોડ રૂપિયાની નાણાંકીય સહાય કરવા રજૂઆત કરી હતી, પરંતુ કેન્દ્રએ માત્ર એક હજાર આપી હાથ અધ્ધર કરી લીધા હતા.

છેલ્લાં કેટલાંક વખતથી ગુજરાત જાણે કુદરતી આફતોથી ઘેરાયેલુ રહ્યું છે. ચાલુ વર્ષે પણ કમોસમી વરસાદથી ગુજરાતમાં 15 હજાર ગામોમાં કુલ મળીને 42 લાખ હેક્ટરમાં ખેતીને નુકશાન પહોચ્યું હતું. પુર અને વાવાઝોડા જેવી કુદરતી આફતોમાં લોકોને સલામત સ્થળ-રહેવા-જમવાની વ્યવસ્થા, રસ્તાઓનું સમારકામ જેવી બચાવ કામગીરી કરવી જરૂરી હોય છે. ખેડૂતો જ નહીં, અસરગ્રસ્તોને રાહત સહાય પહોંચાડવી પડે છે.

કેન્દ્રીય ગૃહ વિભાગે સંસદમાં વિગતો રજૂ કરી છેકે, વર્ષ 2021-22માં તૌકતે વાવાઝોડુ ગુજરાત પર ત્રાટક્યુ હતું. દરિયાકાંઠાના વિસ્તોરોમાં ભારે તબાહી મચી હતી. માછીમારી ઉપરાંત બાગાયાતી પાકોને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું. તે વખતે રાજ્ય સરકારે સર્વે કરીને 2448 કરોડ રૂપિયાની મદદ કરી કેન્દ્ર સરકારે 1133 કરોડ રૂપિયા મંજૂર કરીને સહાય કરવા વચન આપ્યું હતું. આખરે એક હજાર કરોડ આપીને સંતોષ માણી લીધો હતો.

આ ઉપરાંત વર્ષ 2022-23માં પુર હતું. આવતા ફરી રાજ્ય સરકારે 152 કરોડ રૂપિયા આપવા માંગ કરી ત્યારે 82.53 કરોડ રૂપિયા ભારે મંજૂર કર્યા હતાં. પણ ગુજરાતને કાણીપાઈ આપી નહીં. આજ પ્રમાણે વર્ષ 2023-24માં બિપરજોય વાવાઝોડાએ ભારે તબાહી મચાવી હતી.

# લાલપુરના ધરમપુર ગામમાં લગ્ન પ્રસંગમાં નિમંત્રણ નહીં આપતાં માતા પુત્ર પર હુમલો

### નજીકના કુટુંબી એવા પાંચ શખ્સો સામે હુમલાની ફરિયાદ

**લાલપુર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ધરમપુર ગામમાં રહેતા મુકેશ જીણાંભાઈ ખરા નામના 35 વર્ષના દલિત યુવાને પોતાના ઉપર તેમજ પોતાની માતા નાથીબેન ઉપર લાકડી વડે હુમલો કરી બંનેના માથા ફોડી નાખવા અંગે પોતાના જ નજીકના કુટુંબીઓ ખંભાળિયા તાલુકાના સગપર ગામમાં રહેતા સંજય જેસાભાઈ ખરા, ઉપરાંત મુકેશ ખીમાભાઈ ખરા, દિનેશ ખીમાભાઈ ખરા, ખીમાભાઈ દેવાભાઈ ખરા, રાજેશ કરસનભાઈ ખરા વગેરે સામે ફરિયાદ નોંધાવી છે.

માતા પુત્રને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે જામનગરની સરકારી જીજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં બંનેના માથામાં ટાંકા લેવા પડ્યા છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી મુકેશભાઈના નાના ભાઈના છઠ્ઠી તારીખે લગ્ન થયા હતા, જે લગ્નની કંકોત્રી આરોપીઓને મોકલી ન હોવાથી તમામ આરોપીઓ આવ્યા હતા, અને અમને લગ્નમાં શું કામ ન બોલાવ્યા તેમ કહી હુમલો કરી દીધો હતો.

# જામનગરમાં કરોડોની સરકારી જમીન પચાવી પાડવાનું કૌભાંડ, 3 શખ્સની ધરપકડ થઈ

## કરોડોની જમીન અને 66 પ્લોટ અંગે લેન્ડ ગ્રેબિંગ મામલે ગુનો નોંધાયો

**જામનગર**

જામનગરમાં ભૂમાફિયાઓ પર તંત્રએ લાલ આંખ કરી છે. રણજીત સાગર રોડ પર આવેલી કરોડોની કિંમતની સરકારી ખરાબાની જમીન પચાવી પાડી, તેના ખોટા નકશા બનાવી પ્લોટ વેચી નાખવાના કૌભાંડમાં પોલીસે મોટી કાર્યવાહી કરી છે. લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ 6 શખસો સામે ફરિયાદ નોંધાયાના ગણતરીના કલાકોમાં જ પોલીસે 3 આરોપીઓની ધરપકડ કરી છે.

મળતી માહિતી અનુસાર, રણજીત સાગર રોડ પર આવેલી અંદાજે 8,586 ચોરસ મીટર સરકારી જમીન પચાવી પાડવામાં આવી હતી. પચાવી પાડવામાં આવેલી આ જમીનની હાલની બજાર કિંમત આશરે 2.80 કરોડ રૂપિયા થવા જાય છે. આરોપીઓએ આ સરકારી જમીન પોતાની માલિકીની હોવાનું દર્શાવવા ખોટા નકશા અને બોગસ દસ્તાવેજો તૈયાર કર્યા હતા. ત્યારબાદ જમીનમાં કુલ 66 પ્લોટ પાડીને ગ્રાહકોને વેચી મારી આર્થિક લાભ મેળવ્યો હતો. જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલી લેન્ડ ગ્રેબિંગ કમિટીના આદેશ બાદ સીટી એ-ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. તપાસનીશ અધિકારી DySP જે.એન. ઝાલા અને તેમની ટીમે તપાસનો ધમધમાટ તેજ કરી જગદીશ ચોવટિયા, રાજેશ મારુ અને યજ્ઞેશ રાણપરિયાને ઝડપી લીધા છે.

# ગુજરાતમાં દર બે મિનિટે ફાટે છે 29 ઓનલાઈન મેમો, એક જ વર્ષમાં ચલણની સંખ્યા થઈ બમણી

## વર્ષના અંત સુધીમાં ઓનલાઈન ચલણનો આંકડો એક કરોડને પાર થઈ શકે છે

**અમદાવાદ**

ગુજરાતમાં ઘણા લોકો ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરે છે. ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા પોલીસ ડિજિટલ રીત અપવનાવી રહી છે. રાજ્યમાં દર બે મિનિટે 29 ઓનલાઈન ટ્રાફિક ચલણ ઈશ્યૂ કરવામાં આવે છે. પરિવહન પોર્ટલ પર એક જ વર્ષમાં ચલણી સંખ્યા બમાણી થaઈ છે. આ આંકડો માત્ર વધતા જતા ટ્રાફિક ઉલ્લંઘનો જ નહીં, પરંતુ ટેકનોલોજી આધારિત પોલીસિંગના ઝડપી વિસ્તારને




પણ દર્શાવે છે.

મળતી વિગત પ્રમાણે, માત્ર જાન્યુઆરી મહિનામાં જ 6.89 લાખ ઓનલાઈન ચલણ ફાડવામાં આવ્યા હતા. દૈનિક 22,239 ચલણ ઈશ્યૂ કરવામાં આવ્યા હતા. આ આંકડો 2025ની દૈનિક સરેરાશ 20,948 કરતા ઘણો વધારે છે. આ ઉપરાંત 2024ની સરેરાશ 10,656 કરતાં તો લગભગ બમણો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, રાજ્યમાં રાષ્ટ્રીય પરિવહન પોર્ટલનો સંપૂર્ણ અમલ થવાથી ડેટાનું સેન્ટ્રલાઈઝેશન થયું છે. જેના કારણે મોટો ઉછાળો જોવા મળ્યો છે. આ આંકડામાં ટ્રાફિક પોલીસ દ્વારા સ્થળ પર વસૂલવામાં આવતાં દંડનો સમાવેશ થતો નથી. તેથી વાસ્તવિક દંડની રકમ આ આંકડાઓ કરતા પણ ઘણી મોટી છે.

# અમદાવાદ એરપોર્ટ પર દુબઈથી આવેલા પેસેન્જર પાસેથી 96 લાખનું સોનું ઝડપાયું

### પેસેન્જરે અન્ડરવિયરમાં બે ગોલ્ડ બાર સંતાડ્યા

**અમદાવાદ**

અમદાવાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ વિભાગે સોનાની હેરાફેરીનું એક મોટું રેકેટ ઝડપ્યું છે. સોમવારે (નવમી ફેબ્રુઆરી) વહેલી સવારે દુબઈથી આવેલી એક ફ્લાઈટમાં ભારતીય પેસેન્જરની શંકાસ્પદ હિલચાલને આધારે અટકાયત કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જ પેસેન્જર પાસેથી આશરે 96 લાખની કિંમત ધરાવતી સોનાની લગડીઓ મળી આવતા એરપોર્ટ પર ફફડાટ મચી ગયો હતો.

પેસેન્જરે કસ્ટમ અધિકારીઓની નજરથી બચવા માટે ચાલાકીપૂર્વક સોનું છુપાવ્યું હતું. તેણે પોતાના અન્ડરવિયરમાં ખાસ ખિચ્ચા બનાવીને બે ગોલ્ડ બાર સંતાડ્યા હતા, પરંતુ જ્યારે અધિકારીઓએ તેની તપાસ કરી ત્યારે ચોંકાવનારી વિગત સામે આવી હતી. પેસેન્જરે બાકીનું સોનું પોતાના અંડરવેરની અંદર છુપાવી રાખ્યું હતું. કુલ 324.14 ગ્રામ વજન ધરાવતી ત્રણ સોનાની લગડીઓ જપ્ત કરવામાં આવી છે, જેની શુદ્ધતાની ચકાસણી બાદ કસ્ટમ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

# જામનગરમાં ‘હું નથુરામ’ નાટક : કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

**જામનગર**

જામનગર શહેરમાં રવિવારે એક ગ્રુપ દ્વારા ‘હું નથુરામ’ નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું, અને તેની જાહેરાત કરાઈ હતી. અને અગાઉથી ટાઉનહોલ ભાડે રખાયો હતો. જોકે જામનગર શહેરમાં કાર્યરત આર.આર ગ્રુપના મર્યાદિત સભ્યો દ્વારા અલગ અલગ કાર્યક્રમોનું આયોજન થાય છે, જેના ભાગરૂપે રવિવારે ‘હું નથુરામ’ નાટકનો શૉ યોજાયો હતો. પરંતુ તે પહેલા જામનગર શહેર કોંગ્રેસ દ્વારા તેના શૉ બાબતે વાંધો લેવામાં આવ્યો હતો. જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા દ્વારા વહીવટી તંત્રને આ બાબતે લેખિત વાંધા અરજી કરવામાં આવી હતી, અને મહાત્મા ગાંધીના હત્યારાનું મહિમા મંડન જામનગરમાં થવા નહીં દઈએ, તેમ કહીને વિરોધ પ્રગટ કર્યો હતો. ઉપરાંત શૉ શરૂ થાય તે પહેલાં જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા, મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા ધવલ નંદા, તથા અન્ય કોંગી કાર્યકરો ટાઉનહોલના દ્વારે પહોંચી ગયા હતા, અને બેનર-પોસ્ટર વગેરે ફાડી નાખ્યા હતા.

# એન્જિનિયરિંગમાં દીકરીઓનો દબદબો, રાજ્યમાં વિદ્યાર્થિનીઓની સંખ્યા 25 ટકા ઉપર પહોંચી ગઈ

## કોમ્પ્યુટર બાદ હવે અનેક દિકરીઓએ મિકેનિકલ અને સિવિલમાં પ્રવેશ મેળવ્યો

**અમદાવાદ**

11 ફેબ્રુઆરીને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઈન્ટરનેશનલ ડે ઓફ વિમેન એન્ડ ગર્લ્સ ઈન સાયન્સ તરીકે ઉજવવામાં આવે છે. આ દરમિયાને એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ACPC)ના ડેટા મુજબ, 2015-16થી 2025-26 દરમિયાન એન્જિનિયરિંગની બેઠકોમાં વિદ્યાર્થિનીઓની હિસ્સો 14 ટકાથી વધીને 25 ટકા થયો છે. તેનો અર્થ રાજ્યમાં દર 4 એન્જિનયિરિંગ વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થિની છે. આ સંખ્યા એન્જિનિયરિંગ માત્ર પુરુષો માટે છે તેવા ખ્યાલને તોડી રહી છે.

સૂત્રોએ જણાવ્યું કે, છેલ્લા થોડા વર્ષોથી રાજ્યમાં STEM (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સ) કોર્સમાં વિદ્યાર્થિનીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. મહત્ત્વની વાત એ છે કે વિદ્યાર્થિનીઓ અત્યાર સુધી માત્ર કોમ્પ્યુટર કે આઈટી જેવી પરંપરાગત બ્રાન્ચ પસંદ કરતી હતી, પરંતુ હવે તેઓ મિકેનિકલ અને સિવિલ એન્જિનિરિંગ પણ પસંદ કરી રહી છે. આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું કે, PDEU જેવી સંસ્થાઓમાં 2015-16માં મહિલા રજિસ્ટ્રેશન 14 ટકા (123 વિદ્યાર્થિનીઓ) હતું, જે આ વર્ષે વધીને 26 ટકા (447 વિદ્યાર્થિનીઓ) પર પહોંચ્યું છે. તેવી જ રીતે, IIT ગાંધીનગર (IIT-Gn) માં વિદ્યાર્થિનીઓની સંખ્યા એક દાયકામાં 85 થી વધીને 245 થઈ છે.

મહિલાઓ હવે AI જેવા ઉભરતા ક્ષેત્રોમાં પણ મોખરે છે. બાયોટેક જેવા ક્ષેત્રોમાં પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ નોંધાઈ છે. આ સંસ્થાએ મહિલાઓ માટે ફીમાં 50 ટકા સુધીની માફી આપતી સ્કોલરશિપ પણ શરૂ કરી છે.

# ટ્રાફિકની સમસ્યા વચ્ચે રાજ્યમાં વાહનોની સંખ્યા 3.11 કરોડ થઈ

## છેલ્લા 5 વર્ષમાં કારના રજિસ્ટ્રેશનમાં 40 ટકાનો તોતિંગ વધારો, 25 વર્ષમાં વાહનોની સંખ્યામાં રેકોર્ડબ્રેક વધારો

**અમદાવાદ**

ગુજરાતમાં વાહનોની સંખ્યામાં છેલ્લા એક દાયકામાં 70 ટકાનો માતબર વધારો નોંધાયો છે. વર્ષ 2014-15માં રાજ્યમાં નોંધાયેલા વાહનોની સંખ્યા 1.67 કરોડ હતી, જે હવે વધીને 3.11 કરોડ પર પહોંચી ગઈ છે. નોંધનીય છે કે, ગુજરાતમાં હાલમાં નોંધાયેલા કુલ વાહનોમાં 75 ટકા હિસ્સો માત્ર ટુ-વ્હીલર્સનો છે.

રાજ્ય પરિવહન વિભાગની માહિતી અનુસાર, વર્ષ 2024-25માં ગુજરાતમાં નોંધાયેલા કુલ વાહનોમાં 1.63 લાખ બસ, 49.54 લાખ કાર, 11 લાખ ઓટોરિક્ષા અને 2.47 કરોડ ટુ-વ્હીલર્સનો સમાવેશ થાય છે. વર્ષ 2000-01ના આંકડાઓ સાથે તુલના કરીએ તો, તે સમયે રાજ્યમાં માત્ર 48.10 લાખ વાહનો હતા. આમ, છેલ્લા 25 વર્ષમાં વાહનોની સંખ્યામાં તોતિંગ વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને ટુ-વ્હીલર્સની સાથે હવે કારની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

ગુજરાતમાં કારની સંખ્યામાં થયેલો ક્રમશઃ વધારો આશ્ચર્યજનક છે. વર્ષ 1960-61માં રાજ્યમાં માત્ર 15,927 કાર હતી, જે 1990-91માં વધીને 1.55 લાખ અને 2000-01માં 4.38 લાખ સુધી પહોંચી હતી. 2010-11માં આ આંકડો 12.18 લાખ થયો અને 2019-20માં વધીને 34.62 લાખ નોંધાયો હતો. વર્ષ 2019-20ની સરખામણીએ હાલમાં કારની સંખ્યામાં 40 ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે. વર્ષ 2026ની અંદાજિત 7.31 કરોડની વસ્તી સામે રાજ્યમાં વાહનોની સ્થિતિ જોતા, હાલ ગુજરાતમાં સરેરાશ દર 2.36 વ્યક્તિએ 1 પેસેન્જર વ્હીકલ નોંધાયેલું છે.

### શહેરનું વધતું ભારણ: અમદાવાદમાં વાહનોની સંખ્યા ચિંતાજનક સ્તરે



વર્ષ 2024-25ના આંકડા અનુસાર, ગુજરાતમાં પેસેન્જર વાહનોની સંખ્યામાં અમદાવાદ જિલ્લો સમગ્ર રાજ્યમાં મોખરે છે. અમદાવાદમાં કુલ 61.93 લાખ વાહનો નોંધાયા છે, જેમાં 46.01 લાખ ટુ-વ્હીલર્સ અને 2.91 લાખ રિક્ષાનો(અથવા અન્ય કેટેગરી) સમાવેશ થાય છે. બીજી તરફ, જો ટ્રાન્સપોર્ટ અને કૃષિ ક્ષેત્રના વાહનોની વાત કરીએ તો, ગુજરાતમાં 12.10 લાખ ટ્રેક્ટર અને 4.15 લાખ ટ્રેલર્સ નોંધાયેલા છે.

# આઈકાર્ડે ભાંડો ફોડ્યો : કલોલમાંથી NIAનો નકલી પીએસઆઈ ઝડપાયો

## અગાઉ પણ આરોપીએ આ પ્રકારની હરકત કરી હતી

ગાંધીનગર : ગાંધીનગરના કલોલમાંથી એનઆઈએનો નકલી પીએસઆઈ ઝડપાયો છે. આ નકલી પીઆઈ સીધો કલોલ ડીવાયએસપી કચેરીએ પહોંચ્યો હતો. તેણે એનઆઈએના પીએસઆઈ તરીકે ઓળખ આપીને રૌફ જમાવ્યો હતો.નકલી આઈકાર્ડ બતાવીને ડીવાયએસપીને મળવાનું કહ્યું હતું. આઈ કાર્ડ પર શંકા જતાં જ તેનો ભાંડો ફૂટ્યો હતો. કલોલમાં નકલી PSI બની રોફ જમાવવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ગુંજન કાંટીચા નામનો વ્યક્તિ NIAમાં PSI તરીકે પોતાની ઓળખ આપીને સીધો કલોલ DySP કચેરી પહોંચ્યો હતો. તેણે અધિકારીઓને મળવા માટે દબાણ પણ કર્યું હતું. આરોપીએ પોતાનું નકલી I-Card રજૂ કરીને DySPને મળવાની માંગણી કરી હતી. જાકે, I-Cardમાં શંકાસ્પદ વિગતો દેખાતા કચેરીના સ્ટાફે તેની ચકાસણી હાથ ધરી હતી. તપાસ દરમિયાન ઓળખપત્ર નકલી હોવાનું સામે આવતા આખો ભાંડો ફૂટ્યો હતો. પોલીસે તરત જ ગુંજન કાંટીચાને લઈ પુછપરછ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે આરોપી અગાઉ પણ આવી જ હરકતો કરી ચૂક્યો છે અને સોલા પોલીસે તેની અગાઉ ધરપકડ કરી હતી.

# પાટીદારોને ભવન માટે 900 કરોડની જમીન મફત મળી, ઠાકોરોએ 30 કરોડ ભરવા પડ્યા

## આપણે સૌએ પુરુષોત્તમ સોલંકી જેવું બનવું પડશે : બળદેવજીનો હુંકાર

**મહેસાણા**

બહુચરાજીના ખાંભેલ ગામે ઠાકોર સમાજની બંધારણ સભા યોજાઈ હતી. જેમાં સમાજને પૂરતું પ્રતિનિધિત્વ ન મળતું હોવાનો સૂર ઉઠ્યો હતો. સભામાં ઉપસ્થિત ઠાકોર નેતાએ કહ્યું, પાટીદારોને ભવન માટે 900 કરોડની જમીન મફત મળી, ઠાકોરોએ 30 કરોડ ભરવા પડ્યા હતા.

આ સભામાં મહેસાણા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જણાવ્યું કે, ઠાકોર સમાજના શિક્ષણ ભવન નિર્માણ માટે 10 હજાર મીટર જમીન મેળવવા સમાજે સરકારમાં 30 કરોડ રૂપિયા ભરવા પડયા છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે, પણ જો બહુચરાજીના ભાજપ ધારાસભ્ય સુખાજી ઠાકોર મુખ્ય પ્રધાન હોય અથવા દિનેશભાઈ મહેસૂલ પ્રધાન હોય તો ટેક્સમાં માફી થાય કે ના થાય?

તેમણે પાટીદાર સમાજના વિશ્વ ઉમિયાધામનું ઉદાહરણ આપતાં કહ્યું કે, પાટીદાર સમાજને ધન્યવાદ આપવા પડે. મારા મતવિસ્તાર કલોલમાં જાસપુરમાં બની રહેલા વિશ્વના સૌથી મોટા ઉમિયાધામ માટે સરકારે 120 વીઘામાંથી 45 વીઘા જમીન શૂન્ય ટકા કપાત સાથે આપી છે. અમદાવાદ પાસે આવેલી આ જમીનની બજાર કિંમત આશરે 900 કરોડ રૂપિયા થાય છે અને તેના પર પાટીદાર સમાજના યુવાનોને આઈએએસ-આઈપીએસ બનાવવાની ટ્રેનિંગ અપાય છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ કોઈની ટીકા નથી કરી રહ્યા, પરંતુ ઠાકોર સમાજને પણ આવી જ મદદ મળે તે જરૂરી છે.

# શહેરી સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન માટે રાજ્યના 1823થી વધુ પ્રોજેક્ટ્સને લીલીઝંડી

## ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ્સ (GVPs)ની ઓળખ કરીને તેના નિકાલનો લક્ષ્યાંક

**અમદાવાદ**

ગુજરાત સરકારે "અર્નિંગ વેલ, લિવિંગ વેલ"ના સંકલ્પ હેઠળ ગુજરાતના શહેરોને શ્રેષ્ઠ સુવિધાયુક્ત બનાવવા તેમજ નાગરિકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત જીવન પ્રદાન કરવાના ઉદ્દેશ સાથે વર્ષ 2025ને "શહેરી વિકાસ વર્ષ" જાહેર કર્યું છે. શહેરી વિકાસ વર્ષ 2025 અંતર્ગત રાજ્ય સરકાર ટકાઉ શહેરી આયોજન અને વિકાસનું લક્ષ્ય ધરાવે છે. ગુજરાત સરકાર શહેરોમાં વર્ષોથી પડેલા કચરાના વૈજ્ઞાનિક નિકાલ દ્વારા પર્યાવરણ સુરક્ષા, જાહેર આરોગ્ય અને શહેરી વિકાસને મજબૂત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. આ અંતર્ગત રાજ્ય સરકારે માર્ચ 2026 સુધીમાં રાજ્યના શહેરોમાં 100% લેગસી વેસ્ટનો નિકાલ કરવાનો મહત્વકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે. રાજ્યના શહેરી વિસ્તારોમાં કુલ 304.09 લાખ મેટ્રિક ટન લેગસી વેસ્ટની ઓળખ કરવામાં આવી છે, જેમાંથી અત્યાર સુધીમાં 281.802 લાખ મેટ્રિક ટન કચરાનો વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, શહેરી સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપનને પ્રાથમિકતા આપતા રૂપિયા 2,756 કરોડથી વધુના ખર્ચે 1823થી વધુ પ્રોજેક્ટ્સ પર કામ કરવામાં આવશે. રાજ્યભરમાં શહેરોના જાહેર સ્થળોએથી ગંદકી અને અસ્વચ્છતા દૂર કરવા માટે 1,533 ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ્સ (GVPs)ની ઓળખ કરીને તેના નિકાલનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ટકાઉ શહેરી આયોજન અને વિકાસને પ્રોત્સાહન આપતી આ દરેક પહેલ વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# ગુજરાતના હાઇવે ઉપર એક વર્ષમાં 5450 કરોડના ટોલ ટેક્સની વસૂલી

## ગુજરાતનું ભરથાણા સૌથી કમાઉ ટોલ પ્લાઝા

**અમદાવાદ**

ગુજરાતનું ભરથાણા દેશનું સૌથી કમાઉ ટોલ પ્લાઝા છે. તેની કમાણી 400 કરોડ રૂપિયાથી પણ વધારે છે. છેલ્લા 5 નાણાકીય વર્ષમાં તેણે સરકારને 2,158.39 કરોડ રૂપિયા કમાવી આપ્યા છે. વર્ષ 2024-25માં ગુજરાતના નેશનલ હાઈવેના ટોલ ફી પ્લાઝામાંથી 5450.20 કરોડ રૂપિયાની આવક થઈ છે. આ સ્થિતિએ ગુજરાતમાં આવેલા નેશલ હાઈવે ટોલ ફી પ્લાઝાથી દરરોજ સરેરાશ 14.93 કરોડ રૂપિયાની આવક થાય છે. વધુ વિગતવાર જોવામાં આવે તો પ્રતિ મિનિટે 1.04 લાખ રૂપિયાની લેવડ-દેવડ નેશનલ હાઈવેમાંથી થઈ રહી છે. ભરથાણા ટોલ પ્લાઝા મુંબઈ-દિલ્હી માર્ગ પર આવેલું છે. આના કારણે અહીંથી પસાર થતા વાહનોની સંખ્યા ઘણી વધારે છે. કાર, જીપ અને વાનથી યાત્રા કરનારાઓ પાસે 155 રૂપિયાનો ટોલ વન-વે સાઈડ માટે લેવાય છે અને ટુ-વે એટલે કે આવવાજવાનો ટોલ 230 રૂપિયા લેવામાં આવે છે. જ્યારે તેનો માસિક પાસે પાંચ હજાર રૂપિયાનો છે. ભરથાણા બાદ બીજા નેબરનું ટોલ પ્લાઝા રાજસ્થાનના શાહજહાંપુરનું છે. તેણે છેલ્લા પાંચ વર્ષમાં સરકારને 1,884.49 કરોડ રૂપિયા કમાવી આપ્યા છે.

# ધારાસભ્યોને લક્ઝુરીયસ ફ્લેટ્સથી સંતોષ નહીં, હવે ભથ્થાં પણ વધશે

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાના 'સભ્યોના ભથ્થા અંગેના નિયમો માટેની સમિતિ'ની એક મહત્વની બેઠક ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મળી હતી, આ બેઠકમાં સભ્યોના વિવિધ ભથ્થાઓ અંગે અગાઉની બેઠકમાં થયેલી ચર્ચાને આગળ વધારવામાં આવી હતી. ખાસ કરીને ધારાસભ્યોને મળતી રેલ્વે અને હવાઈ મુસાફરીની સુવિધાઓ, મતવિસ્તાર ભથ્થું તથા કાર્યાલય ખર્ચના નિયમોમાં સુધારા-વધારા કરવા અંગે ગહન વિચારણા કરવામાં આવી હતી. આ પ્રક્રિયાના ભાગરૂપે સમિતિએ અન્ય રાજ્યોની વિધાનસભાઓમાં સભ્યોને મળતા ભથ્થાં અને સુવિધાઓની તુલનાત્મક વિગતો ચકાસી હતી, જેથી ગુજરાતના જનપ્રતિનિધિઓ માટેના ભથ્થાના નિયમોને વધુ સુસંગત બનાવી શકાય. ગાંધીનગર પાટનગરમાં ધારાસભ્યો માટે નવા નિવાસસ્થાનની જરૂરિયાત હોવાથી સરકારે પાંચ વર્ષ પહેલા એમએલએ ક્વાર્ટર્સ બનાવવાનું આયોજન કર્યું હતું. નવા આવાસ માટે બજેટમાં પણ વિશેષ જોગવાઈ રાખવામાં આવી હતી. શહેરના સેકટર-17માં આવેલા જૂના એમએલએ ક્વાર્ટરને તોડીને 9 માળના 12 ટાવરમાં લક્ઝરિયસ ફ્લેટ બનાવવામાં આવ્યા છે.

# અમદાવાદમાં રાજ્યનું પ્રથમ 'શ્વાન મુક્તિધામ' શરૂ

## પેટ ડોગ્સના અંતિમ સંસ્કાર માટે CNG આધારિત ડોગ ક્રિમેટોરિયમ કાર્યરત

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં સીએનસીડી એબીસી સેન્ટર, જમાલપુર ચાર રસ્તાથી ખોડિયારનગર ચાર રસ્તા રોડ, સુએઝ પંપિંગ સ્ટેશન કેમ્પસ, બહેરામપુરા ખાતે નોર્થ ઈસ્ટ મશીન કરમસદ એજન્સી દ્વારા રૂ.30 લાખના ખર્ચે CNG ગેસ સંચાલિત ડોગ ક્રિમેટોરિયમ (એનિમલ ક્રિમેટર) કાર્યરત કરાયું છે. આ ઉપરાંત, શ્વાનના ખસીકરણ ઓપરેશન દરમિયાન નીકળતા ઓર્ગનના નાશ માટે નાનું ઓર્ગન ક્રિમેટર મશીન છેલ્લા બે વર્ષથી સફળતાપૂર્વક કાર્યરત છે.



આ ગેસ ફાયર્ડ ડોમેસ્ટિક ડોગ ક્રિમેટર એક સમયે ત્રણ ડોગના અંતિમ સંસ્કાર કરવાની ક્ષમતા ધરાવે છે. તેમાં પ્રાઈમરી અને સેકન્ડરી ચેમ્બર હોવાથી દહન પ્રક્રિયા દરમિયાન ચિમનીમાંથી કોઈ દુર્ગંધ બહાર આવતી નથી. મશીનમાં મહત્તમ 850 ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાન સુધી કામગીરી શક્ય છે અને સામાન્ય રીતે $800^{\circ}C$થી $900^{\circ}C$ તાપમાને દહન પ્રક્રિયા થાય છે. બે ડોગના અંતિમ સંસ્કાર માટે આશરે 14 યુનિટ નેચરલ ગેસનો ઉપયોગ થાય છે, જ્યારે એક ડોગ માટે અંદાજે રૂ.700 જેટલો ખર્ચ આવે છે. આ મશીન પર્યાવરણીય માપદંડોને અનુરૂપ, સ્મોક ઓડરલેસ અને કલરલેસ તેમજ એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી છે. મશીનમાં ઓટોમેટ ટ્રોલી સિસ્ટમ દ્વારા મૃત પ્રાણીને અડ્યા વગર પ્લેટફોર્મ સિસ્ટમથી ક્રિમેટર મશીન સુધી લઈ જવાની સુવિધા ઉપલબ્ધ છે.

# અજિત પવારના પ્લેન ક્રેશ મામલે DGCAની 15 જેટલી વિમાન કંપની સામે કડક કાર્યવાહી

## વીએસઆર વેન્ચર્સ સહિતની નોન શેડ્યુઅલ ઓપરેટર્સ માટે સેફ્ટી ઓડિટનો આદેશ

**મુંબઈ**

મહારાષ્ટ્રના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને NCPના દિગ્ગજ નેતા અજિત પવારનું તાજેતરમાં એક વિમાન દુર્ઘટનામાં થયેલ આકસ્મિક નિધને સમગ્ર દેશને હચમચાવી દીધો છે. આ હાઈ-પ્રોફાઈલ દુર્ઘટના બાદ હવે કેન્દ્ર સરકાર અને નાગરિક ઉડ્ડયન નિયામક (DGCA) એક્શન મોડમાં આવ્યા છે. સુરક્ષામાં રહેલી મોટી ખામીઓની આશંકાને પગલે DGCA એ દેશની 15 જેટલી ખાનગી વિમાન કંપનીઓ



વિરુદ્ધ કડક કાર્યવાહી શરૂ કરી છે, જેને ઉડ્ડયન ક્ષેત્રની 'સર્જિકલ સ્ટ્રાઈક' માનવામાં આવી રહી છે.

અજિત પવારના આકસ્મિક નિધન બાદ નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર ચર્ચાઓ જાગી છે. આ ઘટનાને પગલે DGCA એ કડક વલણ અપનાવતા સુરક્ષા માપદંડોમાં કોઈ પણ પ્રકારની બાંધછોડ ન કરવાના હેતુથી વીએસઆર વેન્ચર્સ સહિત કુલ 15 નોન-શેડ્યુલ ઓપરેટર્સ માટે વિશેષ સેફ્ટી ઓડિટના કડક આદેશો જાહેર કર્યા છે. ખાનગી વિમાનોની સુરક્ષાની વાસ્તવિકતા તપાસવા માટે આ ઓડિટ પ્રક્રિયા 4 ફેબ્રુઆરીથી તબક્કાવાર શરૂ કરી દેવામાં આવી છે.

# ઉ. પ્રદેશમાં કૃમિનાશક દવા આપતાં 120 વિદ્યાર્થીઓ હોસ્પિટલમાં દાખલ

**લખનઊ**

ઉત્તર પ્રદેશના ફર્રુખાબાદ અને મૈનપુરી જિલ્લામાં સ્કૂલમાં કૃમિનાશક અભિયાન દરમ્યાન બીમાર પડી ગયેલા લગભગ ૧૨૦ સ્ટુડન્ટ્સને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સ્ટુડન્ટ્સને ગોળીઓ આપ્યા પછી તરત જ માથાનો દુખાવો અને ઊલટી થવાની ફરિયાદ કરી હતી. આ ઘટના રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ દરમ્યાન બની હતી, જે દર વર્ષે ૧૦ ફેબ્રુઆરી અને ૧૦ ઑગસ્ટના રોજ બેથી ૧૯ વર્ષનાં બાળકો માટે મનાવવામાં આવે છે. રાઠોડા મોહદીનપુર ગામની જવાહરલાલ પ્રેમાદેવી શાળામાં આ ઘટના બની



હતી. દવા આપવામાં આવેલા લગભગ ૧૫૦ સ્ટુડન્ટ્સમાંથી ૧૦૦ સ્ટુડન્ટ્સે અસ્વસ્થતાની ફરિયાદ કરી હતી, જેથી વાલીઓ અને શાળાના અધિકારીઓમાં ગભરાટ ફેલાયો હતો. ૩૩ સ્ટુડન્ટ્સને કમલગંજના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યારે ૬૭ અન્ય સ્ટુડન્ટ્સને જિલ્લા મુખ્યાલયની લોહિયા હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# મુંબઈના ભાયખલા રહેણાંક ટાવરમાં લિફ્ટ તૂટી પડતાં પાંચ લોકો ઘાયલ

**મુંબઈ**

આર્થિક રાજધાની મુંબઈના ભાયખલા વિસ્તારમાં બુધવારે રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મધ્ય મુંબઈના ઘોડાપદેવ ક્રોસ લેન નંબર 1 પર સ્થિત 'જય કૃપા ટાવર' નામની 18 માળની રહેણાંક ઈમારતમાં લિફ્ટ તૂટી પડતાં પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમ અને ફાયર બ્રિગેડ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ અકસ્માત રાત્રે આશરે 10:00 વાગ્યાની આસપાસ થયો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે લિફ્ટના કેબલમાં અચાનક ખામી સર્જાઈ હતી અથવા કેબલ તૂટી ગયો હતો, જેના કારણે લિફ્ટ અનિયંત્રિત થઈને ચોથા માળેથી સીધી નીચે ખાબકી હતી.

લિફ્ટમાં સવાર મુસાફરોને બચાવવાની તક મળે તે પહેલા જ લિફ્ટ જમીનદોસ્ત થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતા જ મુંબઈ ફાયર બ્રિગેડ, સ્થાનિક પોલીસ, બેસ્ટના કર્મચારીઓ અને એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા.

# બાંગ્લાદેશની જેમ ભારતને પણ મળશે ઝીરો ટેરિફનો લાભ : વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલ

## ઝીરો ટેરિફથી ભારતીય કાપડની નિકાસ કરતાં ઉદ્યોગોને મોટી રાહત મળી શકશે

**નવી દિલ્હી**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં જ ભારત પરનો ટેરિફ દર 25 ટકાથી ઘટાડી 18 ટકા કરવાની જાહેરાત કરી હતી. ત્યારે હવે અમેરિકન તંત્ર તરફથી વધુ એક રાહત મળવાના અહેવાલ સામે આવ્યા છે. કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે ગુરુવારે કહ્યું છે કે, 'અમેરિકાએ બાંગ્લાદેશના કાપડ ઉદ્યોગને મોટો લાભ આપ્યો છે, તેવી જ રીતે ભારતને પણ લાભ મળશે.' ભારત-અમેરિકા વચ્ચે વેપાર સમજૂતીમાં મહત્ત્વની ભૂમિકા નિભાવનાર ગોયલે સંકેત આપ્યો છે કે, બાંગ્લાદેશની જેમ ભારતીય ટેક્સટાઈલ સેક્ટર માટે અંતિમ સમજૂતી પર હસ્તાક્ષરની પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં ટેરિફ ઝીરો થવાની આશા છે. આનાથી ભારતીય કાપડની નિકાસ કરતાં ઉદ્યોગોને મોટી રાહત મળશે.

અમેરિકાએ બાંગ્લાદેશના ટેક્સટાઈલ સેક્ટરને મોટી રાહત આપ્યા બાદ ભારતીય કાપડ ઉદ્યોગ સામે અનેક પડકારો ઊભા થયા છે. ત્યારે આ નિર્ણયથી ભારતના ઉદ્યોગને મોટી રાહત મળી શકે છે. ગોયલે કહ્યું કે, 'અમેરિકા-બાંગ્લાદેશ વચ્ચે થયેલી સમજૂતી મુજબ, જો તે અમેરિકા પાસેથી કાચો માલ ખરીદે, પછી પ્રોસેસ કરીને કાપડ તૈયાર કરે, ત્યારબાદ તે કપડાની નિકાસ કરશે તો તેના પર કોઈપણ ટૅરિફ લાગુ નહીં પડે.

# 'FIR કરો કે વિશેષાધિકાર હનનનો પ્રસ્તાવ લાવો, ખેડૂતો માટે લડતો રહીશ' : રાહુલ ગાંધી

**નવી દિલ્હી**

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજુ અને ભાજપ સાંસદ નિશિકાંત દુબેને જાહેરમાં પડકાર ફેંક્યો છે. તેમણે કહ્યું છે કે, 'FIR કરો, કેસ કરો કે પછી વિશેષાધિકાર હનનનો પ્રસ્તાવ લાવો, હું ખેડૂતો માટે લડતો રહીશ. .

વાસ્તવમાં રાહુલ ગાંધીએ સંસદમાં ભાષણ આપતી વખતે ટેરિફનો ઉલ્લેખ કરીને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા, ત્યારબાદ કિરણ રિજિજુએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર



રાહુલ વિરુદ્ધ વિશેષાધિકાર હનનનો પ્રસ્તાવ લાવી રહી છે, કારણ કે તેમણે ગૃહને ગેરમાર્ગે દોરી છે અને કોઈપણ આધાર વગર ગંભીર આક્ષેપો કર્યા છે.

બીજીતરફ ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ ગુરુવારે કહ્યું હતું કે, તેમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ 'વિશિષ્ટ પ્રસ્તાવ' માટે એક નોટિસ આપી છે. આ ઉપરાંત તેમણે રાહુલ ગાંધીની લોકસભાની સદસ્યતા રદ કરવાની અને આજીવન ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવાની પણ રજૂઆત કરી છે. રિજિજુ અને દુબેનું નિવેદન સામે આવ્યા બાદ રાહુલ ગાંધીએ ગુરુવારે સાંજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર વળતો જવાબ આપતી પોસ્ટ કરી છે. તેમણે લખ્યું છે કે, કોઈપણ ટ્રેડ ડીલ ખેડૂતોની રોજગારી છિનવશે અથવા દેશની અન્ન સુરક્ષાને નબળો પાડશે તો તે કિસાન વિરોધી છે.

# માલ્યાને હાઇકોર્ટનું છેલ્લું અલ્ટિમેટમ હાજર થશો તો સુનાવણી હાથ ધરાશે

**મુંબઈ**

બોમ્બે હાઈકોર્ટમાં ગુરુવારે ભાગેડુ વિજય માલ્યા વિરુદ્ધની બે અરજીઓ પર સુનાવણી હાથ ધરાઈ હતી. આ દરમિયાન કોર્ટે કડક શબ્દોમાં માલ્યાને ચેતવણી આપવાની સાથે તેના વકીલને પણ અરજી પર સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે.

બોમ્બે હાઈકોર્ટે ભાગેડુ વિજય માલ્યાને મોટો ઝટકો આપતાં આકરા શબ્દોમાં સ્પષ્ટ કહ્યું છે કે, 'જ્યારે વિજય માલ્યા ભારત આવશે ત્યારે જ તેના વિરુદ્ધની અરજીઓ પણ સુનાવણી હાથ ધરાશે. કોઈપણ વ્યક્તિ કાયદાકીય કાર્યવાહીથી બચવાનો પ્રયાસ કરીને ભારતીય કોર્ટ પાસેથી રાહતની આશા ન રાખી શકે.'

સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખરની બેંચે માલ્યાના વકીલને કહ્યું કે, 'તમારે પરત આવવું જ પડશે. જો તમે પરત આવી શકતા નથી, તો અમે આ અરજી પણ સુનાવણી ન કરી શકીએ.' કોર્ટે માલ્યાને ચેતવણી આપી છે કે, તે દેશની બહાર રહીને કાયદાકીય પ્રક્રિયાનો લાભ ન ઉઠાવી શકે. કોર્ટે માલ્યાને 18 ફેબ્રુઆરી સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે અને તેના વકીલને કહ્યું છે કે, તે ભારત પરત આવવા તૈયાર છે કે નહીં.

# ઓમ બિરલાની ચેમ્બરમાં ઘુસી કોંગી સાંસદોએ હોબાળો મચાવ્યો, કિરેન રિજિજુએ આરોપ મૂક્યો

**નવી દિલ્હી**

સંસદના બજેટ સત્રમાં સતત ચાલી રહેલા હોબાળા વચ્ચે બુધવારે કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કોંગ્રેસના સાંસદો પર ગંભીર આરોપ લગાવ્યા છે. સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે, આશરે 20-25 કોંગ્રેસ સાંસદો લોકસભા સ્પીકરના ચેમ્બરમાં ઘુસી ગયા હતા. સ્પીકર સાથે અપશબ્દો (ગાળો) કહ્યા હતા. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે, આ દરમિયાન પ્રિયંકા ગાંધી વાડ્રા અને કે.સી. વેણુગોપાલ સહિત અનેક વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓ પણ ત્યાં હાજર હતા. બુધવારે સંસદ પરિસરમાં પત્રકારોના પ્રશ્નોના જવાબ આપતા રિજિજુએ કહ્યું, "સ્પીકર સાહેબ ખૂબ જ દુઃખી છે. મેં તેમની સાથે વાત કરી છે.

# દિલ્હી લાલ કિલ્લા હુમલાનું પાકિસ્તાન કનેક્શન : UN રિપોર્ટમાં મોટો ખુલાસો

## કુખ્યાત આતંકી સંગઠન 'જૈશ-એ-મોહમ્મદ'નો હાથ હોવાનો દાવો

**નવી દિલ્હી**

ભારત હંમેશાથી કહેતું આવ્યું છે કે પાકિસ્તાન આતંકવાદનું કેન્દ્રબિંદુ છે અને હવે આ વાત પર ફરી એકવાર વિશ્વની સૌથી મોટી સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર એ મહોર મારી છે. દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા નજીક થયેલા આતંકી હુમલાને લઈને યુએન સિક્યુરિટી કાઉન્સિલ ના તાજેતરના અહેવાલે પાકિસ્તાનની પોલ ખોલી નાખી છે. આ રિપોર્ટમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે હુમલા પાછળ પાકિસ્તાન સ્થિત કુખ્યાત આતંકી સંગઠન 'જૈશ-એ-મોહમ્મદ'નો હાથ હતો. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની 1267 સેન્ક્શન્સ કમિટી દ્વારા એક રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ એનાલિટિકલ સપોર્ટ એન્ડ સેન્ક્શન્સ મોનિટરિંગ ટીમ દ્વારા બનાવવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા હુમલામાં સીધી રીતે જૈશ-એ-મોહમ્મદની સંડોવણી સામે આવી છે. એક સભ્ય દેશે આપેલી માહિતી મુજબ, જૈશ-એ-મોહમ્મદે ખુદ આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી.

# અજિત પવારના પ્લેન ક્રેશમાં મુદ્દે ભત્રીજાએ કહ્યું, અકસ્માત નહીં પણ કાવતરુ હોઈ શકે

**પુણે**

મહારાષ્ટ્રના નેતા અજિત પવારના પ્લેન અકસ્માતે હવે નવો વળાંક લીધો છે. તેમના ભત્રીજા રોહિત પવારે દિલ્હી પ્રેસ ક્લબમાં એક પ્રેઝન્ટેશન રજૂ કરીને દાવો કર્યો છે કે આ માત્ર અકસ્માત નથી, પરંતુ એક સુનિયોજિત કાવતરું હોઈ શકે છે. રોહિત પવારે પાયલટના છેલ્લા શબ્દો, પાયલટના ફેરફાર અને ગાયબ દસ્તાવેજો પર અનેક સવાલો ઉઠાવ્યા છે રોહિત પવારે કોકપિટ વોઈસ રેકોર્ડિંગનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, પાયલટના છેલ્લા શબ્દો 'Oh Sh**' હતા, જે કોઈ મોટી ગરબડ તરફ ઈશારો કરે છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે છેલ્લી ઘડીએ મુખ્ય પાયલટ સાહિલ મદાનને બદલીને સુમિત કપૂરને કેમ લાવવામાં આવ્યા?

# EDએ અમીરા પ્યોર ફૂડ્સના ચેરમેન અને ઓલ ટાઈમ ડાયરેક્ટરને ભાગેડુ જાહેર કર્યા

## કંપનીઓની આશરે રૂપિયા 123.85 કરોડની સંપત્તિ જપ્ત કરવાનો પણ આદેશ અપાયો

**નવી દિલ્હી**

રાઉઝ એવન્યુ ડિસ્ટ્રિક્ટ કોર્ટની સ્પેશિયલ પીએમએલએ/એફઈઓએ કોર્ટે 6 ફેબ્રુઆરી, 2026ના રોજના તેના આદેશમાં કરણ એ. ચનાના (અમીરા પ્યોર ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર) અને અનિતા ડાંગને ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કર્યા છે.

કોર્ટે તેમની અને તેમની સાથે સંકળાયેલી કંપનીઓની આશરે રૂપિયા 123.85 કરોડની સંપત્તિ જપ્ત કરવાનો પણ આદેશ આપ્યો છે. આ કાર્યવાહી ભાગેડુ આર્થિક અપરાધી અધિનિયમ 2018 હેઠળ કરવામાં આવી છે. આ નિર્ણય એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના ગુરુગ્રામ ઝોનલ ઓફિસની અરજીના આધારે લેવામાં આવ્યો હતો, જેમાં તેમને ભાગેડુ આર્થિક અપરાધી જાહેર કરવાની માગ કરવામાં આવી હતી. તાજેતરમાં ઈન્ટરપોલે EDની વિનંતી પર કરણ ચનાના વિરુદ્ધ સિલ્વર નોટિસ પણ જાહેર કરી છે, જેથી વિશ્વભરમાં તેમની મિલકતો શોધી શકાય અને તેમને ફ્રીઝ કરી શકાય.

આ કેસ સીબીઆઈ દ્વારા દાખલ કરાયેલી એફઆઈઆરથી શરૂ થયો હતો. એવો આરોપ છે કે અમીરા પ્યોર ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડિરેક્ટર-પ્રમોટરોએ બેન્કો પાસેથી ઉછીના લીધેલા ભંડોળમાં છેતરપિંડી, ડાયવર્ઝન, છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો, જેના કારણે કેનેરા બેન્કના નેતૃત્વ હેઠળના બેન્કોના કન્સોર્ટિયમને આશરે રૂપિયા 1,201.85 કરોડનું નુકસાન થયું હતું.

# રશિયાએ એર ડિફેન્સ સિસ્ટમ S-400 ભારતને મોકલવાની તૈયારી શરૂ કરી

**મોસ્કો**

અમેરિકા બાદ અને મિત્ર દેશ રશિયાએ ભારતને મોટી ભેટ આપી છે. તાજેતરમાં જ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને ટૅરિફમાં મોટી રાહત આપી ટૅરિફ દર 25 ટકાથી ઘટાડી 18 ટકા કર્યો છે. ત્યારે હવે રશિયાએ વિશ્વની સૌથી ભયાનક એર ડિફેન્સ સિસ્ટમ S-400 ભારતને મોકલવાની તૈયારીઓ શરુ કરી દીધી છે. રશિયાએ અત્યાર સુધી પાંચમાંથી ત્રણ સિસ્ટમ મોકલી છે, ત્યારે હવે તેણે બાકીની બે સિસ્ટમ પણ મોકલવાની જાહેરાત કરી છે.

ભારતે રશિયા પાસેથી કુલ પાંચ S-400 સિસ્ટમ ખરીદવા માટેની ડીલ કરેલી છે, જોકે રશિયા હજુ સુધી ભારતને માત્ર ત્રણ સિસ્ટમ મોકલી છે. રશિયન અધિકારીઓએ કહ્યું છે કે, રશિયા દ્વારા મે અથવા જૂનમાં ભારતને S-400ની ચોથી સિસ્ટમ મોકલવામાં આવશે. ત્યારબાદ નવેમ્બર સુધીમાં પાંચમી અને છેલ્લી સિસ્ટમ ભારતીય વાયુસેનાને સોંપી દેવામાં આવશે. ગત વર્ષે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન ભારત આવ્યા હતા અને અહીં તેમણે દિલ્હીમાં ભારત-રશિયા શિખર સંમેલનમાં ભાગ લીધો હતો, જેમાં તેમણે S-400 એર ડિફેન્સ સિસ્ટમ ભારતને આપવાનું આશ્વાસન આપ્યું હતું.

# મોહાલીમાં 16 સ્કૂલો અને મુખ્યમંત્રી ભગવંત માનને ઉડાવી દેવાની ધમકી

**મોહાલી**

મોહાલીમાં સ્કૂલો અને કોલેજોને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી ગઈ કાલે સવારે ૭.૩૦ વાગ્યે મળી હતી. સ્કૂલોને ઈ-મેઇલમાં જણાવાયું હતું કે બપોરે ૧.૧૧ વાગ્યે બૉમ્બવિસ્ફોટ થશે. આ ઈ-મેઇલમાં પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માનને પણ માનવબૉમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. વધુમાં ૧૩ ફેબ્રુઆરીએ બપોરે ૨.૧૧ વાગ્યે નવી દિલ્હીમાં સંસદ સામે પણ બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. સવારે ૮.૫૦ વાગ્યે સ્કૂલો ખૂલે એ પહેલાં જ ધમકીભરી ઈ-મેઇલ મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. આ પછી સ્કૂલો તાત્કાલિક બંધ કરી દેવામાં આવી હતી. ધમકીની જાણ થતાં મોહાલી પોલીસ હાઈ અલર્ટ પર આવી ગઈ હતી અને બૉમ્બ-સ્ક્વૉડ ટીમો સાથે પોલીસો સ્કૂલોમાં પહોંચ્યા હતા. સ્કૂલની આસપાસનો સમગ્ર વિસ્તાર સીલ કરીને સ્કૂલો ખાલી કરાવાઈ હતી અને પોલીસટીમોએ તપાસ કરી હતી. સ્કૂલોમાં શંકાસ્પદ ચીજો મળી નહોતી. આગળ લખ્યું હતું કે હિન્દુ આતંકવાદી નરેન્દ્ર મોદીના આદેશ પર પંજાબના યુવાનોનો નરસંહાર કરાઈ રહ્યો છે.

# રાજસ્થાનમાં મોટી કરુણાંતિકા : લગ્નમાંથી પાછા આવતા 6 મિત્રોના ગમખ્વાર અકસ્માતમાં મોત

## પુરપાટ ઝડપે જતા ચાલકે કાબૂ ગુમાવી દેતા કાર ડિવાડર કુદી ટ્રેલર સાથે અથડાઈ

**જયપુર**

રાજસ્થાનના દૌસામાં ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જયપુર-આગરા નેશનલ હાઈવે પર કૈલાઈ ગામ પાસે મંગળવાર ની રાત્રે લગભગ 11 વાગ્યે પૂરઝડપે જતી કારના ડ્રાઈવરે કાબૂ ગુમાવતા કાર ડિવાડર પાર કરીને સીધી ટ્રેઈલર સાથે અથડાઈ હતી. જેમાં 6 લોકોના મોત થયા છે, મૃતકોની ઓળખ સમયસિંહ રામસિંહ યોગી, લોકેશ



ગોવર્ધન યોગી, દિલખુશ બનવારી યોગી, મનીષ હરિમોહન યોગી, અંકિત લાલારામ બૈરવા અને નવીન તરીકે થઈ છે. દૌસા જિલ્લાના કાલાઓ ગામના રહેવાસી હોવાનું જણાય છે. તમામ લોકો આભાનેરી ગામમાં એક લગ્ન સમારોહમાં ગયા હતા. આમ, લગ્નમાંથી પરત આવતી વખતે અકસ્માત સર્જાયો હતો. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે, કારે અચાનક કાબૂ ગુમાવ્યો અને સીધી ડિવાઈડર કુદીને બીજી લાઈનમાં જતી રહી હતી. અકસ્માતના બનાવની જાણ થતાં સિકંદરા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જેમાં સ્થાનિક લોકોની મદદથી રાહત અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું.

# વિવાદાસ્પદ મસ્જિદ બનાવવા જાહેરાત કરનાર હુમાયૂંની પુત્રીનો પરિવાર ફસાયો, સંપત્તિ જપ્ત

## સતત બે દિવસ પોલીસની કાર્યવાહી, બે દિવસમાં 8 કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવી

**કોલકાતા**

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં બાબરી મસ્જિદના નામે વિવાદાસ્પદ મસ્જિદનું નિર્માણ કરનાર TMCના સસ્પેન્ડ નેતા હુમાયૂં કબીરના જમાઈના પરિવારની 18 કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. ભરતપુરના ધારાસભ્ય હુમાયૂંની પુત્રીના સસરા શરીફુલ ઈસ્લામ પર ડ્રગ્સ તસ્કરીનો આરોપ લાગ્યો છે, જેમાં અગાઉ તેની 10 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી, ત્યારે પોલીસે બે દિવસ સુધી કાર્યવાહી કરીને તેની વધુ સંપત્તિઓ જપ્ત કરી છે. લાલગોલા બસ સ્ટેન્ડ પાસેના વિસ્તારમાં ભારે બંદોબસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો, જેમાં પોલીસે સતત બે કલાક સુધી કાર્યવાહી કરીને શરીફુલની અનેક સંપત્તિઓ જપ્ત કરી છે. આ સંપત્તિઓમાં એક હોટલ અને એક રહેણાંક મકાન સામેલ છે. ત્યારબાદ તેની વિરુદ્ધ આજે પણ કાર્યવાહી કરાઈ છે, જેમાં પોલીસે હુમાયૂંની પુત્રીના સાસરાની સંપત્તિઓ સીલ કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે. કોર્ટે ડ્રગ્સ તસ્કરી સાથે જોડાયેલા એક કેસમાં કાર્યવાહી કરાવવાનો આદેશ આપ્યો હતો, ત્યારબાદ પોલીસે જુદા જુદા વિસ્તારોમાં દરોડા પાડીને શરીફુલની કુલ છ સંપત્તિઓ સીલ કરી છે, જેની અંદાજીત કિંમત 8 કરોડ રૂપિયા હોવાનું સામે આવ્યું છે. પોલીસે બીજા દિવસે શરૂ કરેલી કાર્યવાહીમાં ઈંટના ભઠ્ઠા અને દુકાનો સીલ કરવામાં આવી છે. આમ પોલીસે બે દિવસમાં હુમાયૂંની પુત્રીના સાસરા પક્ષની કુલ 18 કરોડથી વધુની સંપત્તિ પર કાર્યવાહી કરી છે.

# કર્ણાટકમાં કોંગ્રેસમાં ખેંચતાણ? ડીકે શિવકુમારે હાઈકમાન્ડ સાથે બેઠક કરી

**બેંગ્લોર**

કર્ણાટકમાં સત્તા માટે અંદરખાને સમરાંગણ ચાલી રહ્યું છે. CM સિદ્ધારમૈયાના સમર્થકો ઈચ્છી રહ્યા છે તે 5 વર્ષ સુધી મુખ્યમંત્રી પદ પર યથાવત્ રહે. જ્યારે ડીકે શિવકુમારના સમર્થકો તેમણે મુખ્યમંત્રી બનાવવાની તીવ્ર માગ કરી રહ્યા છે. તો બીજી તરફ ત્રીજો મોરચો પણ એક્ટિવ થઈ ગયો છે. આ વચ્ચે હવે ડીકે શિવકુમારે દિલ્હી કોંગ્રેસના હાઈકમાન્ડ સાથે મુલાકાત કરી છે. જે બાદ ફરી અફવાઓનું બજાર ગરમ થઈ ગયું છે. આ પહેલા કર્ણાટક કોંગ્રેસના ધારાસભ્ય ઈકબાલ હુસેને કહ્યું હતું કે, ઓછામાં ઓછા 80 ધારાસભ્યોએ મુખ્યમંત્રીના પદ માટે શિવકુમારનું નામ આગળ ધપાવ્યું છે. ઈકબાલ હુસેને કોંગ્રેસના MLC યતીન્દ્ર સિદ્ધારમૈયાને તેમના પિતા અને મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના પક્ષમાં સતત નિવેદન આપવા માટે ઝાટકણી કાઢી હતી અને તેમણે શિસ્તનું પાલન કરવા પર સૂચન કર્યું હતું. જો કે શિવકુમારે કહ્યું છે કે આ મુલાકાત હાલ ચાલતા રાજનૈતિક મામલાઓ પર ફોકસ કરવા માટે હતી. AICCની બેઠક બાદ શિવકુમારે કહ્યું કે, મને નથી લાગતું કે મારે એ બતાવવાની જરૂર છે કે 10 જનપથની અંદર હું કોને મળ્યો, અમે રસ્તા પર રાજકારણની વાતો કરવા તૈયાર નથી.

# હવેથી જન ગણ મન પહેલા છ છંદોવાળું વંદે માતરમ ગાવા કેન્દ્ર સરકારનો આદેશ

**નવી દિલ્હી**

હવેથી દેશભરમાં રાષ્ટ્રગાન વંદે માતરમ સંપૂર્ણ ગવાશે, એટલુ જ નહીં હવેથી રાષ્ટ્રગીત જન ગણ મન અને રાષ્ટ્રગાન વંદેમાતરમ બન્ને સાથે ગાવાના થાય કે વગાડવામાં આવે તો તેવી સ્થિતિમાં વંદે માતરમને પ્રાથમિકતા આપવાની રહેશે, એટલે કે પહેલા રાષ્ટ્રગાન વંદે માતરમ ગવાશે કે વગાડાશે પછી રાષ્ટ્રગીત જન ગણ મન ગવાશે. વંદે માતરમ રાષ્ટ્રગાનનું અખંડ એટલે કે પૂર્ણ વર્ઝન ત્રણ મિનિટ અને ૧૦ સેકન્ડનું માનવામાં આવે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે એક આદેશ જારી કરીને કહ્યું છે કે રાષ્ટ્રગાન વંદે માતરમના તમામ છ છંદો ગાવા કે વગાડવા ફરજિયાત રહેશે, અધુરુ વંદે માતરમ વગાડવું કે ગાવું નહીં. આ દરમિયાન તમામ નાગરિકોએ વંદે માતરમના સન્માનમાં ઉભા રહેવાનું રહેશે.

# ભારતમાં ઈ-સિગારેટ અને હીટેડ તમાકુ ઉત્પાદનો પર પ્રતિબંધ નહીં હટે : કેન્દ્ર

**નવી દિલ્હી**

ભારત સરકારે ઈ-સિગારેટ પરના પ્રતિબંધને હળવો કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે, જેના પરિણામે 'હીટ-નોટ-બર્ન' તમાકુ ઉત્પાદનો પરનો પ્રતિબંધ યથાવત રહેશે. ભારત સરકારના આ કડક વલણથી તમાકુ કંપની ફિલિપ મોરિસ ઈન્ટરનેશનલના પ્રયાસોને ઝટકો લાગ્યો છે, જે અંતર્ગત તેઓ ભારતમાં આવા ઉપકરણોને મંજૂરી અપાવવા માટે ખાનગી રીતે લોબિંગ કરી રહ્યા હતા. ભારત સરકારે 2019 માં ઈ-સિગારેટ અને હીટેડ તમાકુ ઉત્પાદનો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો હતો. નોંધનીય છે કે, ભારત વિશ્વનું સાતમું સૌથી મોટું સિગારેટ બજાર છે, જ્યાં વાર્ષિક 100 અબજથી વધુ સિગારેટનું વેચાણ થાય છે.

દુનિયાની સૌથી કિંમતી તમાકુ કંપની ફિલિપ મોરિસને આશા હતી કે ભારત તેના હીટેડ તમાકુ ઉપકરણ 'IQOS' માટે એક મોટું બજાર બની શકે છે. કંપનીનો દાવો છે કે આ ઉપકરણ સામાન્ય સિગારેટ કરતા ઓછું નુકસાનકારક છે. જોકે, રોઈટર્સના પ્રશ્નોના જવાબમાં આરોગ્ય મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે "ભારત સરકાર આ પ્રતિબંધને રદ કરવા, સુધારવા કે હળવો કરવા પર કોઈ વિચારણા કરી રહી નથી."

# અમેરિકા સાથે ટ્રેડ ડીલમાં કેન્દ્ર સરકારે ભારત માતાને વેચી દીધા : રાહુલ ગાંધી

**નવી દિલ્હી**

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અમેરિકા સાથેની ટ્રેડ ડીલ અને અદાણીને સમન્સ તેમજ એપસ્ટીન ફાઈલ મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરી હતી. સંસદમાં કેન્દ્રીય બજેટ પર ચર્ચામાં ભાગ લેતી વખતે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે કેન્દ્ર સરકારે અમેરિકા સાથેની ટ્રેડ ડીલમાં ભારત માતાને વેચી નાખ્યા છે. આ ટ્રેડ ડીલ હોલસેલ સરેન્ડર છે, ભારતની એનર્જી સિક્યોરિટીને અમેરિકાને સોંપી દેવામાં આવી છે સાથે જ ભારતના ખેડૂતોના હિતો સાથે બાંધછોડ કરવામાં આવી છે. દબાણ વગર કોઈ પણ વડાપ્રધાન આવી ડીલ માટે સંમત ના થાય. રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કરતા કહ્યું હતું કે મોદીની આંખોમાં ડર દેખાઈ રહ્યો છે.

# ભારતે નામિબિયા સામે ૯૩ રનથી રેકોર્ડબ્રેક જીત મેળવી

## ભારતના સ્પીનર્સે રંગ જમાવ્યો : નામિબીયાના કેપ્ટન ઇરાસ્મસે ભારત સામે કારર્કિદીનું શ્રેષ્ઠ પ્રદર્શન કરતા ચાર વિકેટ ઝડપી

**નવી દિલ્હી**

ઓપનર ઈશાન કિશનના ૨૪ બોલમાં ૬૧ રન અને હાર્ડ હિટર હાર્દિક પંડયાના ૨૮ બોલમાં ૫૨ રન અને બે વિકેટ, સ્પીનર અક્ષર પટેલની બે અને વરુણ ચક્રવતીની ૩ વિકેટ વડે ભારતને નામિબિયા સામે રમાયેલી મેચમાં ૯૩ રનથી જીત મેળવી હતી. આ સાથે ભારતને ટી૨૦ વર્લ્ડકપમાં સૌથી મોટા અંતરથી જીત મેળવવાનો રેકોર્ડ પણ નોંધાવ્યો હતો. ૨૦ ઓવરમાં ભારતે ફટકારેલા ૨૦૯ રનમાં ઈશાન કિશને ૫ છગ્ગા અને ૬ ચોગ્ગા ફટકારી ૬૧ રનની આતિશી ઈનિંગ રમી હતી. નામિબિયાના બોલરોએ શિસ્તબદ્ધ બોલિંગ કરીને છેલ્લી બે ઓવરમાં માત્ર ૧૦ રન આપીને ૫ વિકેટ ઝડપી લીધી હતી. જેના કારણે ભારત ૯ વિકેટ ગુમાવીને ૨૦૯ રન કરી શક્યું હતું. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી નામિબિયાએ સારી શરૂઆત બાદ વરુણ ચક્રવતી સામે ઘૂટણીએ આવ્યું હતું. વરુણે બે ઓવરમાં માત્ર સાત રન આપીને ૩ મહત્વની વિકેટ ઝડપી હતી. નામિબિયાને ૧૧૬ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું.



## ઇશાન ટીર૦માં ફિફ્ટી કરનાર પ્રથમ ભારતીય વિકેટકીપર

નામિબિયા સામે ઈશાન કિશને માત્ર ૨૦ બોલમાં અડધી સદી ફટકારીને ઈતિહાસ રચ્યો છે. ટીર૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં મહેન્દ્રસિંહ ધોની કે ઋષભ પંત જે સિદ્ધિ નથી મેળવી શક્યા, તે ઈશાને કરી બતાવ્યું છે. તે વર્લ્ડ કપમાં ફિફ્ટી નોંધાવનાર ભારતનો સૌપ્રથમ વિકેટકીપર બની ગયો છે. ૨૫૪.૧૬ના વિસ્ફેટક સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરતા ઈશાને ૨૪ બોલમાં ૬૧ રન ઝૂડી કાઢયા હતા.

- શ્રીલંકાએ ઓમાનને ૧૦૫ રનથી કચડી ગ્રુપ મ્માં ટોચનું સ્થાન મેળવી લીધું
- મોસ્કા બ્રધર્સની તાબડતોડ બેટિંગથી ઈટાલીએ નેપાળને ૧૦ વિકેટ હરાવ્યું
- આયર્લેન્ડ સામે ૬૭ રને જીતીને ઓસિ.એ વિજયી શરૂઆત કરી
- વેસ્ટ ઈન્ડિઝની ઘાતક બોલિંગને કારણે ઈંગ્લેન્ડ૩૦ રનથી હાર્યું
- બેસ ડિલીડના ઓલરાઉન્ડર પ્રદર્શનના જોરે નેધરલેન્ડે નામિબિયાને હરાવ્યું
- ટી-૨૦ વર્લ્ડ કપમાં અમેરિકાને ૩૨ રનથી હરાવી પાકિસ્તાનની આગેકૂચ
- સીફર્ટ અને એલેનની ઈનિંગના જોરે ન્યૂઝીલેન્ડે UAEને ૧૦ વિકેટે હરાવ્યું
- બીસીસીઆઈનો નિર્ણય : ટી-20 વર્લ્ડ કપમાં ભારતીય ખેલાડીઓ પોતાના પરિવારને સાથે નહીં લઈ જઈ શકે

## બ્લોકબસ્ટર જંગ: 15 ફેબ્રુઆરીએ ક્રિકેટના બે મહારથીઓ આમને-સામને

**ક્રિકેટ પ્રેમીઓ જેની આતુરતાથી રાહ જોઈ રહ્ય છે તે ક્ષણ હવે આવી ગઈ છે! 15 ફેબ્રુઆરીના રોજ ટી20 વર્લ્ડ કપ 2026નો સૌથી મોટો મુકાબલો ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાવા જઈ રહ્યે છે. આ માત્ર એક રમત નથી, પરંતુ બંને દેશોના કરોડો ચાહકો માટે લાગણીઓનો મહાસંગ્રહ છે.**

## પાક. બોલર તારિકના બોલિંગ એક્શન પર વિવાદ

પાકિસ્તાનનો ઓફ સ્પિનર ઉસ્માન તારિક પોતાની અનોખી ‘સ્ટોપ એન્ડ પોઝ’ ‘સાઈડ-આર્મ એક્શન’ના કારણે ક્રિકેટ જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે. તા રિકે અત્યાર સુધીમાં 42 Tટી20 આંતરરાષ્ટ્રી ય મેચોમાં 11 વિકેટ ઝડપી છે. પ્રોફેશનલ T 20 કરિયરમાં તેણે 42 મેચોમાં 70 વિકેટ ખેરવી છે, જે એક શાનદાર રેકોર્ડ છે. તે કોલંબોના ધીમા પ્રેમદાસા ટ્રેક પર આક્રમક ભારતીય બેટ્સમેન સામે મુખ્ય ભૂમિકા ભજવી શકે છે.

## દ. આફ્રિકા સામે હાર છતાં અફઘાનિસ્તાને રચ્યો ઈતિહાસ

T20 વર્લ્ડકપ-2026માં દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાન વચ્ચે રમાયેલી મેચમાં ઈતિહાસ રચાયો છે. આ હાઈ વોલ્ટેજ મુકાબલામાં બે-બે સુપર ઓવરના ડ્રામા બાદ અફઘાનિસ્તાનની હાર થઈ હતી. પરંતુ આ હાર છતાં અફઘાનિસ્તાને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક અનોખો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. પ્રથમ સુપર ઓવરમાં દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાન બંનેએ 17-17 રન બનાવતા ફરીથી ટાઈ થઈ હતી. ત્યારબાદ બીજી સુપર ઓવર રમાડવામાં આવી, જેમાં દક્ષિણ આફ્રિકાએ 23 રનનો મોટો સ્કોર ઉભો કર્યો હતો. જેના જવાબમાં અફઘાનિસ્તાનની ટીમ માત્ર 19 રન જ બનાવી શકી અને દક્ષિણ આફ્રિકાનો વિજય થયો હતો.

## અમ્પાયરના નિર્ણયનો વિરોધ કરવા મુદ્દે નબીને મેચ ફીના ૫૦% દંડ ફટકારાયો

**દુબઈ**

સાઉથ આફ્રિકા સામેની રોમાંચક મેચમાં હાર બાદ અફઘાનિસ્તાનના અનુભવી ખેલાડી મોહમ્મદ નબીને ICCએ મોટો ઝટકો આપ્યો છે. ડબલ સુપર ઓવર સુધી ખેંચાયેલી આ મેચમાં અમ્પાયરના નિર્ણયનો અનાદર કરવા અને અસંતોષ વ્યક્ત કરવા બદલ નબીને મેચ ફીના ૫૦% રકમનો દંડ ફટકારવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે સુપર ઓવર દરમિયાન અમ્પાયરના એક નિર્ણય સામે નબીએ મેદાન પર જ ઉગ્ર દલીલ કરી હતી.

## પાકિસ્તાનના યુ-ટર્નથી ICCને ૧,૫૭૫ કરોડથી વધુ રકમનું નુકસાન થતું બચ્યું

**નવી દિલ્હી**

ક્રિકેટ જગતમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાતી મેચથી આઈસીસીને સૌથી વધારે કમાણી થાય છે. સમગ્ર ક્રિકેટ જગતના પ્રેમીઓ આ બંને હરીફો વચ્ચેના હાઈવોલ્ટેજ મુકાબલાને જોવા માટેની રાહ જોતા હોય છે પરંતુ છેલ્લી કેટલીક ટૂર્નામેન્ટ્સથી પાકિસ્તાન દરેક વખતે કોઈને કોઈ બહાને નાટક કરતું રહ્યું છે જે કારણે આઈસીસીને નુકસાન થવાનો ખતરો રહે છે. આ વખતે પણ ટી-૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાને ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાની ધમકી આપી હતી, પાકિસ્તાનના કઠપૂતળી વડાપ્રધાને તો જાહેરાત કરી દીધી હતી કે પાકિસ્તાની ટીમ ટી-૨૦ વર્લ્ડ કપ રમશે પરંતુ ભારત સામેની મેચમાં તે નહીં રમે. જોકે, પાકિસ્તાની નાટકનું સોમવારે સમાપન થયુ હતું અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે થુંકીને ચાટતા જાહેરાત કરી હતી કે તે ભારત સામેની મેચ રમશે. આઈસીસીએ આ નિર્ણય બાદ રાહતનો શ્વાસ લીધો હશે કારણ કે તે ૧૪૬૦ કરોડના નુકસાનથી બચ્યું છે. અહેવાલો અનુસાર પાકિસ્તાન સરકારે કોલંબોમાં ૧૫ ફેબ્રુઆરીએ રમાનારી ભારત સામેની મેચના બહિષ્કારનો નિર્ણય રદ કરીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી)ને ૧૭૪ મિલિયન ડૉલરની આવકનું નુકસાન થવાથી બચાવ્યું છે.ભારતીય ચલણ અનુસાર આ રકમ ૧૫,૭૫,૬૯,૬૧,૫૦૦ રૂપિયા થાય છે. સૂત્રોના અનુસાર જો પાકિસ્તાન ના માન્યું હોત તો કુલ નુકસાન લગભગ ૧૭૪ મિલિયન ડૉલરનું થાત જેમાં બ્રોડકાસ્તર, ગેટ મની અને અન્ય સ્પોન્સરશિપ સાથે જોડાયેલું નુકસાન સામેલ છે. ઉલ્લેખનીય છે કે પીસીબી આ પહેલાં પણ ક્ષુલ્લક સ્વાર્થ અને વ્યક્તિગત ફાયદા માટે આ પ્રકારે નાટક કરતુ રહ્યું છે.

| ટોપ થ્રી બેટ્સમેન | | | |
|---|---|---|---|
| ખેલાડી | મેચ | ઇનિંગ | રન |
| ટીમ સેફર્ટ | 2 | 2 | 154 |
| શાહિબઝાદા ફરહાન | 2 | 2 | 120 |
| કુશલ મેન્ડિસ | 2 | 2 | 117 |

| ટોપ થ્રી બોલર | | | |
|---|---|---|---|
| ખેલાડી | મેચ | ઇનિંગ | વિકેટ |
| વાન શાલ્કવિક | 2 | 2 | 8 |
| લુંગી એનગિડી | 2 | 2 | 7 |
| રોમારીયો શેફાર્ડ | 2 | 2 | 6 |

કુલ 4: 473
કુલ 6: 242

| ગ્રુપ-એ | | | | |
|---|---|---|---|---|
| ટીમ | મેચ | જીત | હાર | પોઈન્ટ |
| ભારત | 2 | 2 | 0 | 4 |
| પાકિસ્તાન | 2 | 2 | 0 | 4 |
| નેધરલેન્ડ્સ | 2 | 1 | 1 | 2 |
| યુએસએ | 2 | 0 | 2 | 0 |
| નામિબિયા | 2 | 0 | 2 | 0 |

| ગ્રુપ-બી | | | | |
|---|---|---|---|---|
| ટીમ | મેચ | જીત | હાર | પોઈન્ટ |
| શ્રીલંકા | 2 | 2 | 0 | 4 |
| ઓસ્ટ્રેલિયા | 1 | 1 | 0 | 2 |
| ઝિમ્બાબ્વે | 1 | 1 | 0 | 0 |
| આયર્લેન્ડ | 2 | 0 | 2 | 0 |
| ઓમાન | 2 | 0 | 2 | 0 |

| ગ્રુપ-સી | | | | |
|---|---|---|---|---|
| ટીમ | મેચ | જીત | હાર | પોઈન્ટ |
| વેસ્ટઈન્ડિઝ | 2 | 0 | 2 | 4 |
| સ્કોટલેન્ડ | 2 | 1 | 1 | 2 |
| ઇટાલી | 2 | 1 | 1 | 2 |
| ઈંગ્લેન્ડ | 2 | 1 | 1 | 2 |
| નેપાળ | 2 | 0 | 2 | 0 |

| ગ્રુપ-ડી | | | | |
|---|---|---|---|---|
| ટીમ | મેચ | જીત | હાર | પોઈન્ટ |
| ન્યૂઝીલેન્ડ | 2 | 2 | 0 | 4 |
| દ.આફ્રિકા | 2 | 2 | 0 | 4 |
| અફઘાનિસ્તાન | 2 | 0 | 2 | 0 |
| યુ.એ.ઈ. | 1 | 0 | 1 | 0 |
| કેનેડા | 1 | 0 | 1 | 0 |

## રોજરનો ક્રેઝ : હોલ ઓફ ફેમ સેરેમનીની ૪,૫૦૦ ટિકિટો માત્ર બે મિનિટમાં સેલ

**ન્યુપોર્ટ**

ટેનિસ કોર્ટને અલવિદા કહ્યા બાદ પણ સ્વિસ દિગ્ગજ રોજર ફેડરરની લોકપ્રિયતામાં જરા પણ ઓટ આવી નથી, જેની સાબિતી હાલમાં જ જોવા મળી છે. ઈન્ટરનેશનલ ટેનિસ હોલ ઓફ ફેમમાં ફેડરરના સન્માન સમારોહ માટેની તમામ ટિકિટો ઓનલાઈન મુકાયાની માત્ર બે જ મિનિટમાં વેચાઈ ગઈ હતી. ૨૦ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતનારા પ્રથમ ખેલાડી ફેડરરને આગામી ૨૯ ઓગસ્ટના રોજ સત્તાવાર રીતે હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવશે. આ સમારોહ માટે ચાહકોમાં એટલો ઉત્સાહ હતો કે મર્યાદિત ક્ષમતા હોવા છતાં આયોજકોએ વધારાની વ્યવસ્થા કરવી પડી હતી. મુખ્ય સમારોહ માટે



ઉપલબ્ધ ૯૦૦ ટિકિટો ઉપરાંત, હોલ ઓફ ફેમે તેના ૩,૬૦૦ સીટવાળા સ્ટેડિયમમાં પણ વિશેષ સ્ક્રીનિંગ અને કાર્યક્રમ માટે વ્યવસ્થા કરી હતી. આમ કુલ ૪,૫૦૦ ટિકિટો હોવા છતાં, તે પળવારમાં સોલ્ડ આઉટ થઈ ગઈ હતી. ફેડરરની સાથે આ સમારોહમાં પ્રસિદ્ધ બ્રોડકાસ્ટર અને

## કાશ્મીરી આરિફ ખાન વિન્ટર ઓલિ.માં ભાગ લેશે



મિલાન : ઈટાલીના મિલાનો અને કોર્ટિનામાં હાલમાં ૨૦૨૬ વિન્ટર ઓલિમ્પિક્સની રમઝટ ચાલી રહી છે. વિશ્વભરના એથ્લેટ્સ બરફીલા પહાડો પર પોતાની પ્રતિભા બતાવી રહ્યા છે ત્યારે ભારતની નજરો જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગના વતની અને સ્ટાર આલ્પાઈન સ્કીઅર આરિફ ખાન પર ટકેલી છે. આરિફ ખાન સોમવારે ૧૬ ફેબ્રુઆરીના રોજ મેન્સ સ્લેલોમ ઈવેન્ટમાં ઉતરીને ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

## વન-ડે વર્લ્ડકપ જ સર્વોચ્ચ! રોહિતે 2027માં ભારતને ચેમ્પિયન બનાવવા લીધો સંકલ્પ

**નવીદિલ્હી :**

ટીમ ઈન્ડિયાને T20 વર્લ્ડ કપ 2024 અને ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં વિજય અપાવનાર રોહિત શર્માને વનડે વર્લ્ડ કપ 2023ની ફાઈનલમાં હારવાનું દુ:ખ હજું પણ છે. અમદાવાદમાં ઓસ્ટ્રેલિયાના હાથે મળેલી હારથી તે ટ્રોફી તેના માટે અધૂરા સ્વપ્ન સમાન બની ગઈ છે. હવે



રોહિત ખુલ્લેઆમ કહી રહ્યો છે કે, તેનું આગામી લક્ષ્ય માત્ર રમવાનું નથી, પણ જીતવાનું છે.

રોહિતે 2027માં ભારતને ચેમ્પિયન બનાવવાનો સંકલ્પ લીધો છે. ICCના એક કાર્યક્રમમાં રોહિતે સ્પષ્ટ કરી દીધું છે કે, ‘2027 મારા કરિયરનું મોટું મિશન હશે. હું 50 ઓવરનો વર્લ્ડ કપ જોઈને મોટો થયો છું. તે જ સૌથી મોટો મંચ હતો. મને ખરેખર તે ટ્રોફી જોઈએ છે અને હું તેના માટે સંપૂર્ણ તાકાત લગાવી દઈશ. હું ત્યાં જઈને મારા દેશ માટે વર્લ્ડ કપ જીતવા માંગુ છું.’ રોહિત શર્માનું આ નિવેદન દર્શાવે છે કે તેના માટે આ માત્ર એક ટુર્નામેન્ટ નથી, પરંતુ એક અધૂરી કહાનીનો બીજો અધ્યાય છે.

# અમેરિકામાં ઈલીગલ ગેમિંગ મશીન મુદ્દે 4 ગુજરાતીઓ સામે ફેલોની ચાર્જ લગાવાયો

## કંપનીઓની આશરે રૂપિયા 123.85 કરોડની સંપત્તિ જપ્ત કરવાનો પણ આદેશ અપાયો

**મિસૌરી સ્ટેટ**

મિસૌરી સ્ટેટમાં ઈલીગલ ગેમિંગ મશીન્સ ચલાવવાના મામલામાં ચાર ગુજરાતી બિઝનેસ ઓનર્સ સામે ગેમ્બલિંગને પ્રમોટ કરવાનો ફેલોની ચાર્જ લગાવવામાં આવ્યો છે. ડંકલિન કાઉન્ટી પ્રોસેક્યુટર એટર્ની નિકોલસ જૈન દ્વારા જે ચાર ગુજરાતીઓને આરોપી બનાવાયા છે તેમાં જનક કિકાણી, પ્રણવ કોશિયા, પ્રેરક પટેલ અને સંદીપ પટેલનો સમાવેશ થાય છે. મિસૌરી એટર્ની જનરલ ઓફિસના જણાવ્યા અનુસાર કાઉન્ટીના કેનેટ અને મોલ્ડનમાં આવેલા કુલ પાંચ બિઝનેસિસ પર પણ કેસ ફાઈલ કર્યો છે, આ તમામ સ્ટોર્સમાં વિડીયો લોટરી ટર્મિનલ્સ ઉફરાંત ફિશિંગ ટેબલ ગેમ્સ ચાલતી હતી. આ ગેમ્સ રમવા માટે યુઝર્સ મશીનમાં કેશ ઈન્સર્ટ કરતા હતા અને ગેમ રમી લીધા બાદ તેમને એક પ્રિન્ટેડ ટિકિટ મળતી હતી, જે યુઝર પૈસા જીતે તેને ટિકિટ પ્રમાણે સ્ટોરવાળા દ્વારા કેશ ચૂકવવામાં આવતા હતા. જે સ્ટોર્સમાંથી ગેમિંગ મશીન્સ પકડાયા છે તેમના પર ફાઈલ કરાયેલા લૉસ્યૂટ્સમાં સિવિલ પેનલ્ટી અને ગેમ્બલિંગને કાયમ માટે બંધ કરી દેવાની માગ કરાઈ છે. મિસૌરીના કાયદા પ્રમાણે ગેમ્બલિંગને પ્રોત્સાહન આપવું ક્લાસ ઈ ફેલોનીની કેટેગરીમાં આવે છે જેમાં ગુનો સાબિત થવા પર વધુમાં વધુ ચાર વર્ષ સુધીની જેલની સજા અને દસ હજાર ડોલરનો દંડ થઈ શકે છે. આરોપી કેટલા ગેમિંગ મશીન્સ ચલાવતો હતો, ઘટનામાં મુદ્દાને ધ્યાનમાં લઈને કોર્ટ સજા સંભળાવતી હોય છે.

# ઈજિપ્તના દરિયામાંથી 1600 વર્ષ જૂનું એલેક્ઝાન્ડ્રિયા લાઇટહાઉસ મળી આવ્યું

**કૈરો**

ઈજિપ્તના ઈસ્ટર્ન હાર્બરમાં પુરાતત્વવિદોએ અદભૂત શોધ કરી છે. તેમને પ્રાચીન વિશ્વની 7 અજાયબીઓમાંના એક ગણાતા એલેક્ઝાન્ડ્રિયાના પ્રખ્યાત લાઈટ હાઉસના વિશાળ પથ્થરો ૧૬૦૦ વર્ષ પછી મળી આવ્યા છે. આ શોધથી હેલેનિસ્ટિક યુગની અદભૂત ઈમારતો, ઈજનેરી અને ઈતિહાસ વિશે મહત્ત્વપૂર્ણ માહિતી મળશે.

જે લાઈટહાઉસ મળી આવ્યું છે તેનું નિર્માણ એલેક્ઝાન્ડર ધ ગ્રેટ દ્વારા શહેરની સ્થાપ્ના બાદ કરાવવામાં આવ્યું હતું. સદીઓ સુધી આ લાઈટહાઉસ એલેક્ઝાન્ડ્રિયાના વ્યસ્ત બંદરમાં જહાજોને સુરક્ષિત રીતે માર્ગદર્શન આપતું હતું. તેની ઊંચાઈ આશરે ૧૪૦ મીટર હતી. તે વિશ્વની સૌથી ઊંચી પ્રાચીન ઈમારત હતી. આ લાઈટહાઉસ વારંવાર આવેલા ભૂકંપો બાદ તૂટી પડયું હતું. પુરાતત્વવિદોને મળેલા અવશેષોમાં વિશાળ ગ્રેનાઈટ અને લાઈમસ્ટોન પથ્થરોનો સમાવેશ થાય છે. કેટલાક પથ્થરોનું વજન ૭૭૦૦૦ કિગ્રા છે. તેમાં, મુખ્ય પ્રવેશદ્વારના ભાગો પણ સામેલ છે. જે લાઈટહાઉસની રચનાને સમજવામાં મદદ કરશે. પુરાતત્વવિદો દ્વારા ફોટોગ્રામેટ્રી ટેકનીકથી તેમને સ્કેન કરવામાં આવ્યા છે.

# થાઇલેન્ડમાં ડે કેરમાં અંધાધૂંધ ફાયરિંગ ત્રણ ઈજાગ્રસ્ત, એક આરોપીની ધરપકડ

**બેંગકોક**

થાઈલેન્ડમાં દક્ષિણ થાઈલેન્ડના હાટ યાઈમાં એક 18 વર્ષીય વ્યક્તિએ શાળામાં ગોળીબાર કર્યો છે, સોંગખલા પ્રાંતની એક શાળામાં 18 વર્ષીય બંદૂકધારી યુવક શાળામાં બંદૂક લઈને પહોંચ્યો હતો. જ્યાં તેને બહેનને સજા આપનાર શિક્ષકને શોધવા એમ-4 ગનથી ફાયરિંગ કર્યું હતું. જેમાં ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા અને એક મહિલા કર્મચારીને બંધક બનાવી લીધી હતી.

દક્ષિણ થાઈલેન્ડના સોંગખલા પ્રાંતમાં બુધવારે એક બંદૂકધારીએ એક શાળામાં ગોળીબાર કર્યો હતો, જેમાં એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ત્રણ લોકો ઘાયલ થયા છે. અન્ય એક અધિકારીએ રોઈટર્સ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે બંદૂકધારીની અટકાયત કરવામાં આવી છે અને તેણે જે બંધકોને રાખ્યા હતા તે બધાને મુક્ત કરવામાં આવ્યા છે. પ્રાંતીય વહીવટીતંત્રે અગાઉ સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે 18 વર્ષનો એક વ્યક્તિ હાટ યાઈ શહેરની પટોંગપ્રથંકીરીવાટ શાળામાં ઘૂસી ગયો હતો અને ઘણા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને બંધક બનાવ્યા હતા.

# ભારત ચિલી સાથે કરી શકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ લિથિયમ અને ખનીજોનો ભંડાર મળશે સસ્તો

## ડિજિટલ સેવાઓ, રોકાણ અને લઘુ-મધ્યમ ઉદ્યોગોને આવરી લેવાશે : પીયૂષ ગોયલ

**વોશિંગ્ટન**

દક્ષિણ અમેરિકાના એક નાનકડા દેશ ચિલી સાથે ભારત ટૂંક સમયમાં એક મોટી ટ્રેડ ડીલ કરવા જઈ રહ્યું છે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) ભારત માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે તેમ છે, કારણ કે આ કરારથી ભારતને અત્યંત કિંમતી લિથિયમ અને અન્ય ખનિજોનો ભંડાર સસ્તા દરે મળી રહેશે.

વૈશ્વિક રાજકારણમાં અત્યારે રેર અર્થ મિનરલ્સ (દુર્લભ ખનિજો) એક વ્યૂહાત્મક હથિયાર બની ગયા છે. ચિલી પાસે દુનિયાનો સૌથી મોટો લિથિયમનો ભંડાર છે, જેનો ઉપયોગ ઈલેક્ટ્રિક વ્હીકલ (EV), મોબાઈલ ફોન અને લેપટોપની બેટરી બનાવવામાં થાય છે. આ કરાર બાદ ભારતને લિથિયમ, તાંબુ, કોબાલ્ટ અને મોલિબ્ડેનમ જેવા ખનિજો ઓછી કિંમતે મળશે, જેનાથી ભારતનું મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર મજબૂત થશે અને ચીન જેવા દેશો પરની નિર્ભરતા ઓછી થશે.

પીયૂષ ગોયલના જણાવ્યા અનુસાર, ભારત અને ચિલી વચ્ચેની વાતચીત હવે અંતિમ તબક્કામાં છે. આ કરાર માત્ર વસ્તુઓના વેપાર પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેમાં ડિજિટલ સેવાઓ, રોકાણ અને લઘુ-મધ્યમ ઉદ્યોગો વચ્ચેના સહયોગને પણ આવરી લેવામાં આવશે. ભારત હવે ઉર્જાના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે ચિલી સાથેનો આ કરાર ભવિષ્યની આર્થિક અને ટેકનિકલ જરૂરિયાતો પૂરી કરવામાં પાયાનો પથ્થર સાબિત થશે.

# અમેરિકાએ ઈરાનને ઘેરી લીધું, ગમે ત્યારે યુદ્ધ ભડકવાની શંકા! સેટેલાઈટ તસવીરોમાં દાવો

## અમેરિકાએ લશ્કરી ઠેકાણા પર વિમાનો, ડિફેન્સ સિસ્ટમ, મિસાઈલ તૈનાત કરાઈ

**વોશિગ્ટન**

અમેરિકાએ ઈરાન પર હુમલો કરવાની તૈયારી આદરી દીધી લાગે છે. આ વાતની સાક્ષી બીજું કોઈ નહી પણ સેટેલાઈટ તસ્વીરો પૂરે છે. સેટેલાઈટ તસ્વીરોએ દર્શાવ્યું છે કે અમેરિકાએ તેના દરેક લશ્કરી થાણાઓ પર વિમાનોથી લઈને ડિફેન્સ સિસ્ટમ્સ, મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ્સના પ્રમાણનોંધપાત્ર વધારો કર્યો છે. આવું કોઈ દેશ ત્યારે જ કરે જ્યારે તે કોઈના પર હુમલો કરવા માટેની તૈયારી કરતો હોય.

સેટેલાઈટ તસ્વીરોએ જણાવ્યું છે કે અમેરિકા મધ્યપૂર્વમાં તેની લશ્કરી ગોઠવણી વધારી રહ્યું છે. અમેરિકાએ કતારના અલ ઉદેદ, જોર્ડનના મુવાફક સાલ્ટી અને સાઉદી અરેબિયાના



પ્રિન્સ સુલ્તાન બેઝ પર ફાઈટર જેટ્સ, ટ્રાન્સપોર્ટ વિમાન અને પેટ્રિયટ સિસ્ટમ વધારી છે. આ જોતાં ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર હુમલાની તૈયારી દેખાઈ રહી છે. આ બતાવે છે કે મધ્યપૂર્વમાં તનાવ ચરમસીમાએ છે.

# તાનાશાહની લાડલી બનશે બોસ, કિમ જોંગ ઉને 13 વર્ષની પુત્રીને બનાવી ઉત્તરાધિકારી

**સિઓલ**

ઉત્તર કોરિયાના તાનાશાહ અને સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉને પોતાના ઉત્તરાધિકારીના નામની જાહેરાત કરી છે. ઉત્તર કોરિયાની નેશનલ ઈન્ટેલિજન્સ સર્વિસે(NIS) કહ્યું છે કે, સર્વોચ્ચ નેતાએ પોતાની લગભગ 13 વર્ષની પુત્રી 'કિમ જૂ-એ'ને પોતાના ઉત્તરાધિકારી બનાવવાની જાહેરાત કરી છે. છેલ્લા ઘણા સમયથી કિમ જૂ-એ પિતા સાથે અનેક મોટા કાર્યક્રમોમાં જોવા મળી છે. કિમ જોંગ ઉન તાજેતરમાં જ ચીનના બેઈજિંગની મુલાકાતે ગયા હતા, ત્યારે તેમની સાથે પુત્રી જૂ પણ જોવા મળી હતી. NISએ અનેક ઉદાહરણોનો ઉલ્લેખ કરીને કહ્યું છે કે, દેશમાં મિસાઈલ પરીક્ષણ અને સૈન્ય પરેડ સહિતના સત્તાવાર કાર્યક્રમોમાં કિમ જૂની સતત હાજરી વધી છે. ઉત્તર કોરિયામાં ઉત્તરાધિકારી તરીકે મહિલાની પસંદગીથી ઈતિહાસ રચાયો છે. કારણ કે અત્યાર સુધીમાં માત્ર પુરુષની જ પસંદગી થતી હતી. દર પાંચ વર્ષની જેમ આ મહિનાના અંતે નોર્થ કોરિયાના પાર્ટી કોંગ્રેસનો સૌથી મોટો રાજકીય કાર્યક્રમ યોજાવાનો છે, જેના કિમ જૂ ભાગ લેશે કે નહીં, તેના પર સૌની નજર છે. મીડિયા રિપોર્ટ મુજબ, કિમ જૂ-એનો જન્મ 2010માં થયો છે. ઉત્તર કોરિયાએ સત્તાવાર રીતે

# તુર્કીમાં સાંસદો વચ્ચે છૂટ્ટા હાથથી મારામારી : સંસદ જંગનું મેદાન બની

## અકીનગુરૂલેકને ન્યાયમંત્રી પદના શપથ લેતા બબાલ

**અંકારા**

તુર્કીની સંસદમાં બુધવાર તા. ૧૧મીની રાત્રિ 'કાળ રાત્રિ' બની ગઈ. કેબિનેટમાં ફેરફાર કરતા ચીફ પ્રોસીક્યુટર અકીનગુરલેકને ન્યાયમંત્રી પદના શપથ લેતાં વિપક્ષી સાંસદો ભડક્યા, મારામારી શરૂ થઈ મીડીયા પર આ મારામારી વાયરલ થઈ રહી છે જેમાં સાંસદો એક બીજાને ઘૂસા અને પાટુ મારતા જોવા મળે છે. આ હિંસામાં એક-બે નહિ ડઝનબંધ સાંસદો મારામારી કરતા જોવા મળ્યા હતા.

વિપક્ષી સાંસદોએ ચીફ પ્રોસીક્યુટર અકીન ગુરૂલેકને સંસદમાં ન્યાયમંત્રી પદના શપથ લેતા એટલા માટે રોક્યા હતા કે તેમણે ઈસ્તંબુલના ચીફ પ્રોસીક્યુટર તરીકે મુખ્ય વિપક્ષ રિપબ્લીકન પીપલ્સ પાર્ટીના કેટલાય સભ્યો વિરૂદ્ધ ચાલેલી હાઈ પ્રોફાઈલ ટ્રાયલની અધ્યક્ષતા કરી હતી તે ટ્રાયલ તુર્કીમાં વિપક્ષની કાર્યવાહીને, રાજકારણ પ્રેરિત દર્શાવી હતીતેવામાં અકીન ગુરૂલેક ન્યાયમંત્રી તરીકે શપથ લે તે વિપક્ષો ચલાવી લે તેમ ન હતા.

# અમેરિકામાં અકસ્માતમાં ભારતીય વિદ્યાર્થિનીનું મોત, પરિવારને મળશે રૂ. 262 કરોડની સહાય

**સિએટલ**

અમેરિકાના સિએટલમાં પોલીસ જીપ દ્વારા ટક્કર મારનાર ભારતીય વિદ્યાર્થી જાહ્નવી કંડુલાના પરિવારને વહીવટીતંત્રે મોટું વળતર આપવાની જાહેરાત કરી છે. સિએટલ વહીવટીતંત્રના અધિકારીઓ જાહ્નવી કંડુલાના પરિવાર દ્વારા દાખલ કરાયેલા મુકદ્દમાના સમાધાન માટે 29 મિલિયન ડૉલર (રૂ.262 કરોડ) ચૂકવવા સંમત થયા છે. ભારતની 23 વર્ષીય ગ્રેજ્યુએટ વિદ્યાર્થી જાહ્નવી કંડુલાના જાન્યુઆરી 2023 માં પોલીસ અધિકારીની ઝડપી કાર દ્વારા ટક્કર મારવાથી મૃત્યુ થયું હતું.

સમાધાનની જાહેરાત કરતા, વકીલ એરિકા ઈવાન્સે કહ્યું કે કંડુલાનું મૃત્યુ હૃદયદ્રાવક હતું. તેના પરિવાર અને મિત્રોને થયેલું નુકસાન ભરપાઈ ન થઈ શકે તેવું છે, પરંતુ નાણાકીય સમાધાન તેના પરિવારને થોડું સાંત્વના આપશે. કંડુલા નોર્થઈસ્ટર્ન યુનિવર્સિટીના સિએટલ કેમ્પસમાં ઈન્ફર્મેશન સિસ્ટમ્સમાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરી રહી હતી. તેના મૃત્યુથી ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સમાં આક્રોશ ફેલાયો હતો. ફેબ્રુઆરી 2024 માં, ફરિયાદીની ઓફિસે ડેવ સામે ગુનાહિત આરોપો દાખલ કરવાનો ઈનકાર કર્યો હતો, કારણ કે વાજબી શંકાથી આગળ ગુનાહિત વર્તણૂક સાબિત કરવા માટે પૂરતા પુરાવા નથી. બાદમાં તેના પર સેકન્ડ-ડિગ્રી બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તેને 5,000 ડૉલરનો દંડ ફટકારવામાં આવ્યો હતો અને પોલીસ વિભાગમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. હવે કેસનો ઉકેલ આવી ગયો છે.

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Universal City Tower 2 Condo Suite! Conveniently located near Pickering Town Center, GO Station & Highway 401. Spacious And Functional Open Concept 1 Bedroom + 1 Den With 2 Washrooms (660sqft Unit + 171sqft Oversized Balcony). Kitchen With Quartz Counters And Stainless Steel Appliances. Walk Out To Oversize Balcony. Laminate Floors Throughout. Amenities Includes: 24 Hour Concierge, Lounge, Yoga Room, Fitness Room, Billiard Room, Outdoor Pool and more. Close To Pickering Casino Resort & Frenchman's Bay!




Welcome to this stunning 3-bedroom Coughlan-built home where comfort meets convenience! Perfectly located just minutes to Hwy 407 and even closer to the 401, you'll enjoy endless options for dining, shopping, and entertainment. Offering 1,741 sq. ft. of stylish living space, this home features soaring 9 ft ceilings, a large walk-in pantry, and a powder room just off the kitchen. The spacious great room is complete with pot lights, hardwood flooring, and California shutters, flowing seamlessly into the dining room and kitchen. The modern kitchen boasts a large island and direct access to a private balcony-ideal for relaxing or hosting evening barbecues. Upstairs, the primary suite offers a spa-like 4-piece ensuite with soaker tub and stand-up shower. Two additional bedrooms, all with hardwood floors, large closets, and California shutters, share another full bathroom, plus a convenient upstairs laundry. The ground level includes garage access, two closets, and a separate entrance to a versatile 4th bedroom. Beautifully maintained and move-in ready-just unpack and enjoy!




Welcome to 25 Seward Crescent, a beautiful detached home located in the highly sought-after Northeast Ajax community. Offering approximately 2,700 sq ft of bright, open-concept living space, this home is filled with natural light thanks to its abundance of windows throughout.It features 4 spacious bedrooms and 3 washrooms, with the convenience of upper-level laundry-a layout families truly love. Ideally situated just a 1-minute walk to a public school and 1-minute walk to public transit, this home combines comfort, space, and unbeatable everyday convenience in a family-friendly neighbourhood.



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676




Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

SHARP TRAVEL
Your Travel Planner

## CHARDHAM YATRA



**12 DAYS / 11 NIGHTS**
Only Last 22 Spots Available

- Pickup from Delhi Airport
- Breakfast & Dinner included
- Stay in 3 & 4 Star hotels

Departure dates
22nd May | 18th Sep

## PORTUGAL & SPAIN TOUR



**8 DAYS / 7 NIGHTS**
Only Few Spots Available

- Spain Airport : Lisbon Airport Pickup
- Breakfast & Dinner Included
- Stay in 3 & 4 Star Hotels

Departure dates
07 th Aug | 28 th Aug

Exclusive : 7 Dinner in an Indian Restaurant

+1-905-230-7855
+1-647-712-6432
www.sharptravel.ca

tico.ca Travel Industry Council of Ontario

Unit 94, 499 Main St. S; Brampton Ontario L6Y1N7

## હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

### Chapel Ridge
Funeral Home & Cremation Centre

*in partnership with*

### North Toronto
Crematorium Inc.




Vilo
Licensed Funeral Director
(416) 993-0826


Harjinder
Licensed Funeral Director
(647) 966-0093


Christeen
Licensed Funeral Director
(416) 258-6759


Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182

**Complete Funeral Package Pricing $4395.00** *Includes HST*
GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga



Everything in one Place!



2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
**905-305-8508**

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
**289-578-1288**